આજનો સુવિચાર

કુદરત બધાને હિરા જ બનાવે છે, પણ જે ઘસાય છે તે જ ચમકે છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક


જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૨૪૯ જૂનાગઢ તા.૦૭-૧૦-૨૦૨૩ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 249, Junagadh : Date : 07 October, 2023, Saturday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay

# વડાપ્રધાન મોદી અને અમદાવાદ સ્થિત સ્ટેડીયમને બોંબથી ફુંકી મારવાની ધમકી

## યુરોપથી મળેલા ધમકીભર્યા ઈ-મેઈલમાં રૂા. ૫૦૦ કરોડ ચુકવવા અને ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈને છોડી મુકવાની માંગણી કરાઈ



મુંબઈ તા.૭ : વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા અમદાવાદ સ્થિત નરેન્દ્ર મોદીને બોંબથી ઉડાવી દેવાની ધમકી મળતા ખળભળાટ મચી ગયો છે અને તમામ સુરક્ષા એજન્સીઓને એલર્ટ કરવામાં આવી છે. ધમકી આપનાર વ્યક્તિ દ્વારા ભારત સરકાર પાસેથી ૫૦૦ કરોડ રૂપિયાની માંગ કરવામાં આવી છે. ઉપરાંત જેલમાં કેદ કુખ્યાત ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈને છોડી મુકવાની માંગણી મુકવામાં આવી છે. સુરક્ષા એજન્સીઓના સૂત્રોએ કહ્યું કે નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી (એનઆઈએ)ને જ આ ધમકીભર્યો ઈ-મેઈલ મોકલવામાં આવ્યો હતો અને તેના દ્વારા અન્ય સુરક્ષા એજન્સીઓને તે પાઠવીને સુરક્ષા એલર્ટ આપવામાં આવ્યું છે. પ્રાથમીક તપાસમાં આ ઈમેઈલ યુરોપથી મોકલવામાં આવ્યાનું માલુમ પડયુ છે. ભારતમાં ક્રિકેટ વર્લ્ડકપના મેચો ચાલુ થઈ ગયા છે. ધમકીભર્યા ઈ-મેઈલમાં એવી પણ ચેતવણી આપવામાં આવી છે કે ત્રાસવાદી જૂથોએ ષડયંત્રને અંજામ આપવા માટે અગાઉથી જ પોતાના સાગ્રીતોને ગોઠવી દીધા છે. પોલીસના સૂત્રોએ કહ્યું કે ધમકી સાચી હોય કે ખોટી, તેને ગંભીરતાથી લઈને તમામ વર્લ્ડકપ મેચોની સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરાશે અને જરૂર પડયે સુરક્ષા વધારાશે. ધમકીભર્યા ઈ-મેઈલમાં એમ કહેવાયુ છે કે ભારત સરકાર ૫૦૦ કરોડ રૂપિયા ન આપે અને લોરેન્સ બિશ્નોઈને મુક્ત નહીં કરે તો વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા અમદાવાદનુ નરેન્દ્ર મોદી સ્ટેડીયમ બોંબથી ઉડાવી દેવાશે. ભારતમાં પૈસાથી દરેક વસ્તુ વેચાઈ છે અને ષડયંત્ર પાર પાડવા પૈસાથી જરૂરી વસ્તુ ખરીદી લીધી છે.

## એશિયાડમાં ભારતે મેડલની સેન્ચુરી મારી ઈતિહાસ સર્જયો

હાંગઝોઉ તા.૭ : આર્થિક વિકાસથી માંડીને ટેકનોલોજી સહિતના તમામ મોરચે ભારતનો ડંકો વાગી જ રહ્યો છે અને હવે રમત ગમતમાં પણ ભારત ઈતિહાસ રચવા લાગ્યું છે. એશીયન ગેમ્સમાં ભારતે પ્રથમ વખત મેડલની સદી ફટકારી છે. ૭૨ વર્ષનાં ઈતિહાસમાં પ્રથમ વખત ૧૦૦થી વધુ મેડલો જીતીને સર્વોચ્ચ પ્રદર્શન કર્યું છે. ચીનમાં રમાઈ રહેલી એશીયન ગેમ્સનાં આજે ૧૪મા દિવસે ભારતે ૧૦૦માં મેડલનું સીમાચીન્હ હાંસલ કરી લીધુ હતું. ભારતીય મહિલા કબડ્ડી ટીમે રોમાંચક મુકાબલામાં ગોલ્ડ મેડલ જીત્યો હતો.

ચીનની ટીમને ફાઈનલમાં પરાસ્ત કરી હતી. આ સાથે ગોલ્ડ મેડલની સંખ્યા ૨૫ પર પહોંચી ગઈ હતી. કબડ્ડી ઉપરાંત કમ્પાઉન્ડ તિરંદાજીમાં પણ ભારતીય ખેલાડીઓએ કમાલનું પ્રદર્શન કર્યું હતું. પ્રવિણે ગોલ્ડ મેડલ તથા અભિષેકે સિલ્વર મેડલ જીત્યો હતો. ફાઈનલમાં બન્ને ભારતીય ખેલાડીઓ જ હતા.

## સિક્કિમમાં વધુ એક તળાવ તુટી પડવાની અણી પર લોકોને સલામત સ્થળે ખસેડવાની કાર્યવાહી શરૂ

### ૩ ઓકટોબરે વાદળ ફાટવાની ઘટનામાં અત્યાર સુધી ૨૬નાં મોત : ૧૨૦૦ ઘર તણાયા

ગંગટોક તા.૭

સિક્કિમમાં વધુ એક તળાવ તૂટવાની અણી પર છે. રાજધાની ગંગટોકથી ૧૩૫ કિમી દૂર આવેલા લાચેન ખીણના શાકો ચુ તળાવના ખુબ જ ખરાબ હાલ થઈ ગયા છે. આને ગ્લેશિયલ લેક ફાટી નીકળેલા પૂર પહેલાનું સ્ટેજ કહી શકાય. જિલ્લા પ્રશાસને ઈમરજન્સી એલર્ટ જારી કરીને સંબંધિત વિસ્તારોમાંથી નાગરિકોને સલામત સ્થળે ખસેડવાનું શરૂ કર્યું છે. અગાઉ, ૩ ઓક્ટોબરે વાદળ ફાટ્યા બાદ તિસ્તા નદીમાં આવેલા પૂરે હજુ પણ રાજ્યમાં તબાહી મચાવી છે. ચાર જિલ્લા - મંગન, ગંગટોક, પાક્યોંગ અને નામચી- પૂરને કારણે સૌથી વધુ નુકસાન થયું છે. ન્યૂઝ એજન્સી પીટીઆઈના અહેવાલ મુજબ, આ પૂરથી ૨૫,૦૦૦ લોકો પ્રભાવિત થયા છે. ૧૨૦૦ ઘરો તણાઈ ગયા છે. ૭ હજાર લોકો વિવિધ વિસ્તારોમાં ફસાયેલા છે. અત્યાર સુધીમાં ૨૪૧૩ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. રાજ્યભરમાં સ્થાપિત ૨૨ રાહત શિબિરોમાં ૬૮૭૫ લોકો રહે છે. તેમજ, શુક્રવારે મોડી રાત્રી સુધી આ દુર્ઘટનામાં જીવ ગુમાવનારા લોકોની સંખ્યા વધીને ૨૬ થઈ ગઈ છે. બચાવ કાર્ય સતત ચાલુ છે. મુખ્યમંત્રી પીએસ તમાંગે કહ્યું કે બુરદાંગ વિસ્તારમાંથી લાપતા થયેલા ૨૩ સેનાના જવાનોમાંથી ૭ના મૃતદેહ નદીના નીચેના વિસ્તારોમાંથી મળી આવ્યા છે. ગુમ થયેલા સૈનિકોમાંથી એકને બચાવી લેવામાં આવ્યો હતો. ૧૫ સૈનિકો સહિત કુલ ૧૪૩ લોકો હજુ પણ ગુમ છે.

## કોંગ્રેસ - ભાજપ વચ્ચે પોસ્ટર યુધ્ધ : રાહુલને રાવણ અને મોદીને અદાણીની કઠપુતળી ગણાવ્યા

નવી દિલ્હી, તા.૭: ભારતનું રાજકારણ હવે સર્વકાલીન નિમ્ન સ્તરે પહોંચી ગયું છે. ૨૦૨૪ની ચૂંટણી ભાજપ કોંગ્રેસ માટે જીવ સટોસટની બની રહેવાનાં સંકેતો છે. એક સત્તા ટકાવવા મથે છે. બીજો પક્ષ તેને પછાડી ફરી સત્તારૂઢ થવા મથે છે.

ચૂંટણી યુદ્ધ સમાન બની રહી છે. એવરીથિંગ ઈઝ ફેર ઈન લવ એન્ડ વૉરની જેમ તમામ નીતિ નિયમો કોરાણે મુકાઈ ગયા છે.

બંને પક્ષો વચ્ચે પોસ્ટર વૉર શરૂ થઈ ગઈ છે. ભાજપે સોશ્યલ મીડીયાઉપર રાહુલ ગાંધીનું એક પોસ્ટર પોસ્ટ કરવામાં આવ્યું છે. તેમાં તેઓને રાવણ જેવા દસ મસ્તક વાળા દર્શાવવામાં આવ્યા છે. તેના જવાબમાં કોંગ્રેસનાં એક પોસ્ટરમાં વડા પ્રધાન મોદીને અદાણીની એક કઠપૂતળી સમાન દર્શાવવામાં આવ્યા છે.

બંને પક્ષો વચ્ચે વાસ્તવમાં તો બુધવારથી જ તનાતની શરૂ થઈ ગઈ છે. ત્યારે સૌથી પહેલાં કોંગ્રેસે સોશ્યલ મીડીયા એક્સ (મૂળનામ ટ્વિટર) ઉપર એક પોસ્ટર શેર કર્યુ હતું. વડાપ્રધાન મોદીને અદાણીની કઠપુતળી દર્શાવવા સાથે તેમણે વિશ્વના સૌથી મોટા જૂઠા બોલા તરીકે નીચે લખવામાં આવ્યું હતું. એક અન્ય પોસ્ટરમાં મોદીનો જુમલા વૉર (હવાઈ કીલ્લાઓ દર્શાવનાર) તરીકે દેખાડાયા હતા.

આથી ભાજપે તે સામે એક અન્ય પોસ્ટર ટ્વિટ કર્યુ જેમાં રાહુલ ગાંધીને નવા યુગના રાવણ તરીકે દર્શાવવામાં આવ્યા છે. આ પોસ્ટરનાં કેપ્શનમાં લખ્યું છે કે નવા યુગનો રાવણ અહીં છે. ધર્મ વિરોધી તેનો ઉદ્દેશ્ય ભારતને નષ્ટ કરવાનો છે.

## નાસીકમાં ડ્રગ્સ બનાવતી ફેકટરી ઝડપાઈ રૂા. ૩૦૦ કરોડનું મેફેડ્રોન પકડાયું

મુંબઈ, તા.૭: મુંબઈ નજીક સાકીનાકામાંથી નશીલા પદાર્થ સાથે પકડાયેલા ડ્રગ્સ તસ્કરની તપાસ પોલીસને છેક નાશિકની ડ્રગ્સ ફેક્ટરી સુધી દોરી ગઈ હતી. આ કેસમાં સાકીનાકા પોલીસે ૩૦૦ કરોડ રૂપિયાથી વધુનું મેફેડ્રોન ડ્રગ્સ જપ્ત કરી મુંબઈ-થાણે અને હૈદરાબાદથી ૧૨ આરોપીની ધરપકડ કરી છે. આરોપી પાસેથી દેશી રિવોલ્વર અને કારતૂસો પણ મળી આવી છે.

ઝોન-૧૦ના ડેપ્યુટી પોલીસ કમિશનર દત્તા નલાવડેએ જણાવ્યું હતું કે સાકીનાકા વિસ્તારમાં ડ્રગ્સ વેચવામાં આવતું હોવાની માહિતી સાકીનાકા પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલ આદિત્ય જાધવને મળી હતી. માહિતીને આધારે પોલીસે ઑગસ્ટના પ્રથમ પખવાડિયામાં અન્વર અફસર સૈયદ (૪૨)ને પકડી પાડ્યો હતો. તેની પાસેથી અમુક માત્રામાં મેફેડ્રોન (એમડી) મળી આવ્યું હતું.

ડ્રગ્સ વિરોધી કાર્યવાહી આટલેથી અટકાવી દેવાને બદલે પોલીસે બારીક તપાસ હાથ ધરી આખી ચેઈન પકડી પાડી હતી. એક પછી એક ૧૨ જેટલા આરોપીને લૉકઅપભેગા કરી પોલીસ નાશિક રોડ સ્થિત શિંદે ગાંવમાં શિંદે એમઆઈડીસીના પ્લૉટ નંબર-૩૫ ખાતે ધમધમતી એક ફૅક્ટરી સુધી પહોંચી હતી. આ ફૅક્ટરીમાં ડ્રગ્સનું ઉત્પાદન કરી તેને દેશઆખામાં સપ્લાય કરવામાં આવતું હોવાનું તપાસમાં સામે આવ્યું હતું.

## અમેરીકાનાં ન્યુજર્સીમાં ભારતીય મુળનો પરીવાર મૃત હાલતમાં મળી આવતા ખળભળાટ

ન્યુજર્સી, તા.૭: અમેરિકાના ન્યુજર્સીમાં એક ભારતીય મૂળના દંપતી અને તેમના બે બાળકો તેમના ઘરમાં મૃત હાલતમાં મળી આવ્યા હતા અને પોલીસ આ મામલાની હત્યા તરીકે તપાસ કરી રહી છે. પ્લેન્સબોરો પોલીસ વિભાગે જણાવ્યું હતું કે તેજ પ્રતાપ સિંહ (૪૩) અને સોનલ પરિહાર (૪૨) તેમના ૧૦ વર્ષના અને ૬ વર્ષના પુત્ર સાથે તેમના પ્લેન્સબરોના ઘરમાં બુધવારે સાંજે ૪.૩૦ વાગ્યા પછી મૃત હાલતમાં મળી આવ્યા હતા.

મિડલસેક્સ કાઉન્ટી પ્રોસીક્યુટર યોલાન્ડા સિકોન અને પ્લેન્સબોરો પોલીસ વિભાગના ચીફ ઈમોન બ્લેન્ચાર્ડે ગુરુવારે જાહેરાત કરી હતી કે હાલમાં હત્યાની તપાસ ચાલી રહી છે. ૪ ઑક્ટોબરની સાંજે, સત્તાવાળાઓને પ્લેન્સબરોના નિવાસસ્થાનથી તપાસની વિનંતી કરતો ૯૧૧ કૉલ મળ્યો હતો. તેમના આગમન પર પ્લેન્સબોરો પોલીસ વિભાગે ઘરમાં ચાર મૃતદેહ શોધી કાઢ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, 'આ દુર્ઘટના તપાસ હેઠળ છે અને આજે પોસ્ટમોર્ટમ કરવામાં આવી રહ્યું છે. પ્રારંભિક તપાસમાં એવું નક્કી કરવામાં આવ્યું છે કે જનતા માટે કોઈ ખતરો નથી.'

## આજે રૂા.૨૦૦૦ની નોટ જમા કરાવવાનો અંતિમ દિવસ

મુંબઈ તા.૭ : નોટબંધી પાર્ટ-૨ અંતર્ગત નરેન્દ્ર મોદી સરકારે રૂા.૨૦૦૦ની નોટો ચલણમાંથી પાછી ખેંચી લીધા બાદ કોઈપણ બેંકમાં જમા કરાવવા કે બદલવાનો આજે છેલ્લો દિવસ હતો. હવે માત્ર રિઝર્વ બેંકના પ્રાદેશિક કાર્યાલયોમાં આ સુવિધા ઉપલબ્ધ રહેશે. પોષ્ટ-ટપાલ મારફત પણ આ સુવિધા મળી શકશે. રિઝર્વ બેંકના રિપોર્ટ પ્રમાણે ૯૬ ટકા અર્થાત ૩.૪૩ લાખ કરોડ રૂપિયાની રૂા.૨૦૦૦ના દરની નોટો પાછી આવી ગઈ છે તે પૈકી ૮૭ ટકા નોટો બેંકોમાં જમા કરવામાં આવી છે જયારે ૧૩ ટકા બેંકોમાંથી બદલવામાં આવી છે. રિઝર્વ બેંકે એવી સ્પષ્ટતા કરી હતી કે ૭ ઓકટોબર પછી પણ ૨૦૦૦ની નોટની કાયદેસરતા ખત્મ થતી નથી. કોર્ટ, સરકારી એજન્સીઓ- સરકારી વિભાગો જરૂર મુજબ રિઝર્વ બેંકની પ્રાદેશિક કચેરીઓમાં તે જમા કરાવી શકશે. ૨૦૦૦ની નોટ પર પ્રતિબંધ મુકાયો ત્યારે દેશમાં ૩.૫૬ લાખ કરેડની આ નોટ ચલણમાં હતી તેમાંથી ૩૦ સપ્ટેમ્બરે ૩.૪૨ લાખ કરોડની નોટો પાછી આવી ગઈ છે.

ઉધઈથી બચો..

૧૦ વર્ષની ગેરંટી સાથે આપના બંગલા, દુકાન, ટેનામેન્ટ, મકાન, ઓફિસમાં ઈન્જેકશન દ્વારા ઉધઈ ટ્રીટમેન્ટ કરી આપીશું.
સચિનભાઈ
મો. ૯૮૨૫૯ ૭૬૨૫૧

ધોરણ-૧૦-૧૨ પાસ/નાપાસ તેમજ અન્ય યુવાનો માટે સુવર્ણ તક

NIT® ટેકનીકલ કોલેજ

સર્ટીફીકેટ કોર્ષ
● ૧૦૦% પ્રેકટીકલ
● સરળ ભાષામાં શિક્ષણ
● હોસ્ટેલ સુવિધા
● બસસ્ટેન્ડથી એકદમ નજીક
● રેલ્વે સ્ટેશનથી નજીક
● ફ્રી ડેમો ટ્રાયલ

⇨ કોમ્પ્યુટર હાર્ડવેર, નેટવર્કીંગ, મધરબોર્ડ, લેપટોપ રીપેરીંગ શીખો
⇨ ફિંગર વાળા એન્ડ્રોઈડ, I-Phone ટેબ્લેટ રીપેરીંગ શીખો.
⇨ LED, LCD TV રીપેરીંગ, CCTV કેમેરા ફીટીંગ તથા રીપેરીંગ શીખો
⇨ ફ્રીઝ, એ.સી., વોશીંગ મશીન વગેરે તમામ વસ્તુનાં રીપેરીંગ કોર્ષ ૧૦૦% ગેરંટી સાથે શીખો

Mo.: 95861 11213 / 90811 52535
સંકલ્પ કોમ્પ્લેક્ષ, ત્રીજા માળે, બસસ્ટેન્ડ પાસે, જૂનાગઢ
Web : www.nitjnd.com

જમીન, મકાન, દુકાન લે-વેચ માટે મળો

અક્ષર સુવર્ણભૂમિમાં બ્લોક નં. ૧૨૦૨ વેચવાનો છે. ૩૧૦૦ કાર્પેટ એરીયા, 4BHK તથા દાસારામ પ્રાઈમમાં ૩/૪ માં ગ્રાઉન્ડ ફ્લોરમાં ૧૨૫૦નાં ૨ ગાળા વેચવાના છે.
તેમજ કોમર્શીયલ તથા મિલ્કત ભાડે ચડેલી મિલ્કત લેવી હોય તો મળશે.
મયંક એસ્ટેટ
રસીકભાઈ પટેલ
મો. ૯૪૨૭૩ ૭૭૯૧૭

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

સી.સી. પડદાવાળા

PRODUCTS
● મોડયુલર કિચન
● બેડ વીથ સાઈડટેબલ
● ટી.વી. યુનિટ
● સોફાસેટ
● સેન્ટર ટેબલ
● ક્રોસીંગ યુનિટ
● ડાઈનીંગ ટેબલ
● મેઈનડોર
● મંદિર વર્ક
● બાથરૂમ એસેસરીઝ
● વોલપેપર
● કાર્ટન
● મેટ્રસ

તળાવ ગેટ, રેલ્વે ક્રોસીંગ પાસે, પહેલા માળે,, સહયોગ ચેમ્બર સામે, જૂનાગઢ - ૩૬૨૦૦૧
મો. ૯૯૭૮૬ ૫૪૧૫૫

મકાન વેચવાનું છે

જૂનાગઢના ભરચક વિસ્તાર દાણાપીઠમાં વાદી ખડકીમાં ૧૧૦ વારનું, ત્રણ માળનું, ૯ રૂમ વાળુ, તમામ ફેસેલીટી વાળુ, કિંમત રૂા. ૩૫ લાખ તદ્દન વ્યાજબી ભાવમાં વેચવાનું છે.
ફોન કરવાનો સમય
સવારે ૧૦ થી ૧, સાંજે ૫ થી ૮
મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨, ૭૯૮૪૮ ૦૫૭૯૧

ચૌહાણ ડેન્ટલ એન્ડ હોમિયોપેથીક કલીનીક



ડો. દુષ્યંત ચૌહાણ
B.D.S, M.D.S.
(ઓરલ એન્ડ મેકિસલોફેશીયલ સર્જરી)
દાંત, મોં અને જડબાનાં રોગના સુપર સ્પેશ્યાલીસ્ટ

:: સ્પેશ્યાલીટી ::
● કહાપણ દાઢની સારવાર
● મોં અને જડબાનાં ફ્રેકચરની સારવાર
● તમાકુ / સોપારીથી બંધ થયેલા મોંની સારવાર
● મોં અને જડબાની રસોળી તથા ગાંઠની સારવાર
● જડબાનાં સાંધાની સારવાર
● ડેન્ટલ ઈમ્પ્લાન્ટ (જડબામાં સ્ક્રુ ફીકસ કરી દાંત બેસાડવા

૨૦૧૬થી મધુરમ / ટીંબાવાડી વિસ્તારમાં સેવા આપતું સુપર સ્પેશ્યાલીસ્ટ કલીનીક

આ ઉપરાંત દાંત તથા જડબમનાં બધા રોગોની સારવાર ફકત સુપર સ્પેશ્યાલીસ્ટ દ્વારા
સ્ટાર પ્લેટિનમ કોમ્પ., ફર્સ્ટ ફલોર, મધુરમ બસસ્ટોપની સામે, મધુરમ બાયપાસ, જૂનાગઢ. મો.૯૫૧૨૩ ૭૩૭૭૯

૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી

૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે

ફાયદા :
(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..
(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.
(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફકત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..
(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુઃખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..

નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી.
આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે

:: ફોન કરવા માટેનો સમય ::
સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ


૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-
૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-

ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)
આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે

આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી

સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨
જૂનાગઢ

# વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૪ અંતર્ગત નવી દિલ્હીમાં વિશ્વના દેશોના ડિપ્લોમેટ્સ - હેડ ઓફ ધી મિશન સાથે મુખ્યમંત્રીની બેઠક




(પ્રતિનિધી દ્વારા)
ગાંધીનગર તા.૭

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નવી દિલ્હીમાં દુનિયાના ૧૧૯ જેટલા દેશોના રાજદ્વારીઓ સમક્ષ ગુજરાતની વૈશ્વિક વિકાસગાથા રજૂ કરી હતી.તેમણે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની ઉત્તરોત્તર જ્વલંત સફળતાના પગલે ગુજરાત દેશ અને દુનિયાના 'મોસ્ટ પ્રિફર્ડ ઈન્વેસ્ટમેન્ટ હબ' તરીકે પ્રસ્થાપિત થયું છે. પ્રોએક્ટિવ પોલીસીઝ, ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ, મૂડીરોકાણકારો માટે સાનુકૂળ માહોલ, સુગ્રથિત ઔદ્યોગિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઉચ્ચ જીવનધોરણ જેવા પરિબળો થકી ગુજરાત આજે દુનિયાભરના મૂડીરોકાણકારો માટે સૌથી પસંદગીનું સ્થળ બન્યું છે એમ મુખ્યમંત્રીએ ગૌરવભેર જણાવ્યું હતું. આગામી ૧૦ જાન્યુઆરીના રોજ ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે વડાપ્રધાનના હસ્તે પ્રારંભ થનાર વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની ૧૦મી આવૃત્તિ અંતર્ગત ગુજરાત સરકારે નવી દિલ્હી ખાતે ડિપ્લોમેટ્સ મીટનું આયોજન કર્યું હતું. મુખ્યમંત્રીએ દુનિયાના વિવિધ દેશો સાથે ગુજરાતની સહભાગિતાનું ફલક વધારવાની નેમ આ પ્રસંગે વ્યક્ત કરી હતી. મુખ્યમંત્રીએ કહ્યું કે, પાછલા બે દાયકામાં ગુજરાતે ૫૫ બિલિયન યુ.એસ. ડોલરની ક્યુમ્યુલેટિવ એફ.ડી.આઈ. મેળવ્યું છે. વર્લ્ડ ક્લાસ રોડ, રેલવે, પોર્ટ અને એરપોર્ટ કનેક્ટિવિટીને કારણે ગુજરાતની પહોંચ દેશમાં જ નહીં પરંતુ એશિયા, આફ્રિકા, મિડલ ઈસ્ટ અને યુરોપીય દેશોની બજારો સુધી છે. ફોર્ચ્યુન ફાઈવ હન્ડ્રેડ કંપનીઓમાંથી ૧૦૦ જેટલી કંપનીઓ ગુજરાતમાં કાર્યરત છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું કે, વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીનું બ્રેન ચાઈલ્ડ કોન્સેપ્ટ છે, હવે આ સમિટ બિઝનેસ નેટવર્ક, નોલેજ શેરિંગ, સોશિયો-ઈકોનૉમિક ડેવલપમેન્ટ તેમજ સ્ટ્રેટેજીક પાર્ટનરશીપ માટેનો એક પ્રતિષ્ઠિત વૈશ્વિક મંચ બની ગઈ છે. વાયબ્રન્ટ સમિટમાં વિદેશી રાષ્ટ્રોની ભાગીદારી પણ ઉત્તરોત્તર વધતી રહી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશી નેતૃત્વમાં ભારતમાં મૂડીરોકાણને પ્રોત્સાહન આપવાના કેન્દ્ર સરકારના પ્રયાસોની ભૂમિકા આપતાં મુખ્યમંત્રીએ કહ્યું હતું કે દેશમાં ઉદ્યોગ ક્ષેત્રે સ્પર્ધાત્મકતા, સુદ્રઢ પોલિસીઓ, પારદર્શિતા, ડિજીટાઈઝેશન અને ઈનોવેશનના માધ્યમથી દેશમાં મૂડીરોકાણ માટે સાનુકૂળ વાતાવરણ ઉભું થયું છે. મુખ્યમંત્રીએ કહ્યું કે, વડાપ્રધાનની આ વિરાસતને અમારી ટીમ પૂરી ઈમાનદારી અને મહેનતથી આગળ વધારી રહી છે, અમૃતકાળમાં ડેવલપમેન્ટ ઓરિએન્ટેડ ગવર્નન્સથી ભારતની વિકાસયાત્રાને ગતિ આપવાના આ મહત્વપૂર્ણ સમયે દસમી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની થીમ 'ગેટ વે ટુ ધ ફ્યુચર' રાખવામાં આવી છે, જે વડાપ્રધાનના ૨૦૪૭માં વિકસિત ભારતના વિઝનને આગળ ધપાવશે.

## વર્લ્ડ ક્લાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કનેક્ટિવિટીને કારણે ગુજરાતની પહોંચ દેશ-વિદેશના બજારો સુધી વિસ્તરી છે: મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

મૂડીરોકાણકારોના પસંદગીના રાજ્ય તરીકે ગુજરાતની આગવી ઓળખ ઊભી થઈ છે તેની રૂપરેખા આપતા મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, વર્ષ ૨૦૨૧માં ગુજરાતે ૨૧.૯ બિલિયન ડોલરનું એફડીઆઈ મેળવ્યું છે, જે દેશના કુલ ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટના ૩૭ ટકા જેટલું છે. યુએસએ, જાપાન, ફ્રાન્સ, જર્મની, નેધરલેન્ડ, યુકે, સ્વીટ્ઝરલેન્ડ, ઈટલી, યુએઈ, સાઉદી અરેબિયા, કતાર સહિતના દેશોની કંપનીઓએ ગુજરાતમાં વિવિધ સેક્ટર્સમાં મોટા પાયે રોકાણ કર્યું છે. ઈન્વેસ્ટર્સ બિઝનેસ-ફ્રેન્ડલી વાતાવરણ પૂરું પાડવાની ગુજરાત સરકારની પ્રતિબદ્ધતા વ્યક્ત કરતાં મુખ્યમંત્રીએ કહ્યું હતું કે રાજ્ય સરકારે જુદા-જુદા સેક્ટર્સમાં ઉદ્યોગોને ઈન્સેન્ટીવ્ઝ આપવા ઉપરાંત ઉદ્યોગોના સાત્યપૂર્ણ વિકાસ તેમજ ઈનોવેશનને પ્રોત્સાહન આપવા ઈન્ટીગ્રેટેડ લોજીસ્ટિક્સ એન્ડ લોજીસ્ટિક્સ પાર્ક પોલિસી ૨૦૨૧, ઈલેક્ટ્રીક વ્હીકલ પોલિસી ૨૦૨૧, સોલર પોલિસી ૨૦૨૧, ઈન્ડસ્ટ્રીયલ પોલિસી ૨૦૨૦, ટુરિઝમ પોલિસી, ટેક્સ્ટાઈલ પોલિસી સહિતની વિવિધ પોલિસી અમલમાં મૂકી છે.

એટલું જ નહિ, ગ્રીન ગ્રોથને પ્રોત્સાહન આપવા ગુજરાતે તાજેતરમાં રિન્યૂએબલ એનર્જી પોલિસી-૨૦૨૩ અમલી કરી છે તેમજ ગ્રીન હાઈડ્રોજન મિશન અન્વયે ૧૦૦ ગીગાવોટ રિન્યૂએબલ એનર્જી જનરેશનનો લક્ષ્યાંક રાખ્યો છે તેમ તેમણે જણાવ્યું હતું. મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે આ પોલિસીઝના માધ્યમથી કંપનીઓ માટે સર્વગ્રાહી ઈકોસીસ્ટમ તૈયાર કરવાનો તેમજ ગુજરાતના ઉદ્યોગોને વૈશ્વિક કક્ષાએ સ્પર્ધાત્મક બનાવવાનો ગુજરાત સરકારનો ઉદ્દેશ્ય છે.મુખ્યમંત્રીએ જણાવ્યું કે, વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ગુજરાતના કલ્ચર અને ટુરિઝમને પણ પ્રમોટ કરનારી ઈવેન્ટ બની છે. તેમણે આ વાઈબ્રન્ટ સમિટને ગુજરાતની સંસ્કૃતિની સાથે સાથે ટુરીઝમ સેક્ટરની વાઈબ્રન્સીનો અનુભવ કરવાનો અવસર ગણાવ્યો હતો. આ સંદર્ભમાં તેમણે વાઈબ્રન્ટ નવરાત્રિ અને કાઈટ ફેસ્ટિવલ જેવા લોકપ્રિય સાંસ્કૃતિક ઉત્સવોનો આનંદ લેવા પણ અનુરોધ કર્યો હતો. મુખ્યમંત્રીએ વિવિધ દેશોના રાજદ્વારીઓને ભારતની એકતા અને અખંડિતતાના પ્રતિક સમાન સરદાર વલ્લભભાઈ પટેલની દુનિયાની સૌથી ઉંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' ની મુલાકાતનું આમંત્રણ પાઠવ્યું હતું. મુખ્યમંત્રીએ આ તકે ગુજરાતમાં હયાત ફ્યુચર રેડી મેગા પ્રોજેક્ટ જેવા કે ગિફ્ટ સિટી, ડ્રીમ સિટી, ધોલેરા સર, ગ્રીનફિલ્ડ પોર્ટ્સ, પીસીપીઆઈઆર જેવા પ્રકલ્પો ભવિષ્યમાં ઉદ્યોગો માટેના તૈયાર પ્લેટફોર્મ પૂરુ પાડશે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. વિદેશમંત્રી એસ. જયશંકરે જણાવ્યું હતું કે, ૪૨૦ ભારતને વિશ્વના વિકાસ માટે અને વિશ્વને ભારતના વિકાસ માટે તૈયાર થવાની વિભાવના ગુજરાત વાઈબ્રન્ટ સમિટથી સાચા અર્થમાં સાકાર કરે છે. આ વિભાવના પ્રત્યક્ષ સાકાર થતી જોવા માંગતા હોવ તો તે આગામી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૪માં જોવા મળશે. વિશ્વનો કોઈ દેશ એવો નહિ હોય જ્યાં ગુજરાતી ના વસ્યો હોય તેમ જણાવતા તેમણે ગુજરાતીઓની સાહસિકતા ક્ષમતા અને વેપાર કુશળતાની પ્રંસશા કરી હતી.

વિદેશમંત્રીએ કહ્યું હતું કે, ગુજરાત દરેક આર્થિક ક્ષેત્રે અગ્રેસર, લીડર અને પરફોર્મર રહ્યું છે. ઈવી, એવીએશન, સેમિકન્ડક્ટર જેવી નવી પહેલમાં ગુજરાત લીડર સ્ટેટ તરીકે ઉભરી આવ્યું છે. ભારતની તમામ વિશિષ્ટ ઈનિશિએટિવ્સની સમગ્ર શ્રેણી ગુજરાતમાં થઈ રહી છે. આર્થિક રીતે અગ્રેસર ગુજરાત જોખમ લેવાની ક્ષમતા ધરાવે છે. ગુજરાતના રસ્તાઓ સૌથી વધુ ઉત્પાદક માર્ગો છે એમ કહી વિદેશમંત્રીએ રાજ્યમાં થયેલા ઉત્કૃષ્ટ માળખાકીય વિકાસનો ઉલ્લેખ કર્યો હતો.

તેમણે ઉમેર્યું હતું કે, વિશ્વને હવે ગ્રોથના વધારાના એન્જિન અને ઉત્પાદન કેન્દ્રોની જરૂર છે, જે વધુ વિશ્વસનીય અને પારદર્શક હોય. તાજેતરમાં જ ભારતે જાહેર કરેલા ઈન્ડિયા મિડલ ઈસ્ટ યુરોપ ઈકોનોમિક કોરિડોર-IMEC પણ ગુજરાતમાંથી જ પસાર થાય છે.

મુખ્ય સચિવ રાજકુમારે ગુજરાતમાં વિવિધ ઉભરતા ક્ષેત્રોમાં તેમના દેશોના રોકાણો માટે વિદેશી રાજદ્વારીઓને આમંત્રણ પાઠવતા જણાવ્યું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં ગુજરાત પોલીસી ડ્રિવન સ્ટેટ અને ઉદ્યોગ રોકાણકારો માટે રોબસ્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સિંગલ વિન્ડો સિસ્ટમ થકી ઝડપથી પરવાનગી આપનારૂ રાજ્ય બન્યું છે. ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ એસ. જી. હૈદરે વાઈબ્રન્ટ સમિટની ઉત્તરોત્તર પ્રગતિની ગાથા પ્રેઝન્ટેશન દ્વારા રજૂ કરી હતી. કેન્દ્ર સરકારના વિદેશી બાબતોના સચિવ વિનય કવાત્રાએ પ્રાસંગિક સંબોધન કર્યું હતું.આ પ્રસંગે નાણા અને ઊર્જા મંત્રી કનુભાઈ દેસાઈ, ઉદ્યોગમંત્રી બલવંતસિંહ રાજપૂત, ઉદ્યોગ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ કે. કૈલાસનાથન તથા ગુજરાત સરકારના વરિષ્ઠ સચિવો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

# યાત્રાધામ પ્રાચી તીર્થ ગામે અમૃતકળશ યાત્રાનું ભવ્ય સ્વાગત

(પ્રતિનિધિ દ્વારા)
પ્રાચી તીર્થ તા.૭

યાત્રાધામ પ્રાચી તીર્થ ખાતે આઝાદીકા અમૃત મહોત્સવ નિમિત્તે પ્રાચી તીર્થ ખાતે કળશ યાત્રા યોજાઇ હતી 'મેરી માટી મેરા દેશ' અભિયાનને પ્રચંડ જનસમર્થન મળ્યા બાદ આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત વિવિધ પ્રાસંગિક કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા છે ત્યારે સુત્રાપાડા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં અમૃત કળશ યાત્રાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. દરેક ગામમાં ઢોલ-નગારા અને વાજિંત્રો સાથે બળદગાડા, ટ્રેક્ટર, જીપ્સી જેવા વાહનોમાં દેશભક્તિના ગીતો અને રાષ્ટ્રગીતની ધૂન સાથે અમૃત કળશ યાત્રા યોજાઈ હતી. ધારાસભ્ય ભગવાનભાઈ બારડ પોતે અમૃત કળશ યાત્રામાં જોડાયા હતા. માતૃભૂમિની માટી આપણને એકતાંતણે અને એકસૂત્રતાથી બાંધી રાખે છે. આપણી માતૃભૂમિ એ ધન્ય ભૂમિ છે જેણે ઘણાં વીરોને જન્મ આપ્યો છે. રાષ્ટ્રહિત માટે સર્વસ્વ ન્યોચ્છાવર કરનારા આ વીરો પ્રત્યે લાગણી દર્શાવવા અને શ્રદ્ધાંજલિ સમર્પિત કરવા સુત્રાપાડા તાલુકાના ગ્રામ્ય પંથકમાં ભવ્ય રીતે અમૃત કળશયાત્રાનું આયોજન કરવામાં



આવ્યું હતું. આ કાર્યક્રમા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમા રહેવાસીઓએ માતૃભૂમિની માટી કળશમાં એકઠી કરી સામૂહિક શ્રદ્ધાંજલિ અર્પી હતી. આ યાત્રા નિમિત્તે સમગ્ર લોકો દેશભક્તિના રંગે રંગાયા હતા. સુત્રાપાડા તાલુકાના અનેક ગામોમાં પરિભ્રમણ કરી આ અમૃત કળશ યાત્રા આજે યાત્રાધામ પ્રાચી તીર્થ ખાતે પહોંચી હતી. પત્રકાર જાદવભાઈ ચુડાસમા ઘરે ભવ્ય રીતે સ્વાગત કરી જેમાં ઘરે ઘરેથી માટી અને ચોખાથી નમન કરેલ અને કળશમાં માટી પધરાવેલ હતી. આ તકે ધારાસભ્ય ભગવાનભાઈ બારડ સહિત અગ્રણીઓ અને આગેવાનો અને બહોળી સંખ્યામાં સ્થાનિક લોકો જોડાયા હતા.

# 'કરૂણા એનિમલ એમ્બ્યુલન્સ ૧૯૬૨'ના સફળતાપૂર્વક ૬ વર્ષ પૂર્ણ

**કરૂણા એનિમલ એમ્બ્યુલન્સ દ્વારા અત્યાર સુધી રાજ્યમાં ૫,૭૫,૪૧૧ જેટલા જીવો બચાવાયા : સમગ્ર રાજ્યમાં ૩૭ જેટલી કરૂણા એનિમલ એમ્બ્યુલન્સ કાર્યરત**




(પ્રતિનિધિ દ્વારા)
ગાંધીનગર તા.૭

ગુજરાત સરકાર દ્વારા ચાલતી 'કરૂણા એનિમલ હેલ્પલાઈન ૧૯૬૨'એ પોતાના ૬ વર્ષ પૂર્ણ કર્યાં છે. સમગ્ર રાજ્યમાં કુલ ૩૭ જેટલી કરૂણા એનિમલ એમ્બ્યુલન્સ કાર્યરત છે. આ હેલ્પલાઈનમાં રખડતા પશુ-પક્ષીઓ કે જેના કોઈ માલિક નથી, રોડ એક્સિડન્ટમાં કે કોઈ પ્રકારે ઈજા પામેલ હોય અથવા અન્ય કોઈ રીતે ઘાયલ થયેલ હોય તેવા અબોલ પશુ પક્ષીઓને સ્થળ ઉપર જ ત્વરિત સારવાર પૂરી પાડવામાં આવે છે. કરૂણા એનિમલ એમ્બ્યુલન્સ સેવા શરૂ થયા ત્યારથી અત્યાર સુધીમાં સમગ્ર રાજ્યમાં આશરે ૫,૭૫,૪૧૧ જેટલા જીવો બચાવ્યા છે. અમદાવાદ જિલ્લામાં આશરે ૬૨,૦૬૪ જેટલા જીવો આ સેવા દ્વારા બચાવાયા છે. દિવસેને દિવસે કરુણા એનિમલ એમ્બ્યુલન્સ હેલ્પલાઈન વિશે લોકો માહિતગાર થઈ રહ્યા છે ત્યારે આવનારા દિવસોમાં પણ એમ્બ્યુલન્સની સંખ્યામાં વધારો થઈ શકે છે તેવું ૧૦૮ ઈમરજન્સી મેનેજમેન્ટ સેન્ટર પ્રોજેકટ કો ઓર્ડીનેટરની અખબારી યાદીમાં જણાવાયું છે.

# જૂનાગઢમાં સખી સહિયર વૃંદ દ્વારા મુખ્યમંત્રીની શુભેચ્છા મુલાકાત




(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૭

જૂનાગઢમાં ચેતનાબેન મિશ્રાણીના માર્ગદર્શન હેઠળ ચાલતા સખી સહિયર વૃંદ તેમજ અનિલાબેન બથિયાએ તાજેતરમાં જૂનાગઢ ખાતે આવેલા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની શુભેચ્છાઓ મેળવી હતી. વિધાનસભા અને રાજ્યસભામાં મહિલાઓને ૩૩ ટકા આરક્ષણ મળતા મહિલા ગૃપની ૩૩ મહિલાઓ દ્વારા મુખ્યમંત્રીનો આભાર માની અને તેમના આશિષ મેળવ્યા હતા.

## ભાણવડમાં "આયુષ્માન ભવ:" કાર્યક્રમ અંતર્ગત હેલ્થ મેળો યોજાયો

જામ ખંભાળિયા, તા.૭

"આયુષ્માન ભવ:" કાર્યક્રમ અંતર્ગત દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડમાં આવેલા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે સાપ્તાહિક હેલ્થ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

## દ્વારકા જિલ્લાના જુદા જુદા વિસ્તારોમાં ગ્રામસભા યોજાઇ

(કુંજન રાડીયા દ્વારા)
જામ ખંભાળિયા, તા.૭

દેવભૂમિ દ્વારકા જિલ્લાના તમામ ગામોમાં તાજેતરમાં "આયુષ્માન ભવ:" કાર્યક્રમ અંતર્ગત આરોગ્ય વિભાગ તથા અન્ય વિભાગો અને ગામ લોકોના સહયોગથી ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતું.


આ ગ્રામસભામાં ઉપસ્થિત રહેલા લોકોને આરોગ્ય વિભાગની યોજનાઓ, આયુષ્યમાન કાર્ડ અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા. સાથે વધુ ને વધુ લોકો આભા આઈડી કઢાવે તે માટે સમજ આપી, આયુષ્યમાન સાપ્તાહિક હેલ્થ મેળાઓનો લાભ લેવા લોકોને જણાવવામાં આવ્યું હતું.


**ફલેટ વેચવાનો છે**
જૂનાગઢનાં માઢસ્ટ્રીટમાં આવેલ 'માયનેસ્ટ' ઈ-એપાર્ટમેન્ટમાં ત્રીજો માળ બ્લોક નં. ૩૦૨ બ્લોક વેંચવાનો છે
: કોન્ટેક :
મો. ૯૯૨૪૯ ૬૭૩૪૧
મો. ૭૮૭૪૦ ૮૪૬૦૭

**નાઈટમાં મેનેજર જોઈએ છે**
હોટલ લાઈનનાં અનુભવી મેનેજર જોઈએ છે.
**હોટેલ સોમનાથ**
રેલ્વે સ્ટેશન રોડ, જૂનાગઢ.
મળો સવારે ૧૦ થી ૧૨

દર બુધવારે અને શનિવારે પ્રસિદ્ધ થાય છે
સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦
આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

પાર્સલ સેવા આપવામાં આવશે
**રાજ ડાયનીંગ હોલ**
સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી
જૂનાગઢ શહેરના હદયસમાકાળવાચોકમાં
આપના શુભ પ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.
દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.
**રાજ ડાયનીંગ હોલ**
કાળવા ચોક, જૂનાગઢ.

**સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો**

**ધીરૂભાઈ જે. સોની**
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

**ન્યુ બોમ્બે ઈલે.**
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
**વિજય ઘી ડીપો**
નવરાત્રી માટે ખાસ...
નવરાત્રી નિમિતે ઘી તાજુ આવી ગયેલ છે.
તેમજ ભેંસનું લેબોરેટરી ટેસ્ટ ઘી મળશે
**વિજય ઘી ડીપો**
ડબાગલી, નાની શાકમાર્કેટ રોડ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

**દિપક ફટાકડા સેન્ટર**
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
**દિપક ફટાકડા સેન્ટર**
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોન: ૨૬૫૨૬૧૨

**સ્વાદનો ચટકો !**
અમારે ત્યાંથી
• પાણીપુરી • ભેળ • સમોસા રગડો
• મસાલાપુરી • દાબેલી • રગડા પેટીસ
• દહીપુરી • દિલ્હી ચાટ • બાસ્કેટ ચાટ
• સેવપુરી • લસણીયા બટેટા
તેમજ ફરાળી વાનગી, દહીંવડા, ફરાળી ભેળ, રસ ચેવડો, દહીં ચેવડો વગેરે આઈટમો મળશે
:: ખાસ નોંધ ::
લગ્ન પ્રસંગે, પાર્ટી પ્રસંગે તેમજ અન્ય પ્રસંગોએ બહારના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.
**જલારામ પાણીપુરી**
પંચહાટડી ચોક, શ્રીરામ મંદિરની બાજુમાં, જૂનાગઢ.
જગદીશભાઈ સોઢા : મો. ૯૬૮૭૫ ૫૭૬૨૧

**માણસો જોઈએ છે**
બેકરી શો રૂમમાં કામ કરી શકે તેવા માણસોની જરૂર છે
**વંદના બેકરી**
તળાવ સ્ટ્રીટ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
**જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર**
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

**જલજીલ આઈસ્ક્રીમ**
અંદર બેસવાની સુંદર વ્યવસ્થા
ક્રીમ લચ્છી
સન્ડે આઈસ્ક્રીમ
ક્રિમ મિલ્ક સેઈક
શિખંડ - બાસુંદી - દહીંવડા
કાળવા ચાર રસ્તા કોર્નર, જુનાગઢ.

**નારાયણ બેકરી**
સુખનાથ ચોક
જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

## ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને દેશનાં

# વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લીડરશીપમાં ગુજરાતે સાધેલો વિકાસ

ગુજરાત ચાર અક્ષરનો આ શબ્દ આજે વિકાસનાં નકશામાં કંઈક અલગ ભાત પાડી રહ્યો છે. ગુજરાતની શ્રેષ્ઠતા, ગુજરાતનું ગૌરવ અને ગુજરાતનો વિકાસ આ ત્રિવેણી ગુજરાતની ગરિમાની આગવી પહેચાન છે. આપત્તિઓને અવસરમાં પલટાવી નાંખવાની ક્ષમતા ધરાવતું ગુજરાત છેલ્લા દશકાથી દુનિયાને સામર્થ્ય અને પુરૂષાર્થની અનુભૂતિ કરાવીને પોતાનાં અનોખા મિજાજનો પરિચય કરાવતું રહ્યું છે. ભારતવર્ષનાં વિકાસને હૃદયમાં રાખીને ૨૧મી સદીને અનુરૂપ આધુનિકત્તમ વિકાસનાં સીમાચિન્હો પ્રસ્થાપિત કરવા થનગનતા ગુજરાતે પુરૂષાર્થપૂર્ણ, પરિણામલક્ષી રાજનીતિ અને વંચિતો અને ગરીબોના હિતને પ્રાથમિકતા આપી છે. મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનાં દ્રષ્ટીવંત અને સાતત્યપૂર્ણ નેતૃત્વ હેઠળ ગુજરાતે અદ્ભુત પ્રગતિ કરી છે. કૃષિક્ષેત્રનાં ચમત્કારનાં ચમકારા હોય કે શિક્ષણનાં પ્રકાશની વાત હોય, ઉદ્યોગનો ધમધમાટ હોય કે રોજગારીની વાત હોય, ગ્રામ વિકાસ હોય કે શહેરી વિકાસ ગુજરાતે છેલ્લા દાયકામાં આર્થિક સમૃદ્ધિની સાથે સાથે સુખ-શાંતિ, સુશાસન, કલા અને સંસ્કૃતિ, આરોગ્યપ્રદ જીવન અને વહીવટી શિસ્તના માધ્યમથી માનવ વિકાસ સુચકાંકને હાંસલ કરી સામાન્ય પ્રજાજન માટે ગુણવત્તાસભર જીવન પ્રાપ્ત કરવાની દિશામાં મક્કમતાપૂર્વક ગુજરાત આગળ વધી રહ્યું છે.

સામાન્ય રીતે કોઈપણ દેશ કે પ્રદેશના વિકાસ ત્રણ મુખ્ય પરિબળો પર આધારિત હોય છે. દ્રઢ રાજકીય ઈચ્છાશકિત, સાતત્યપૂર્ણ નેતૃત્વ અને જનશકિતના સાક્ષાત્કારથી જ આ શકય બને છે. ગુજરાતે આ ત્રણેય આયામોને આત્મસાત કરીને વિકાસની નવી ઊંચાઈઓ આંબી છે. ગુજરાતનો વિકાસદર દસ ટકા ઉપરાંતનો રહ્યો છે. આ બાબત એક ગુજરાતી તરીકે સૌ કોઈ માટે ગૌરવપૂર્ણ છે. વિકાસ માટેનું એક જબરદસ્ત પ્લેટફોર્મ ઉભું થયું છે. કોઈપણ યોજના કે વિકાસનું શિખર સિદ્ધ કરવા 'મિશન રિયલાઈઝેશન' માટે સુવ્યવસ્થિત આયોજન, પરિણામલક્ષી રણનીતિ અને લાંબાગાળાના નક્કર પગલાં લેવાયા છે. આમા લોક સહયોગ તથા સહમતીની સાથે સાથે જનકેન્દ્રીત વિકાસલક્ષી અભિગમ અને યોજનાઓનું પદ્ધતિસરનું મોનિટરિંગનો સુભગ સમન્વય ભળતા અસરકારક પરિણામો જોવા મળી રહ્યા છે. આજે કૃષિ અને ઉદ્યોગ ક્ષેત્રમાં ગુજરાતનો વિકાસદર સમગ્ર દેશમાં ઉડીને આંખે વળગે એવો રહ્યો છે.

સરકાર અને જનતા વચ્ચેનું અંતર દુર કરવા માટે રચનાત્મક પગલાં ભરાયા છે. વિકાસલક્ષી યોગ્ય વાતાવરણ, નીતિ, કાયદા અને પાયાની સવલતોની સાથે ત્રણ ક્ષેત્રમાં ગુજરાતે લક્ષ કેન્દ્રીત કર્યુ છે અને સફળતા હાંસલ કરી છે. ઉદ્યોગ, કૃષિ અને સેવા. પંચશકિત આધારિત પંચામૃત વિચારધારા જેમાં જન શકિત, જળ શકિત, ઉર્જા શકિત, રક્ષા શકિત અને જ્ઞાન શકિતનો સમુચિત ઉપયોગ કરી છેલ્લા દશકમાં વિકાસના નવા આયામો પ્રસ્થાપિત થયાં છે. પંચાયતી રાજ પછી માત્ર ગુજરાત જ એવું રાજય છે જેણે 'એટીવીટી'નો નવતર વિચાર અમલમાં મુકી વહિવટી તંત્રનું વિકેન્દ્રીકરણ કરી લોકોની સુખાકારીમાં વધારો કર્યો છે. રાજયના એકેએક તાલુકામાં વિકાસની તંદુરસ્ત હરિફાઇ ઉભી થઇ છે. પ્રજા પોતે વિકાસની પ્રક્રિયામાં આયોજનથી માંડીને અમલીકરણ સુધીના તબક્કામાં સહભાગી બને તો સરકારના કાર્યક્રમોનો વ્યાપ, ગુણવત્તા અને ઝડપ ત્રણેય બાબતમાં સારા પરિણામો મળી શકે. જેના કારણે અત્યારે ગુજરાત વિકાસનું પર્યાય બન્યું છે... એનું પરિણામ એ આવ્યું કે, વિકાસની ગતિ બમણી થઈ ગઇ છે. દેશ-વિદેશની સંસ્થાઓ ગુજરાતના વિકાસ મોડેલનો અભ્યાસ કરવા આવી રહી છે. જનતાના વિકાસ માટે વિવિધ યોજનાઓના અમલીકરણના હેતુથી નાણાંની ફાળવણી મહત્ત્વની છે, પરંતુ એનાથી વધુ મહત્ત્વનું છે એ નાણાંનો યોગ્ય ઉપયોગ થાય અને સૌથી વધુ મહત્ત્વની વાત તો એ છે કે, એ નાણાં જરૂરતમંદ લાભાર્થીઓના હાથ સુધી પહોંચે અને એમનો વિકાસ થાય અને એ મુખ્યધારામાં જોડાય. યોજનાઓ સાચા અર્થમાં જનતા પાસે પહોંચે તે રીતે ગુજરાતે તેને પરિવર્તિત કરી છે. યોજનાઓનું સુયોગ્ય સંકલન કર્યુ છે. પરિણામે જનતાને તેનો લાભ મળ્યો છે. યોજના માટે ફાળવાયેલા નાણાં કોઈ સરકારના નથી. નાણાં તો જનતાના છે અને તે નાણાંમાંથી વિવિધ યોજનાઓનો લાભ જનતા સુધી પહોંચે તેવા નક્કર આયોજનના પરિણામે જનતાના મુખ પર આનંદ દેખાય છે. આમ પણ કેન્દ્ર બધા રાજયોને યોજનાકીય સહાય તો આપે જ છે. એવા કેટલા રાજય છે કે, જે ગરીબોને હાથો હાથ તેમની પાસે જઈને સહાય આપતા હોય. ગુજરાતે ગરીબ કલ્યાણ મેળા યોજી વંચિતો અને ગરીબોને યોજનાના લાભ હાથોહાથ આપ્યા છે. ગુજરાતની ઘણી એવી યોજના છે જેનો અભ્યાસ કરીને બીજા રાજયો તેનો અમલ કરે છે. ગુજરાતની કેટલીક યોજનાઓ જેવી કે, ચિરંજીવી યોજના, મમતાકાર્ડ યોજના, જયોતિગ્રામ યોજના, સ્વાગત ઓનલાઈન, ઈ-ગ્રામ વિશ્વ ગ્રામ યોજના વગેરેએ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રજા કલ્યાણના ક્ષેત્રમાં નામના પ્રાપ્ત કરી છે અને આ યોજનાઓનો અભ્યાસ કરી તેનો અમલ કરવા અન્ય રાજયના વહીવટકર્તા ગુજરાત આવે છે.

ગામડા સમૃદ્ધ બને તો સમગ્ર પ્રદેશ સમૃદ્ધ બને અને પ્રદેશ સમૃદ્ધ બને તો દેશ સમૃદ્ધ બને. મહાત્મા ગાંધીજીના આ વિચારબિજને કેન્દ્રમાં રાખી ગુજરાતે ગામડાઓનાં વિકાસની નવી પરિભાષા અંકિત કરી છે. ગુજરાતે ગ્રામવિકાસ ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. ગુજરાતના ગામડાઓમાં શહેર જેવી સુવિધા ઉપલબ્ધ થાય અને ગ્રામજનોનો સમગ્રતયા વિકાસ થાય એને હંમેશા રાજ્ય સરકારે અગ્રતા આપી છે. ગ્રામ્ય વિસ્તારમાં ૨૪ કલાક સાતત્યપૂર્ણ અને ગુણવત્તાયુકત વીજળી પૂરી પડાઇ છે. પરિણામે ગામમાં વસતા યુવાનો માટે રોજગારી અને સ્વરોજગારીની તકો વિસ્તરી છે. ગુજરાતના તમામ ગામોમાં પ્રાથમિક શિક્ષણ સહિત શિક્ષણની વિવિધ સવલતોનો લાભ ગ્રામજનો લઈ રહ્યાં છે. મહિલા, બાળકો અને વૃદ્ધોને ગુણવત્તાયુકત ઝડપી તબીબી સવલત ઉપલબ્ધ થઈ રહી છે. પરિણામે સ્વાભાવિક રીતે જ ગામડાઓમાંથી શહેર તરફનું સ્થળાંતર છેલ્લા દશકમાં ઘટ્યું છે. છેલ્લા દશકનાં ગુજરાતનાં વિકાસ મોડલે ઘણા લોકોનું ધ્યાન આકર્ષિત કર્યું છે. ગુજરાતનું મોડલ માત્ર અન્ય રાજયો માટે જ નહિ પણ દુનિયાનાં અન્ય વિકાસશીલ દેશો માટે પણ ઉદાહરણીય બની રહ્યું છે.

શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લીડરશીપમાં ગુજરાતે સાધેલા વિકાસની સમીક્ષા કરવી હોય તો ગુજરાત પહેલાં કયાં હતું અને તેની સરખામણીએ આજે ગુજરાતની શું પરિસ્થિતિ છે તેનો તુલનાત્મક અભ્યાસ કરીએ ત્યારે અહેસાસ થાય છે કે, ગુજરાતમાં સમગ્રતયા વિકાસ ઉડીને આંખે વળગે તેવો અદ્ભુત થયો છે. ૨૦૦૧માં ગુજરાતમાં સતત દુકાળ, વાવાઝોડા અને ભયાનક ભૂકંપ સહિતની સંખ્યાબંધ આપત્તિથી રાજય ગ્રસ્ત હતું. પાણીની તંગી, અપૂરતી વીજળી, કૃષિ અને ઉદ્યોગો ક્ષેત્રે ઓછી ઉત્પાદકતા તથા બેરોજગારી જેવી સમસ્યાઓએ રાજયનાં લોકોનું જીવવું મુશ્કેલ બનાવી દીધું હતું. રાજયનું અર્થતંત્ર લથડિયા ખાઈ રહ્યું હતું. જાહેર ક્ષેત્રની કંપનીઓ નબળી પડી રહી હતી. આનાથી ન માત્ર રાજયનાં અર્થતંત્ર ઉપર ખરાબ અસર પડી હતી, પણ રાજયનાં લોકોનો ઉત્સાહ પણ તુટી રહ્યો હતો. આ નિરાશાજનક પરિસ્થિતિમાંથી બહાર આવવા એક સમગ્ર વિકાસલક્ષી અભિગમની જરૂર હતી. ગુજરાતે પંચામૃતની ફિલોસોફી સાથે સર્વસમાવેશક વિકાસની શરૂઆત કરી અને ઊર્જા, સુરક્ષા, જળસંચય, કન્યા કેળવણી અને માનવસંપદાનાં



વિકાસ જેવી બાબતો ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું. આ અભિગમ સાથે દ્રઢ રાજકીય ઈચ્છાશકિત ભળી અને એક દશકનાં સમયમાં તો ગુજરાતની કાયાપલટ થઈ ગઈ. ગુજરાતે છેલ્લા એક દશકમાં ગતિશીલ વિકાસ અને સમૃધ્ધિનાં સર્જનનો એક નવો યુગ શરૂ કર્યો છે. રાજયે ન તો માત્ર બે આંકડાનો વિકાસદર સાધ્યો પણ કૃષિ, ઉદ્યોગો અને સેવાક્ષેત્રમાં પણ આ વિકાસદર જાળવી બતાવ્યો. આર્થિક રીતે રાજય આજે દેશનાં ગ્રોથ એંજિન તરીકે પ્રસ્થાપિત થઈ ચૂકયું છે. ઉદ્યોગ ક્ષેત્ર ૧૩% નાં દરે અને કૃષિ ક્ષેત્ર ૧૦.૭%નાં દરે વિકસી રહ્યું છે. માથાદીઠ આવક ૧૩.૮% નાં દરે વધવા પામી છે. દેશની નિકાસમાં ગુજરાતનો હિસ્સો ૨૨% છે, જયારે માર્કેટ કેપિટલાઈઝેશનમાં રાજયનો હિસ્સો ૩૦% છે. રાજયના પ્રત્યેક નાગરિકનાં ચહેરા પર ખુશહાલી લાવવાના સ્પષ્ટ અભિગમ સાથે સર્વસમાવેશક, સર્વગ્રાહી આયોજન દ્વારા વિકાસનાં ફળ છેવાડાનાં માણસ સુધી પહોંચે એ ગુજરાતની ફિલોસોફી રહી છે.

**"India has the power of new energy in the form of its youth... India has the warmth of participation in the form of its democracy. And friends! Gujarat always represents the best of what is India"**

# જૂનાગઢમાં જીલ્લામાં તાલુકા કક્ષાના મિલેટ્સ ચર મેળાનું આયોજન

## વંથલી અને કેશોદમાં આજ તા.૭મી ઓક્ટોબરે મિલેટ્સ ચર મેળોનો પ્રારંભ

જૂનાગઢ, તા.૭
વર્ષ-૨૦૨૩ની આંતરરાષ્ટ્રીય મિલેટ્સ ચર તરીકે ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે મીલેટ્સ એટલે કે તૃણ ધાન્યના આરોગ્યની દ્રષ્ટિએ લાભ સાથો સાથ મિલેટ્સ પાકમાં આવતા રોગો અટકાવવા અને આ તૃણ ધાન્યના મૂલ્યવર્ધન વગેરે બાબતોને આવરી લઈ જિલ્લાભરમાં મીલેટ્સ ચર મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આજ તા.૭-૧૦-૨૩ના રોજ વંથલી ખાતે માર્કેટિંગ યાર્ડ અને કેશોદમાં શ્રી પી.એન. ચાવડા આહીર સમાજ ખાતે મેળાનો પ્રારંભ થયો છે તેમજ તા.૯-૧૦-૨૩ના રોજ જૂનાગઢ શહેર તથા ગ્રામ્યનો જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના ઓડિટોરિયમમાં અને માંગરોળના લોએજ ખાતેના આહીર સમાજ- ડિઝાસ્ટર હોલમાં, તા.૧૩-૧૦-૨૩ના રોજ વિસાવદરના પટેલ સમાજ અને ભેંસાણના રાણપુર ખાતેના ગૌશાળા સમાજ ખાતે અને તા.૧૮-૧૦-૨૦૨૩ મેંદરડા ના સમઢીયાળા ગામના પટેલ સમાજ ખાતે મીલેટસ ચર મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ-૨૦૨૩ અંતર્ગત યોજના હેઠળ જૂનાગઢ જિલ્લામાં તાલુકા કક્ષાના મેળા યોજાનાર છે. જેમાં ખેડૂતોને જુદા જુદા પદ્ધતિ અને સંકલિત રોગ જીવાત નિયંત્રણ મિલેટ્સ પાકમાં મૂલ્યવૃદ્ધિનું મહત્વ વગેરે જેવા વિષયો પર માર્ગદર્શન તેમજ સામાન્ય નાગરિકો તૃણ ધાન્યની વાનગીઓ અપનાવતા થાય તેવા આશયથી આ મેળામાં મિલેટ્સ વાનગીઓના પ્રદર્શન સ્ટોલ તેમજ વિવિધ શાખાઓ દ્વારા યોજનાકીય માહિતીનો સ્ટોલ પણ રાખવામાં આવશે. તેમ જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીની યાદીમાં જણાવાયું છે.

# સાસણમાં માલધારીઓના આર્થિક ઉત્કર્ષ માટે વર્કશોપ યોજાયો

## ગીરના માલધારીઓને દૂધનું મૂલ્યવર્ધન કરવા અને દૂધ બનાવટોને બ્રાન્ડ તરીકે પ્રસ્થાપિત કરવા માટે માર્ગદર્શન અપાયું





જૂનાગઢ, તા.૭
ગીર સાથે જેમનો કાયમી નાતો છે તેવા માલધારીઓના આર્થિક ઉત્કર્ષ માટે અને વન્ય પ્રાણીઓના સંવર્ધન માટે ગીર પશ્ચિમ વન વિભાગ દ્વારા સાસણ ખાતે એક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. ખાસ કરીને માલધારીઓના પશુઓની દૂધ ઉત્પાદકતા વધે અને તેમના પશુઓમાં આવતા જુદા જુદા રોગોને અટકાવી શકાય. આમ, જેથી પરોક્ષ રીતે વન્યપ્રાણીઓમાં પણ રોગોનું નિયંત્રણ કરી શકાય. ગીર પશ્ચિમના નાયબ વન સંરક્ષક પ્રશાંત તોમરના માર્ગદર્શનમાં વન્ય પ્રાણી સપ્તાહ અંતર્ગત આયોજિત સ્કિલ અપ ગ્રેડેશન વર્કશોપમાં પશુપાલન સાથે જોડાયેલા માલધારીઓને મૂલ્યવર્ધન માટે અને પોતાના ઉત્પાદનોને એક બ્રાન્ડ તરીકે પ્રસ્થાપિત કરવા માટે નિષ્ણાતોએ જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. કામધેનુ યુનિવર્સિટીના ડો. જે.બી. કથીરિયાએ દૂધ ઉત્પાદન વધારવા માટે પશુ માવજત, પશુઓનો ખોરાક વગેરે પશુ સંવર્ધનની બાબતોને વણી લઈને માલધારીઓ માટે ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું ઉપરાંત પશુઓમાં આવતા જુદા-જુદા રોગોના અટકાવ તથા નિયંત્રણ માટે વિગતવાર જાણકારી આપી હતી. ગીર ગાયના ઉત્પાદકો અને તેના સંવર્ધન માટે જાણીતા બનેલા જામકા ગામના પ્રગતિશીલ ખેડૂત પરષોત્તમભાઈ સિદપરાએ ખાસ કરીને માલધારીઓ પશુપાલન દ્વારા જે દૂધ ઉત્પાદન મેળવી રહ્યા છે, તેના મૂલ્યવર્ધનના સંદર્ભમાં કહ્યું કે, ગીરના કારણે અહીંની દૂધ બનાવટોને મોટી ઓળખ મળવાની સંભાવનાઓ પડેલી છે. ગીરના માલધારીઓ માત્ર દૂધના વેચાણ કરવાને બદલે જો તેનું મૂલ્યવર્ધન કરીને પેંડા, પનીર, માવો વગેરે બનાવીને વેંચાણ કરવામાં આવે તો મોટી આવક મેળવી શકાય તેમ છે.

આ માટે તેમણે વન વિભાગના સહયોગ સાથે માલધારીઓને જરૂરી તાલીમ આપવાની સાથે જરૂરી ટેકનોલોજી માટે પૂરતી મદદ કરવા માટે તૈયારી દર્શાવી હતી. ઉમિયા ફાઉન્ડેશનના કેતનાબેન ગજ્જરે ગાયના છાણમાંથી બનાવતી વિવિધ ચીજ વસ્તુઓની જાણકારી આપી હતી. જેથી માલધારીઓ આવક નો વધુ એક સ્ત્રોત ઊભો કરી શકે. આ માટે રસ ધરાવતા લોકોને અલગથી તાલીમ પણ આપવામાં આવશે. નાયબ વન સંરક્ષક પ્રશાંત તોમરે આ કાર્યશાળાની પૂર્વભૂમિકા આપતા જણાવ્યું કે, સમય સાથે કદમતાલ મિલાવીને પ્રગતિ સાધી શકાય છે. જેથી પશુપાલન જેવા ક્ષેત્ર માટે પણ નવું જ્ઞાન અને ટેકનિક અપનાવી ખૂબ જરૂરી બની રહે છે. આમ, ગીરના માલધારીઓની આવક અને સમૃદ્ધિમાં વધારો થાય તે માટે આ કાર્ય શાળાનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમના અંતમાં આર.એફ. ઓ. ગઢવીએ આભાર વિધિ કરી હતી. આ કાર્યશાળામાં વન વિભાગના અધિકારીઓ અને માલધારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ૧૫ દિવસ અટક્યો અભ્યાસ પણ 'સ્વાગત' થકી વિદ્યાર્થીનું શિક્ષણકાર્ય પૂર્વવત થયું

## કલેકટર અનિલકુમાર રાણાવસિયાએ વિદ્યાર્થીના અભ્યાસને અસર ન પહોંચે તે માટે ત્વરિત શિક્ષણકાર્ય પૂર્વવત થાય તે માટે આપેલા નિર્દેશ : વિદ્યાર્થીના પિતાએ કલેકટરનો માન્યો આભાર

જૂનાગઢ, તા.૭
જૂનાગઢના એક સામાન્ય પરિવારના ૧૧ વર્ષના દીકરાનું શિક્ષણ કાર્ય અટકી પડ્યું હતું. આ વિદ્યાર્થીને આમ'તો ઈઈ હેઠળ વિનામૂલ્ય એક ખાનગી શાળામાં પ્રવેશ મળ્યો હતો. પરંતુ તેમ છતાં સ્કૂલ ફી બાબતે વિદ્યાર્થીનો અભ્યાસ ૧૫ દિવસ સુધી અટકી ગયો હતો. આ પ્રશ્ન જિલ્લા સ્વાગત કાર્યક્રમના માધ્યમથી કલેકટર અનિલકુમાર રાણાવસિયા સમક્ષ રજૂ થયો. તેમણે વિદ્યાર્થીના અભ્યાસને અસર ન પહોંચે તે માટે બાળકનું શિક્ષણકાર્ય ત્વરીત પૂર્વવત થાય તે જોવા માટે સંબંધીત અધિકારીઓને સૂચના આપી હતી. જેના પગલે આ વિદ્યાર્થી ફરી સ્કૂલે જતો થયો છે. આ બાળકના પિતા સલીમખાન પઠાણ તેમના પુત્ર મોહંમદખાનના શિક્ષણ કાર્ય અટકી જવાથી ખૂબ ચિંતિત હતાં. આ દરમ્યાન તેમના સ્નેહી-સંબંધી પાસેથી તેમને સ્વાગત કાર્યક્રમ વિશે જાણકારી મળી તેમ જણાવતા સલીમખાન કહે છે કે, RTE એટલે કે રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ મારા દીકરાને એક ખાનગી શાળામાં વિનામૂલ્યે પ્રવેશ મળ્યો હતો. તેમ છતાં ફી માટે જુદી જુદી રીતે માંગ કરવામાં આવી હતી. જે બાબતે જિલ્લા સ્વાગત કાર્યક્રમના માધ્યમથી કલેકટર શ્રી અનિલકુમાર રાણાવસિયા સમક્ષ આ પ્રશ્ન રજૂ કર્યો હતો. તેમણે મારા આ પ્રશ્નને રૂબરૂ સાંભળ્યું એટલું જ નહીં પણ સંબંધિત અધિકારીને બાળક ફરીથી સ્કૂલ શરૂ થાય તે જોવા અને બાળકને સ્કૂલે મૂકવા સુધીના આદેશ આપ્યા હતા. આમ, સલીમ ખાનનો આ પ્રશ્ન હેલ થતા સંતોષની લાગણી સાથે રાજીપો વ્યકત કર્યો હતો. સાથો સાથ કલેકટર અનિલકુમાર રાણાવસિયાનો પણ આભાર પ્રગટ કર્યો હતો.

## આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત સુત્રાપાડાના ગામોમાં કળશ યાત્રા નીકળી


(જાદવ ભોળા દ્વારા) લોઢવા ,તા ૭



દેશના દરેક ઘરથી એક ચપટી માટી અથવા ચોખા અમૃત કળશમાં એકઠા કરવામાં આવી રહ્યાં છે અને એકત્રિત વસ્તુઓનો ઉપયોગ કર્તવ્ય પથ પાસે અમૃત વાટિકા તથા આઝાદી કા અમૃત મહોત્સવ સ્મારકના નિર્માણમાં કરાશે. આ કાર્યક્રમ અંતર્ગત સુત્રાપાડા તાલુકાના અમરાપુર ગામથી તાલાળા-સૂત્રાપાડા મત વિસ્તારના ધારાસભ્ય ભગવાનભાઈ બારડે આ કળશ યાત્રાનો પ્રારંભ કરાવ્યો. આ કળશ યાત્રા અમરાપુર, સરા, આલીદ્રા, વાસાવડ, પ્રાસલી, ભુવાટીબી, ખેરા, સોલાજ, કડસલા, બરૂલા, થરેલી, પાદરૂકા, મોરસા, ચગિયા, બોસંન વગેરે ગામો કળશ યાત્રા ફરી લોકો ઉત્સાહભર કળશમાં માટી અને ચોખા અર્પણ કર્યા હતા. આ પ્રસંગે તાલુકા ભાજપના પ્રમુખ ભગવાનભાઈ બારડ, જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ રાજવિરસિહ ઝાલા, સૂત્રાપાડા તાલુકા ભાજપના મહામંત્રી બચુભાઈ મેર, જિલ્લા પંચાયત સદસ્ય જાદવભાઈ ભોળા, અરશીભાઈ મેર તાલુકા પંચાયતના સદસ્યો, સંગઠનના પદાધિકારીઓ, યુવા મોરચાના કાર્યકર્તા, મહિલા મોરચાની બહેનો અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# વેરાવળ તાલુકાના વડોદરા ડોડીયા ગામના જયેશભાઈ ડોડીયાએ ૬૦મી વખત રક્તદાન કર્યું

## ૧૬ વર્ષના હતા ત્યારે પ્રથમ વખત રક્તદાન કર્યું હતું, જિંદગીમાં ૧૦૮ વખત રક્તદાન કરાવવાનો સંકલ્પ



વેરાવળ, તા.૭
વેરાવળ તાલુકાના વડોદરા ડોડીયા ગામે રહેતા જયેશભાઈ ડોડીયાએ ૬૦મી વખત રકતદાન કરી અને અન્ય લોકોને રકતદાન કરવાની અપીલ કરી છે. વડોદરા ડોડીયા ગામે રહેતા ૩૮ વર્ષીય જયેશભાઈ ધાનાભાઈ ડોડીયાએ વેરાવળની સરકારી હોસ્પિટલમાં આયુષ્યમાન ભવઃ અભિયાન અંતર્ગત યોજાયેલા બ્લડ ડોનેશન કેમ્પમાં ૬૦મી વખત રકતદાન કર્યુ છે. જયેશભાઈ ડોડીયા એ જણાવ્યું હતું કે, રકતદાનએ મહાદાન છે. રકતદાન થકી અનેક લોકોની જિંદગી બચી શકે છે, હું ૧૬ વર્ષનો હતો ત્યારથી મેં રકતદાન કરવાનું શરૂ કર્યુ છે. કારણ કે તે સમયે સગર્ભા મહિલાને તાત્કાલિક રકતની જરૂર પડતા મે રકતદાન કર્યુ હતું. ત્યારથી મને રકતદાનની પ્રેરણા મળી છે અને આજે ૬૦મી વખત રકતદાન કર્યુ છે. જિંદગીમાં ૧૦૮ વખત રકતદાન કરવાનો સંકલ્પ છે કારણ કે, રકતદાન થકી કોઈની જિંદગી બચી શકે છે. મારી અપીલ છે કે દરેક લોકોએ રકતદાન કરવું જેથી લોકોની જિંદગી બચી શકે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# વિપક્ષી ગઠબંધન એટલે એકતાનો અભાવ !!

પંજાબની આપ સરકારે કોંગ્રેસના ધારાસભ્ય સુખપાલ સિંહ ખેહરાની ધરપકડ કર્યા બાદ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે આરોપ-પ્રત્યારોપનો સિલસિલો ચાલુ થઈ ગયો છે તેનું આશ્ચર્ય નહીં. ખેહરાને માદક પદાર્થોની તસ્કરી સાથે જોડાયેલા કેસમાં ધરપકડ કરવામાં આવી છે. એક સમયે આમ આદમી પાર્ટીમાં રહી ચૂકેલા ખેહરાની આ મામલે પહેલાં પણ ધરપકડ કરવામાં આવી હતી, પરંતુ ત્યારે તેમને સુપ્રીમ કોર્ટમાંથી રાહત મળી ગઈ હતી. કહેવું મુશ્કેલ છે કે પંજાબ પોલીસે આ જૂના કેસમાં તેમના વિરુદ્ધ એવું શું મળ્યું કે તેમની ધરપકડ કરી લીધી, પરંતુ એટલું ચોક્કસ છે કે તેમની ધરપકડ બાદ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીમાં સમન્વયની શક્યતા વધુ ઘટતી દેખાઈ રહી છે. આ બંને પક્ષો વિપક્ષી ગઠબંધનના ઘટક છે અને એકજુટ થઈને ભાજપનો મુકાબલો કરવાનો દમ ભરી રહ્યા છે. જોકે પંજાબ અને દિલ્હીના કોંગ્રેસના નેતા આમ આદમી પાર્ટી સાથે જવા તૈયાર નથી, પરંતુ કોંગ્રેસ નેતૃત્વ આ બંને રાજ્યોના પોતાના નેતાઓની વાંધાને મહત્ત્વ નથી આપી રહ્યા. એ સમય જ બતાવશે કે કોંગ્રેસ નેતૃત્વ સુખપાલ સિંહ ખેહરાની ધરપકડ બાદ પણ આમ આદમી પાર્ટી પ્રત્યે નરમ બની રહેશે કે નહીં, પરંતુ તેની અવગણના ન કરી શકાય કે અરવિંદ કેજરીવાલે મધ્ય પ્રદેશ અને છત્તીસગઢમાં એ સીટો પર પણ પોતાના ઉમેદવારોના નામ જાહેર કર્યા છે, જ્યાં કોંગ્રેસના ધારાસભ્યો છે. તેઓ રાજસ્થાનમાં પણ ચૂંટણી લડવાની તૈયારી કરી રહ્યા છે.

આખરે આ કેવું ગઠબંધન છે, જેનો એક ઘટક બીજાનાં મૂળિયાં કાપવા તત્પર છે? પ્રશ્ન એ પણ છે કે આ પ્રકારના ઘટનાક્રમથી જનતાને એ સંદેશ જઈ શકશે કે વિપક્ષી ગઠબંધન એકજૂટ છે? વિપક્ષી ગઠબંધન સામે સમસ્યા માત્ર પંજાબ અને દિલ્હીમાં જ નથી. બંગાળમાં કોંગ્રેસના પ્રમુખ નેતા અને લોકસભામાં પાર્ટીના નેતા અધીર રંજન ચૌધરી મુખ્યમંત્રી મમતા બેનર્જી પર શાબ્દિક હુમલા કરવાનો કોઈ મોકો નથી છોડી રહ્યા. મમતા પણ કેટલીય વાર એ સ્પષ્ટ કરી ચૂક્યાં છે કે તેમને બંગાળમાં કોંગ્રેસ અને ડાબેરીઓનો સાથ પસંદ નથી. ડાબેરી પક્ષો ભલે બંગાળમાં કોંગ્રેસ સાથે હોય, પરંતુ કેરળમાં તેઓ તેને જ પોતાનો મુખ્ય પ્રતિદ્વંદ્વી માને છે અને તેને કોઈ રાહત આપવા તૈયાર નથી. તેમણે એ સંકેત પણ આપી દીધો છે કે લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસ સાથે તાલમેલ સંભવ નથી. વિપક્ષી ગઠબંધનમાં બધું જ બરાબર નથી, તેનું એક પ્રમાણ ગત દિવસોમાં ત્યારે પણ મળ્યું, જ્યારે હરિયાણાના કેથલમાં ચૌધરી દેવીલાલની જયંતીના અવસર પર ઈન્ડિયન નેશનલ લોકદળ દ્વારા આયોજિત એક રેલીમાં નિમંત્રણ બાદ પણ વિપક્ષી ગઠબંધનના કેટલાય ઘટકોના નેતા પહોંચ્યા જ નહીં. કોંગ્રેસે તો એક રીતે આ રેલીનો જ બહિષ્કાર કરી લીધો. વિપક્ષી ગઠબંધનના કેટલાય ઘટકોની ઈચ્છા બાદ પણ કોંગ્રેસ ઈનેલોનો સાથ લેવા માટે તૈયાર નથી.

### 'શ્રમિક અન્નપૂર્ણા યોજના' શરુ કરીને ગુજરાત સરકારે શ્રમિકો માટે એક નવી કેડી કંડારી

# રાજ્ય સરકાર દ્વારા માત્ર રૂ. ૫/-ના રાહત દરે શ્રમિકોને ભરપેટ ભોજન

## રાજ્યના ૧૦ જિલ્લામાં કુલ ૧૧૮ કડીયાનાકાઓ ખાતે ભોજન વિતરણ કેન્દ્રો કાર્યરત

ગાંધીનગર,તા.૦૭

કોઈપણ રાજ્યની સરકાર શ્રમયોગી કે મજૂર વર્ગને પૌષ્ટિક ભોજન તૈયાર કરીને સાવ નજીવા દરે આપે એનાથી રૂડું બીજું શું હોઈ શકે ? આવા શુભ આશય સાથેની 'શ્રમિક અન્નપૂર્ણા યોજના' શરુ કરીને ગુજરાત સરકારે શ્રમિકો માટે એક નવી કેડી કંડારી છે. રાજ્યના મકાન અને અન્ય બાંધકામ શ્રમિકોને પૌષ્ટિક, સાત્વિક અને સ્વાદિષ્ટ ભોજન મળી રહે, ઉપરાંત તેમનું આર્થિક ભારણ પણ ઘટે તે માટે રાજ્ય સરકાર દ્વારા માત્ર રૂ. ૫/-ના રાહત દરે તેમને ભરપેટ ભોજન આપવામાં આવે છે. રાજ્યમાં અત્યારે ૧૦ જિલ્લામાં કુલ ૧૧૮ કડિયાનાકાઓ ખાતે આ ભોજન વિતરણ કેન્દ્રો કાર્યરત છે.રાજ્યના ગ્રામીણ વિસ્તારોમાંથી રોજગારીની શોધમાં અનેક શ્રમજીવી પરિવારો શહેરોમાં આવે છે. બાંધકામ સ્થળો ખાતે રોજગારી મેળવવા તેઓ રોજ સવારે કડીયાનાકા પર એકત્રિત થાય છે, જેથી તેમણે વહેલી સવારે રસોઈ કરવી પડે છે. કેટલાક તો સવારે માત્ર નાસ્તો કરીને જ આખો દિવસ કામ કરતા હોય છે,જેના કારણે તેમને પોષણયુક્ત આહાર મળતો નથી. સવારે કડીયાનાકા પરથી જ શ્રમયોગીઓને રાહત દરે પૌષ્ટિક અને સાત્વિક આહાર આપવામાં આવે તો તેઓ તંદુરસ્ત રહીને વધુ કામ કરી શકે. આવા શુભ આશય સાથે ગુજરાતમાં વર્ષ ૨૦૧૭માં 'શ્રમિક અન્નપૂર્ણા યોજના' શરુ કરવામાં આવી હતી. શ્રમિક અન્નપૂર્ણા યોજના શરુ થઈ ત્યારથી લઈ વર્ષ ૨૦૨૦ સુધીમાં કુલ ૧.૧૫ કરોડથી વધુ પ્લેટ ભોજન વિતરણ કરવામાં આવ્યું હતું, પરંતુ કોરોના મહામારીના કારણે આ યોજનાને સ્થગિત કરવામાં આવી હતી. રાજ્યના શ્રમયોગીઓના હિતાર્થે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે વર્ષ ૨૦૨૨માં આ યોજના ફરી એકવાર કાર્યરત કરવામાં આવી હતી. હાલમાં રાજ્યના વિવિધ કડીયાનાકાઓ ખાતેથી રોજના સરેરાશ ૨૨ હજારથી વધુ શ્રમિકોને ભોજન વિતરણ કરવામાં આવી રહ્યું છે. આ યોજના ફરી શરુ થઈ ત્યારથી આજ સુધીમાં કુલ ૪૬.૯૧ લાખથી વધુ ભોજન પ્લેટનું વિતરણ કરાયું છે. રાજ્યમાં હાલ અમદાવાદ જિલ્લામાં ૪૭, ગાંધીનગર જિલ્લામાં ૦૪, વડોદરા જિલ્લામાં ૧૨, સુરત જિલ્લામાં ૧૮, રાજકોટ જિલ્લામાં ૯, વલસાડ જિલ્લામાં ૬, મહેસાણા જિલ્લામાં ૭, નવસારી જિલ્લામાં ૩, પાટણ જિલ્લામાં ૮ અને ભાવનગર જિલ્લામાં ૪ ભોજન વિતરણ કેન્દ્રો કાર્યરત છે. આમ, રાજ્યના ૧૦ જિલ્લામાં કુલ ૧૧૮ કડીયાનાકાઓ ખાતે ભોજન વિતરણ કેન્દ્રો કાર્યરત છે. આ ઉપરાંત જે બાંધકામ સ્થળ ખાતે ૫૦થી વધુ શ્રમિકો હોય તેવી બાંધકામ સાઈટ પર જઈને સ્થળ ઉપર જ ભોજન વિતરણ કરવામાં આવે છે. શ્રમિક અન્નપૂર્ણા યોજના અંતર્ગત માત્ર રૂ.૫/-માં શ્રમિક પરિવારને રોટલી, શાક, કઠોળ, ભાત, અથાણું, મરચા અને ગોળ સહિતનું સ્વાદિષ્ટ પૌષ્ટિક ભોજન આપવામાં આવે છે. વધુમાં સપ્તાહમાં એક વાર સુખડી કે શીરા જેવા મિષ્ટાન્નનો પણ સમાવેશ કરવામાં આવે છે. એક ભોજનમાં શ્રમિકના જરૂરિયાત મુજબ અંદાજે ૬૨૫ ગ્રામ અને ૧૫૨૫ કેલેરી ભોજન આપવામાં આવે છે, જેથી તેઓ તંદુરસ્ત રહી શકે.

રાજ્યના વધુમાં વધુ બાંધકામ શ્રમિકો સુધી શ્રમિક અન્નપૂર્ણા યોજનાનો લાભ પહોંચાડવાની રાજ્ય સરકારની નેમ છે. એટલા માટે જ, વર્ષ ૨૦૨૩-૨૪ના અંત સુધીમાં રાજ્યમાં કુલ ૧૫૦ કડીયાનાકાઓ પર ભોજન વિતરણ કેન્દ્રો શરૂ કરવાનું આયોજન છે.જેમાં દરરોજ અંદાજીત ૨૫ હજાર કરતાં વધુ શ્રમયોગીઓ સુધી આ યોજનાનો લાભ પહોંચાડવામાં આવશે. આ માટે ચાલુ વર્ષના અંદાજપત્રમાં રૂ. ૫૦.૪૦ કરોડની જોગવાઈ પણ કરવામાં આવી છે. ગુજરાત અત્યારે દરેક ક્ષેત્રે પૂરવેગ સાથે અગ્રીમ હરોળ તરફ આગળ વધી રહેલું રાજ્ય છે. રાજ્યના શ્રમયોગી પરિવારોના આર્થિક, સામાજિક અને શૈક્ષણિક ઉત્કર્ષ માટે 'શ્રમેવ જયતે'ના મંત્ર સાથે રાજ્ય સરકારે વિશેષ આયોજન કર્યું છે. શ્રમિકો માટેની મહત્વકાંક્ષી 'શ્રમિક અન્નપૂર્ણા યોજના'થી આજે રાજ્યના અનેક શ્રમિક પરિવારોને ખાસ કરીને મહિલા શ્રમિકોને ઘણી રાહત મળી છે.

# ૧૨ ઓક્ટોબર સુધીમાં બંગાળના ઉપસાગરમાં તબાહી મચે તેવી શક્યતા : અંબાલાલ પટેલ

ગાંધીનગર,તા.૦૭

આગાહીકાર અંબાલાલ પટેલની આગાહી આવી ગઈ છે. ગુજરાતમાંથી ચોમાસાએ વિદાય લઈ લીધી છે. પરંતુ તેમ છતાં ગુજરાતમાં વરસાદની આગાહી છે. આ વિશે હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે જણાવ્યું કે, આ વખતે એક પછી એક પશ્ચિમી વિક્ષેભ આવતા અને ઉત્તર ભારતમાં ઠંડી જલ્દી આવશે. બીજી બાજુ વહેલી સવારે અને મોડી રાતે ગુલાબી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. ત્યારે ગુજરાતમાંથી ચોમાસાની સત્તાવાર વિદાયની જાહેરાત કરવામા આવી છે. આ સાથે તેમણે રાજ્યમાં આગામી પાંચ દિવસ કેવું વાતાવરણ રહેશે તે અંગે પણ આગાહી કરી છે. જળની અસરના કારણે ગુજરાતમાં પણ વહેલી સવારે અને રાત્રે ઠંડા પાવનોના કારણે ઠંડક વધશે. હાલની ગરમીમાં ઘટાડો થશે. ૫-૬-૭ ઓક્ટોબરે ગુજરાતમાં વાદળો આવશે. જેમાં બેવડી ઋતુનો અનુભવ થશે. જનધનમાં રોગ આવવાની શક્યતા છે. ૭ થી ૧૦ ઓક્ટોબરે દેશના ઉતરીય પર્વતીય પ્રદેશો પંજાબ, રાજસ્થાન, હરિયાણામાં કરા સાથે વરસાદ થશે, જેની અસર ગુજરાતમાં પણ થવાની શક્યતા છે. ત્યાર બાદ પણ પશ્ચિમી વિક્ષોભ આવશે. સીઝનની પહેલી હિમવર્ષા ૭-૯ ઓક્ટોબરમાં થશે. ૧૨ ઓક્ટોબર સુધીમાં બંગાળના ઉપસાગરમાં તબાહી મચે તેવી શક્યતા છે. ૧૨ ઓક્ટોબરે અરબસાગરમાં પણ હલચલ થઈ શકે છે. ગુજરાતમાંથી ચોમાસાની સત્તાવાર વિદાયની જાહેરાત કરતા જણાવ્યુ છે કે, વરસાદ પૂર્ણ થયો છે. વરસાદ બાદના ઓક્ટોબર અને નવેમ્બર, આ બે મહિનાને ટ્રાન્ઝેશન પિરીયડ કહેવામાં આવે છે. આ બે મહિનામાં મોટાભાગે તાપમાનમાં વધારે ફેરફાર નથી થતો. અત્યારે દિવસના તાપમાન અને રાતના તાપમાનમાં વધારે ફેરફાર થતા નથી. આ ઉપરાંત તેમણે એમ પણ જણાવ્યુ કે, હજી ઠંડી શરૂ નથી થઈ તેનો અર્થ કે અત્યારે ઠંડી પડવાની શક્યતા નથી. ટેમ્પરેચર ઘણું જ નોર્મલ છે. આગામી ચાર પાંચ દિવસ પણ હવામાન સામાન્ય રહેવાની શક્યતા છે. એટલે આગામી દિવસોમાં ૨૨થી ૨૪ ડિગ્રી સેલ્શિયસ તાપમાન રહેવાની શક્યતા છે. અંબાલાલ પટેલે નવરાત્રિમાં વરસાદની આગાહી કરી છે. તેમણે કહ્યું કે, દક્ષિણ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં વરસાદની શક્યતા છે. તાપી, સુરત, નવસારી, ડાંગ, આહવાના ભાગોમાં વરસાદની શક્યતા છે. ૭ ઓક્ટોબર પછી ચક્રવાત બનવાની સંભાવના છે. જેમાં ૧૨ થી ૧૫ ઓક્ટોબર દરમિયાન ભારે વાવાઝોડાની સંભાવના છે. તો હવામાન વિભાગની આગાહી એવી છે કે, રાજ્યમાં આગામી ૭ દિવસ તાપમાન યથાવત રહેશે. ૧૪ અને ૧૫ ઓક્ટોબરના વરસાદની કોઈ શક્યતા નથી. હાલ કોઈ સિસ્ટમ બનવાની શક્યતા નથી. રાજ્યના મોટા ભાગના જિલ્લામાંથી ચોમાસાની વિદાય થઈ ગઈ છે. આગામી બે દિવસમાં સમગ્ર રાજ્યમાંથી ચોમાસુ વિદાય લેવાની શક્યતા છે. રાજ્યમાં આગામી ૭ દિવસ વાતાવરણ સૂકું રહેશે. સાથે જ ઓક્ટોબરમાં તાપમાન સામાન્ય રહેશે. ત્યાં જ એક પ્રાઈવેટ હવામાન વેબસાઈટ અનુસાર ગુલમર્ગ, ધર્મશાળા, મુક્તેશ્વર, પીલીભીત ઔરાઈ, અશોક નગર, ઈંદોર, વડોદરા અને પોરબંદરથી થઈને દક્ષિણ-પશ્ચિમ મોનસૂન પરત આવી રહ્યું છે. આવનાર ૨ દિવસની અંદર જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, ગિલગિત-બાલ્ટિસ્તાન, મુઝફ્ફરાબાદ, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, પશ્ચિમ ઉત્તર પ્રદેશ, પશ્ચિમ મધ્ય પ્રદેશ, ગુજરાત રાજ્ય, પૂર્વી ઉત્તર પ્રદેશના અમુક ભાગો, મધ્ય પ્રદેશ અને



મહારાષ્ટ્રના અમુક ભાગોમાં દક્ષિણ-પશ્ચિમ મોનસૂનની વાપસી થઈ શકે છે. રાજ્યમાં ચોમાસાની વિદાયની શરુઆત થઈ ગયી છે.ઓક્ટોબરમાં રાજ્યમાં આકરો તાપ પડવાની સંભાવના છે.આગામી થોડા દિવસોમાં જ ગરમી વધશે. જ્યારે ગુજરાતમાં શિયાળો મોડો શરૂ થાય તેવી સંભાવના સ્કાયમેટે વ્યક્ત કરી છે.જો કે અંબાલાલ પટેલે નવરાત્રીમાં વરસાદની આગાહી કરી છે.આ વર્ષે નવરાત્રિ દરમિયાન વરસાદ વરસવાની આગાહી કરવામાં આવી છે. પ્રથમ નોરતાનાં દિવસે રાજ્યમાં અનેક સ્થળે વરસાદની સંભાવનાં છે. ૧૭ ઓક્ટોમ્બર બાદ બંગાળ-અરબ સાગરમાં વરસાદી સિસ્ટમ સક્રિય થશે. પ્રથમ નોરતામાં અને દશેરાનાં દિવસે વરસાદની આગાહી કરવામાં આવી છે.

# ભગવાન શ્રી રામચંદ્રજી અને ભગવાન શ્રીકૃષ્ણએ પણ શ્રાદ્ધ કર્મ કર્યા હોવાનો ઉલ્લેખ જોવા મળે છે

વેદકાળથી પિતૃઓનો મહિમા ગવાયો છે. શ્રાદ્ધને વેદોમાં પિતૃ યજ્ઞ તરીકે વર્ણવ્યો છે. વેદોમાં પૂર્વજોને ઉદેશીને પિતૃ યજ્ઞ કરવા જણાવાયું છે. વેદોમાં દેવતાઓ ની સ્તુતિઓની સાથે સાથે પિતૃઓની સ્તુતિઓનો પણ ઉલ્લેખ જોવા મળે છે.

શ્રાદ્ધ કર્મનું સનાતન ધર્મમાં ખૂબ જ મહત્વ છે. પ્રાચીન સનાતન ધર્મ અનુસાર આપણા પૂર્વજો દેવતુલ્ય છે. આ સંસારમાં આપણે જીવન પ્રાપ્ત કર્યું છે અને જે પ્રકારે તેઓએ આપણું લાલન-પાલન- પોષણ કરી આપણને કૃતાર્થ કર્યા તેના કારણે આપણે તેના સદાયને માટે ઋણી રહીએ છીએ. તેમની પ્રત્યે આપણું સમર્પણ અને કૃતજ્ઞના પ્રગટ કરવાની ભાવના સાથે આપણે શ્રાદ્ધ કરવું જોઈએ. શ્રાદ્ધ દ્વારા આપણા પિતૃઓના ઋણમાંથી મુક્ત થવા માટે આપણે પ્રયત્ન કરવો જોઈએ. આમ જોવા જઈએ તો પિતૃ પક્ષ એટલે કે શ્રાદ્ધ પક્ષ આદિકાળથી ચાલી આવતી સનાતન ધર્મની પરંપરા છે. તેને સનાતન ધર્મની એક વિશિષ્ટતા ગણાવીએ તો પણ કાંઈ ખોટું નથી.

શ્રાદ્ધ પક્ષ કે પિતૃ પક્ષ તથા શ્રદ્ધાદિક ક્રિયાઓનું પુરાણોમાં વિસ્તારથી વર્ણન જોવા મળે છે. પુરાણોનો સારાંશ લઈએ તો પિતૃ પક્ષ કે શ્રાદ્ધ પક્ષમાં કરેલા શ્રાદ્ધથી પૂર્વજોના આત્માને શાંતિ મળે છે. તેની સાથે તે શ્રાદ્ધ કરનારને પિતૃ ઋણમાંથી મુક્તિ મળે છે. આત્માની અમરતાનો સિદ્ધાંત ભગવાન શ્રીકૃષ્ણએ ગીતામાં આપ્યો છે.

આ અમર આત્મા જ્યાં સુધી પરમ આત્માને નથી મળતી ત્યાં સુધી તેને વિભિન્ન યોનીઓમાં ભટકવું પડે છે. આપણા સનાતન ધર્મના શાસ્ત્રોમાં દેવતાઓથી પહેલા પિતૃ દેવતાઓને પ્રસન્ન કરવા થી વધુ સારું કલ્યાણ થાય તેવું જણાવાયું છે. સમય અનુસાર શ્રાદ્ધ કરવાથી કે પિતૃ પૂજન કરવાથી પરિવારના બધા જ સભ્યોને સુખ શાંતિની પ્રાપ્તિ થાય છે.

મહાભારત કાળમાં પિતામહ ભીષ્મ રાજા યુધિષ્ઠિરને ઉપદેશ આપતા પિતૃ પક્ષમાં શ્રાદ્ધ કરવાની સાથે સાથે તેનું મહત્વ સમજાવે છે. જેનો ઉલ્લેખ ગરુડ પુરાણમાં જોવા મળે છે.

પ્રાચીન કાળમાં મહર્ષિ નિમિ નામના ઋષિ થઈ ગયા. તેના પુત્રનું સંજોગોવસાત આકસ્મિક મૃત્યુ થઈ ગયું. પિતાને પુત્ર નું મૃત્યુ અત્યંત કષ્ટદાયક હોય છે. તેથી મહર્ષિ નિમિ ખૂબ જ દુઃખી રહેવા લાગ્યા. ત્યાં અચાનક તેમની પાસે અત્રિ ઋષિનું આગમન થયું. અત્રિ ઋષિએ તેમને દુઃખી થયેલા જોઈ અને જણાવ્યું કે, તમે પુત્રનો શોક છોડી દો. તમારા પુત્ર એ તમારા પૂર્વજો પિતૃદેવોની પંક્તિમાં સ્થાન મેળવી લીધું છે. માટે તમે તેને ઉદેશીને શ્રાદ્ધ કરવાનું શરૂ કરી દો. મહર્ષિ નીમી એ અત્રિ ઋષિની વાત માની પિતૃ પક્ષમાં પુત્રને ઉદેશીને શ્રાદ્ધ કરવાનું શરૂ કરી દીધું. ત્યાર પછી તેમનું અનુકરણ કરતા બધા જ ઋષિ-મુનિઓએ શ્રદ્ધાદિક ક્રિયાઓ શરૂ કરી દીધી. જે પરંપરા આજ દિવસ સુધી ચાલી આવે છે.

રામાયણમાં પણ શ્રાદ્ધ નો ઉલ્લેખ જોવા મળે છે. ભગવાન શ્રી રામચંદ્રજીએ પોતાના પિતા રાજા દશરથનું શ્રાદ્ધ પોતાના વનવાસ દરમિયાન વિવિધ તીર્થ ક્ષેત્રોમાં કર્યું હતું. માતા સીતાજીએ ગયા તીર્થ ક્ષેત્રમાં સસરા રાજા દશરથનું શ્રાદ્ધ કરેલું. તે સ્થાન આજે પણ ફાલ્ગુ નદીના કિનારે ગયામાં મોજુદ છે.

ભગવાન શ્રી પરશુરામ એ પોતાના માતા રેણુકાજીનું શ્રાદ્ધ માતૃ ગયા સિદ્ધપુર ક્ષેત્રે કર્યું હતું. તેનો પણ ઉલ્લેખ જોવા મળે છે. ભગવાન શ્રીકૃષ્ણએ મહાભારતનું યુદ્ધ પૂર્ણ થયા બાદ યુધિષ્ઠિરજીને કૌરવો તેમજ પોતાની સેનામાં વીરગતિને પામેલાઓનું શ્રાદ્ધ કરવા પ્રેરણા આપેલી અને દ્વારકા પાસે આવેલ પિંડારક તીર્થક્ષેત્રમાં તેમની પાસે શ્રાદ્ધ કરાવ્યું હતું. ત્યાં ભગવાન શ્રીકૃષ્ણએ પણ પોતાના કુળના પૂર્વજોનું શ્રાદ્ધ કરેલું. શ્રીમદ ભાગવતમાં ગોકર્ણ પોતાના ભાઈ ધંન્ધુકારીનું શ્રાદ્ધ કાર્ય કરે છે તેનું વર્ણન જોવા મળે છે. આમ, પિતૃ પક્ષ અને શ્રાદ્ધિક્રિયાઓ સનાતન ધર્મમાં ખૂબ જ પ્રાચીન કાળથી ચાલી આવતી પરંપરા છે.

શ્રાદ્ધ -સરિતા

-દેવેન કનકચન્દ્ર વ્યાસ

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

શ્રમ શ્રેષ્ઠ પુરૂષનો મુખ્ય મંત્ર હોય છે.

- સેનેકા

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.અર્દીબહેસ્ત-૧૩૯૩, મુ. રબી-ઉલ્લ-અવ્વલ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, ભાદરવા વદ-૮ નોમનું શ્રાધ્ધ, સૌભાગ્યવતીનું શ્રાધ્ધ તા.૭ ઓક્ટોબર ૨૦૨૩, શનિવાર, પારસી તા.૨૩, મુસ્લિમ તા.૨૧, પુનર્વસુ નક્ષત્ર, શિવ યોગ, તૈતિલ કરણ, સૂ.ઉ.૬:૪૫, સૂ.અ.૬:૩૩

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મિથુન (ક છ ઘ), સાંજે ૫:૨૦ ક. પછી જન્મેલા બાળકની રાશી કર્ક (ડ હ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: નકારાત્મક વિચારોથી મન ભરાયેલું રહે. વ્યર્થ ઉદાસીનતા રહે.
વૃષભ:મનમાં મૂંઝવણ રહે. અપયશના ભોગ બનવું પડે.
મિથુન:ઈચ્છીત પરિસ્થિતિનું નિર્માણ થાય. સમસ્યાનો ઉકેલ મળે.
કર્ક: નવિન શુભ સમાચાર મળે. ચિંતાનું સમાધાન થાય.
સિંહ: રોકાયેલા નાણાં છૂટા થાય. નવિન આયોજનો પાર કરી શકશો.
કન્યા: આર્થિક લાભની તક મળે. તકનો લાભ ઉઠાવી શકશો.
તુલા: વડીલ વર્ગ સાથે સંઘર્ષ થાય. વાદ-વિવાદમાં ન પડવું હિતાવહ.
વૃશ્ચિક:મનમાં આનંદ રહે. પ્રતિકૂળ સમયમાંથી માર્ગ કાઢી શકશો.
ધન: મનમાં વ્યથા રહે. નાણાંભીડ અનુભવાય.
મકર: અંગત મૂંઝવણો દૂર થાય. જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે.
કુંભ: સફળતા માટે મહેનત વધારજો, મિત્ર વર્તુળથી લાભ રહે.
મીન: વિલંબમાં પડેલા કાર્યો પૂર્ણ થાય. સંતાનવર્ગથી લાભ થાય.

### ભારતના પેટ્રોલિયન પ્રધાનની ખુલ્લી વાત

# રશિયા પાસેથી સસ્તું ઓઈલ દેશ-વૈશ્વિક હિતોને ધ્યાનમાં રાખીને ખરીદ્યુ : પુરી

## પુરીએ રશિયા પાસેથી સસ્તુ ક્રુડ ખરીદવાની ભારતની યોજના અને તેનાથી દેશના નાગરિકોના હિત અંગે વાત કરી

નવી દિલ્હી, તા.૭

ભારતના પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરીએ સંયુક્ત આરબ અમીરાતમાં યોજાયેલ ઑઈલ એન્ડ ગેસ કોન્ફરન્સમાં ભાગ લીધો હતો. અહીં તેમણે રશિયા પાસેથી સસ્તુ ક્રુડ ખરીદવાની ભારતની યોજના અને તેનાથી દેશના નાગરિકોનું હિત તેમજ ૨૦૦૮ની મંદી અંગેનો પણ ઉલ્લેખ કર્યો છે. અબુધાબીમાં તેમણે વૈશ્વિક ક્રુડ તેલની ખરીદીમાં ભારતની હિસ્સો અને ક્રુડ ઓઈલની કિંમતો અંગે ભારતના વલણ પર ખુલીને વાત કરી. તેમણે કહ્યું કે, રશિયા પાસેથી સસ્તુ ક્રુડ ખરીદવાની ભારતની યોજનામાં દેશના નાગરિકોના હિતોનું ઉપરાંત વૈશ્વિક હિતોનું પણ ધ્યાન રખાયું છે. અન્યથા ૨૦૦૮ની મંદી જેવી સ્થિતિ સર્જાવાની આશંકાને ટાળી શકાય તેમ નથી. એડીઆઈપીઈસી ઑઈલ એન્ડ ગેસ કોન્ફરન્સના ભાગ લેતા પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરીએ વિશ્વભરમાં ક્રુડ તેલની વધતી કિંમતો અંગે ચિંતા વ્યક્ત કરી છે. તેમણે સંભાવના વ્યક્ત કરી છે કે, ક્રુડ ઓઈલની વધતી કિંમતો લાંબા સમય સુધી સંકટ લાવી શકે છે, જેના કારણે ૨૦૦૮ જેવું આર્થિક સંકટ ફરી જોવા મળી શકે છે. તેમણે કહ્યું કે, ભારત સરકારની સૌપ્રથમ પ્રાથમિકતા પોતાના નાગરિકોને સસ્તું ઈંધણ અને પેટ્રોલ-ડીઝલ ઉલબ્ધ કરાવવાની છે.

હરદીપ સિંહ પુરીએ કહ્યું કે, રશિયા પાસેથી સસ્તુ ક્રુડ તેલ ખરીદવાનો ભારતનો નિર્ણય કોઈપણ દેશની વિરુદ્ધમાં નથી, પરંતુ ભારતના નાગરિકો પ્રત્યે જવાબદારી સંભાળવાનું પ્રતિક છે. તેમણે સ્પષ્ટ કહ્યું કે, હું ભારત દ્વારા રશિયા પાસેથી ક્રુડ તેલ ખરીદી પર પશ્ચિમી પાખંડની નિંદા કરું છું. હું સમજાવી શકું છું કે, વૈશ્વિક ક્રુડ ઓઈલમાં વધતી કિંમતોના કારણે ૨૦૦૮ જેવી આર્થિક કટોકટી કેવી રીતે સર્જાઈ શકે છે.

ખાનગી ચેનલ સાથે ચર્ચા કરતા હરદીપ સિંહ પુરીએ કહ્યું કે, વિશ્વભરમાં દૈનિક ૫૦ લાખ બેરલ ક્રુડ ઓઈલનો ઘટાડો થઈ રહ્યો છે, જેની અસર ગરીબી દેશો પર તો થશે જ ઉપરાંત વિકસિત દેશો પણ બચી શકશે નહીં. ક્રુડ ઓઈલની ઉપલબ્ધતા ઘટવાની અસર વર્ષ ૨૦૦૮માં જોવા મળી છે અને આ વખતે યુક્રેન-રશિયા વચ્ચેની સ્થિતિના કારણે ૧૦ કરોડ લોકોને ગરીબી રેખા નીચે ધકેલી દેવાયા છે. હરદીપ સિંહ પુરીના કહેવા મુજબ, જો ગરીબી રેખા નીચે ધકેલાયા લોકો ક્રુડ ઓઈલથી ચાલતા ઈંધણ ઉત્પાદનના બદલે જુના પરંપરાગત ફ્યૂલનો ઉપયોગ કરવા મજબુર બનશે અને લાકડું અને ગંદા કોલસાનો ઉપયોગ કરશે તો ભયાનક સ્થિતિ સર્જાઈ શકે છે.

રશિયા વૈશ્વિક ક્રુડ ઓઈલના ઉત્પાદનનું દૈનિક ૧૦ ટકા પોડ્યુસ કરે છે. હરદીપ સિંહ પુરીએ કહ્યું કે, જો ભારત અને ૧-૨ દેશો રશિયા પાસેથી ક્રુડ ઓઈલ ખરીદવાનું બંધ કરી દે તો ક્રુડ ઓઈલની કિંમતો પ્રતિ બેરલ ૨૫૦ ડૉલર સુધી પહોંચી ગઈ હોત અને આવું ઓપેકના જનરલ સેક્રેટરીનું પણ માનવું છે. પુરીએ કહ્યું કે, તેની વૈશ્વિક અસર પણ થઈ શકે છે.


પશ્ચિમ દેશોના ઘણા ઈન્ટેલેક્ચ્યુએલ્સનું કહેવું છે કે, ભારતે રશિયા પાસેથી જેટલી સસ્તી કિંમતે ક્રુડ ખરીદવું છે, તે ખરીદતું રહે...

# હાર્ટ એટેકના હુમલામાં જીવ બચાવવા માટે CPR પ્રક્રિયા સરળ : લોકોમાં જાગૃતિ લાવવી જરૂરી

અમદાવાદ તા.૭

છેલ્લા બે વરસમાં પ્રિન્ટ મીડિયા અને સોશિયલ નેટવર્ક ઉપર વારંવાર એક જ પ્રકારના સમાચાર પ્રકાશિત થતા રહે છે. નાની ઉંમરે હાર્ટ એટેકથી થતા મૃત્યુદરમાં આટલા ટકાનો વધારો.'' સમાચાર અને આંકડાઓ ચોંકાવનારા હોય છે પણ આપણે તેના ઉપર ગંભીર વિચારણા કદીય કરતા નથી. યુવાવયમાં હૃદયના રોગી બનવું, ખરેખર તો એજ સૌથી મોટો ચિંતાનો વિષય છે. અને તેમાં મૃત્યુ થઈ જવું એ આધુનિક જમાનામાં ગંભીર બાબત તો ખરી જ પણ મેડિકલ માટે શરમજનક ઘટના પણ છે. ગંભીર એટલા માટે કે મેડિકલ સાયન્સમાં હૃદય રોગ માટે અદ્યતન તપાસો અને સારવાર ઉપલબ્ધ હોવા છતાંય મૃત્યુદર સતત વધી રહ્યો છે. અને શરમજનક એટલા માટે કે દરેક હાર્ટ એટેક પ્રાણઘાતક નથી જ હોતો, પણ અજ્ઞાનતા અને જાગૃતિના અભાવને કારણે યુવાવયે લોકો મૃત્યુ પામે છે. ખાનપાન, રહેણીકરણી, બેઠાડું જીવન, ડાયાબીટીસ, વ્યસનો, સ્ટ્રેસ જેવા અનેક કારણો હૃદય રોગને નિમંત્રણ આપે છે. જો આ બાબતો ઉપર નિરંતર સેમિનાર યોજાય, તજજ્ઞો દ્વારા હૃદય રોગથી બચવા માટે શું કરવું? અને શું ન કરવું? તેના ઉપર એજ્યુકેટ કરાય તો હાર્ટ એટેક ટાળવાનો એક સફળ પ્રયાસ થઈ શકે. પણ હાર્ટ એટેક આવી જ ગયો હોય તો મૃત્યુને ખાળવાનો પ્રયાસ થઈ શકે ખરો ? જવાબ ૧૦૦% 'હા' છે. મોત ટાળી ન શકાય પણ મોતથી બચવાનો પ્રયાસ તો જરૂર કરાય જ, અને તે કારગત પણ છે. જે રીતે ટીબી કે મેલેરીયા થાય (જે સારવારના અભાવે ઘાતક નીવડી શકે છે) અને આપણે દવા કરાવીએ છીએ જે મોતથી બચવાનો એક પ્રયાસ જ છે.

દુનિયાનો કોઈ માનવી મૃત્યુ ઈચ્છતો નથી, તે અણમોલ જિંદગી માટે દરેક શક્યતાઓ હંમેશા તરાશતો જ રહે છે. જેટલું મેલેરીયા કે ટાઈફોઈડમાં જીવન બચાવવું કપરૂ છે, હાર્ટ એટેકથી માણસને મોતના મુખેથી પાછું ખેંચવું એટલું જ સરળ છે. સરળ એટલા માટે કે મેલેરીયા કે ટીબીની સારવાર માટે તબીબી જ્ઞાન હોવું જરૂરી છે. જયારે હાર્ટ એટેકના હુમલામાં તાત્કાલિક જીવ બચાવવા માટે સહેજ તબીબી નિર્દેશનથી અથવા જાણકારી મેળવી સાવ અભણ વ્યકિત પણ કોઈનો જીવ બચાવી શકે છે. મોલ, રેલ્વે સ્ટેશન કે એરપોર્ટ કે કોઈપણ જાહેર જગ્યાએ અચાનક કોઈ વ્યકિત બેભાન થઈને ઢળી પડે છે, તેનું શરીર નિષ્ક્રિય બની જાય અને તેવામાં તેને તરત જ 'સીપીઆર' એટલે કે 'કાર્ડિઓપલ્મોનરી રિસકસીએશન'ન નામક સારવારની સાવ સામાન્ય પ્રક્રિયા થકી લગભગ મોતના મુખમાં પહોંચી ગયેલ વ્યકિતને નવજીવન બક્ષી શકાય છે.



હૃદય બંધ પડે એટલે તરત જ મગજ અને કિડની અને શરીરના દરેક અવયવોને લોહી પહોંચવાનું બંધ થઈ જાય છે. ઓક્સિજન ન મળવાથી શરીરના એક પછી એક અવયવો મૃત બનતા જાય છે. એટલે જેવું હૃદય બંધ પડે કે તરત જ વ્યકિતને સીપીઆર મળી જાય તો શરીરને થતું મહત્તમ નુકસાન અટકાવી શકાય છે. અને આ સમયગાળો બહુ નાજુક હોય છે. એમ્બ્યુલન્સ આવે અથવા દર્દીને હોસ્પિટલ પહોંચાડાય ત્યાં સુધીમાં તેના હૃદયને કાર્યરત રાખવું અનિવાર્ય બની જાય છે. અને હૃદયને કાર્યરત રાખવાની એ ક્રિયાને સીપીઆર કહેવાય છે. વિકસિત દેશોમાં પ્રાથમિક શાળાથી જ સીપીઆર વિષે શીખવાડવામાં અને જાગૃત કરવામાં આવે છે. આપણાં દેશમાં ઘણા સમાજમાં ભણતરનો જ અભાવ છે એટલે આવી કોઈ જનજાગૃતિ હોતી નથી. પણ આ પ્રક્રિયા એટલી સરળ છે કે અભણ માણસ પણ તે કરી શકે છે. અને સીપીઆરનું મહત્વ એટલે વધી જાય છે કે હૃદય બંધ પડ્યાના દર ત્રીજા વ્યકિતએ એકનો જીવ બચી જતો હોય છે. માણસની થોડીક સમયસૂચકતા અને થોડીક જાણકારી અણમોલ જીવ બચાવવા નિમિત્ત બની જતી હોય છે. સીપીઆરની આ સરળ પ્રક્રિયા અંગે સમાજને જાગૃત કરાય, દરેકને તેનાથી અવગત કરાવી શીખવાડવામાં આવે તો દેશ અને દુનિયાની સમગ્ર જીવસૃષ્ટિની વિશિષ્ટ સેવા કરી શકાય.

# ભારતે ૧૦ ઓકટોબર સુધીમાં ૪૧ રાજદ્વારીઓને પાછા બોલાવવાનું કહેતાં કેનેડાની 'ખાનગી મંત્રણા' કરવા માંગ



નવી દિલ્હી, તા.૭

ભારત સરકારે ઓટ્ટાવાને બંને દેશોમાં રાજદ્વારી હાજરીમાં સમાનતા સુનિશ્ચિત કરવા કહ્યું, તે પછી કેનેડા ડઝનેક રાજદ્વારીઓને પાછા બોલાવે તેવી શકયતા છે. વેનકુવર વિસ્તારમાં ખાલિસ્તાન તરફી નેતાની હત્યા અને કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટુડો દ્વારા કરવામાં આવેલા આક્ષેપને પગલે મિશનનું કદ ઘટાડવાનું ભારતનું આહ્‌વાન થયું હતું. જયારે બંને પક્ષોએ સંખ્યા ઉપર ટિપ્પણી કરી ન હતી. ઓટ્ટાવાથી ફાઈનાન્સિયલ ટાઈમ્સના એક અહેવાલમાં એક અજાણ્યા અધિકારીને ટાંકતા કહેવાયું હતું કે, કેનેડાના ભારતમાં ૬૨ રાજદ્વારીઓ હતા અને ભારત સરકારે તેને ૧૦ ઓકટોબર સુધીમાં ૪૧ લોકો ઘટાડવાનું કહ્યું હતું. તેનાથી સંખ્યા ઘટીને ૨૧ થઈ જશે, જે ઉત્તર અમેરિકાના દેશમાં નિયુકત કરાયેલા ભારતીય રાજદ્વારીઓની સંખ્યાની નજીક છે. રિપોર્ટ અનુસાર ભારતે એવી પણ ધમકી આપી છે કે, જો રાજદ્વારીઓ ૧૦ ઓકટોબર સુધીમાં દેશ નહીં છોડે તો તેમની રાજદ્વારી પ્રતિરક્ષા રદ કરી દેશે. કેનેડાએ હજુ સુધી સત્તાવાર રીતે સ્વીકાર્યુ નથી કે તેને ભારત દ્વારા તેના મિશનની સંખ્યા ઘટાડવા માટે કહેવામાં આવ્યું છે. હાઈ કમિશને અગાઉ કહ્યું હતું કે, કેટલાક રાજદ્વારીઓને વિવિધ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ ઉપર ધમકીઓ મળી હોવાથી કેનેડા ભારતમાં તેના 'સ્ટાફ પૂરક'નું મૂલ્યાંકન કરી રહ્યું છે અને ઘણી સાવચેતીથી ભારતમાં કર્મચારીઓની હાજરી 'અસ્થાયી રૂપે' સમાયોજિત કરવાનો નિર્ણય કર્યો છે. કેનેડાએ પણ હજુ સુધી એવો સંકેત આપ્યો નથી કે તે ભારતમાં કોન્સ્યુલર કામગીરી બંધ કરવા માંગે છે. ખાલિસ્તાન સમર્થકો તરફથી ભારતીય રાજદ્વારીઓને ધમકી આપીને ભારતે કેનેડામાં વિઝા સેવાઓ પણ સ્થગિત કરી દીધી છે. ભારતીય સરકારી સૂત્રોએ અહીં પણ પુનરોચ્ચાર કર્યો હતો કે કેનેડાએ હત્યામાં કોઈપણ ભારતીય એજન્ટની ભૂમિકાની સંડોવણી વિશે કોઈ ચોક્કસ પુરાવા શેર કર્યા નથી, તેમ છતાં યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટે સોમવારે ફરીથી ભારતને કેનેડિયન તપાસમાં સહકાર આપવા વિનંતી કરી હતી. કેનેડિયન મીડિયાએ અગાઉ અહેવાલ આપ્યો હતો કે ઓટ્ટાવાએ ભારતીય રાજદ્વારીઓને સંડોવતા વાર્તાલાપને અટકાવ્યા છે જે ગયા જૂનમાં નિજ્જરના ગોળીબારમાં સત્તાવાર સંડોવણી તરફ નિર્દેશ કરે છે. અહેવાલો અનુસાર હત્યાની તપાસમાં સમાધાન ટાળવા માટે કેનેડા ગુપ્ત માહિતી એકત્ર કરવાના સ્ત્રોતો અને પદ્ધતિઓનું રક્ષણ કરવા માંગે છે.

# વર્લ્ડકપમાં પાંચ બેટ્‌સમેન ઉપર રહેશે દુનિયાની નજર

નવી દિલ્હી, તા.૭

ક્રિકેટનો સૌથી મોટો મહાકુંભ એટલે કે વિશ્વકપ દેશમાં પાંચમી ઓકટોબરથી શરૂ થઈ ગયો છે. આ વર્લ્ડકપમાં કેટલાક એવા બેટ્‌સમેન છે જેમના પ્રદર્શન ઉપર સમગ્ર દુનિયાની નજર રહેશે. ભારતીય ક્રિકેટના સૌથી મોટા સ્ટાર વિરાટ કોહલીએ ૨૦૨૩ના એશિયા કપમાં પોતાના ફોર્મનો પુરાવો આપ્યો છે. પાકિસ્તાન સામે વિરાટની સદી વર્ષો સુધી યાદ રહેશે. ૩૪ વર્ષના વિરાટ કોહલી માટે આ છેલ્લો વર્લ્ડકપ પણ હોઈ શકે છે. વિરાટ વર્લ્ડકપમાં સદી ફટકારનાર સૌથી યુવા ભારતીય છે. કિંગ કોહલીએ ૨૦૧૧માં આ રેકોર્ડ પોતાના નામે કર્યો હતો. પાકિસ્તાનના કેપ્ટન બાબર આઝમે વર્લ્ડકપની શરૂઆત પહેલા પ્રેક્ટિસ મેચમાં ન્યુઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા સામે પોતાની સ્ટાઈલ બતાવી છે. જો કે, બાબર પહેલીવાર ભારત આવ્યો છે. આવી સ્થિતિમાં દરેક તેની બેટિંગ જોવા માંગતા હશે. બાબર જે ફોર્મમાં છે તેને જોઈને બધા કહી રહ્યા છે કે, તે વર્લ્ડકપમાં સરળતાથી ત્રણથી ચાર સદી ફટકારી શકે છે. ગત વર્લ્ડકપનો હીરો રોહિત શર્મા આ વખતે પણ અજાયબી કરી શકે છે. ઈંગ્લેન્ડમાં રમાયેલા ૨૦૧૯ વર્લ્ડકપમાં રોહિતે પાંચ સદી ફટકારીને આખી દુનિયાને ચોંકાવી દીધી હતી. રોહિતે વર્લ્ડકપ પહેલા જ સ્પષ્ટ કરી દીધું છે કે, તે આક્રમક બેટિંગ કરશે. આવી સ્થિતિમાં તેની બેટિંગ જોવા માટે દરેક લોકો ઉત્સાહિત છે. ઓસ્ટ્રેલિયાના પૂર્વ કેપ્ટન અને સિનિયર બેટ્‌સમેન સ્ટીવ સ્મિથ માટે પણ આ છેલ્લો વર્લ્ડકપ હોઈ શકે છે. તે આ વર્લ્ડકપમાં ત્રીજા નંબરે બેટિંગ કરશે. છેલ્લા બે વર્લ્ડકપમાં સ્મિથ ટીમની બેટિંગમાં મહત્ત્વની કડી સાબિત થયો છે. જો કે, આ વખતે ભારતમાં વર્લ્ડકપ રમાઈ રહ્યો છે, તેથી ટીમને સ્મિથની વધુ જરૂર છે. સ્મિથ ભારતીય પીચો ઉપર સરળતાથી રન બનાવવામાં પણ માહિર છે. તે ઝડપી બોલરોની સાથે સ્પિનરોને પણ આસાનીથી રમે છે. દરેકની નજર વર્લ્ડકપમાં સ્મિથના પ્રદર્શન ઉપર ટકેલી છે. ઈંગ્લેન્ડના ઓલરાઉન્ડર બેન સ્ટોક્સે ૨૦૨૩ વન-ડે વર્લ્ડ કપ માટે નિવૃત્તિ પાછી ખેંચી છે. સ્ટોક્સ આ વર્લ્ડકપમાં ઈંગ્લેન્ડ માટે ચોથા નંબર ઉપર પણ બેટિંગ કરી શકે છે. તે ભારતીય પીચો ઉપર સારી રીતે રમી શકે છે, તે ઘણો અનુભવી પણ છે.

# ખનીજનું વહન કરતા વાહનોમાં ટ્રેકિંગ ડિવાઈસ લગાવવા માટે મુદ્દત વધારાઈ

ગાંધીનગર,તા.૭

રાજયમાં ખનીજ ચોરી બેફામ રીતે થઈ રહી હોઈ તેને અંકુશમાં લાવવા સરકાર દ્વારા વિવિધ પગલા લેવાઈ રહ્યા છે તેમાં વધુ પગલા લેતા અગાઉ સરકારે ખનીજના વાહનો માટે ડિવાઈસનો નિર્ણય લીધો હતો. રાજયમાં ખનિજ કામગીરી સાથે સંકળાયેલા વાહનોની નોંધણી-રજિસ્ટ્રેશન કરીને 'વ્હીકલ ટ્રેકિંગ ડિવાઈસ'- VTD લાગાવવાની મુદત તા. ૦૧ નવેમ્બર સુધી એટલે કે એક માસ વધારવામાં આવી છે. રાજયમાં ખનિજ કામગીરી સાથે સંકળયેલા તમામ વાહનોની નોંધણીરજિસ્ટ્રેશન કરીને 'વ્હીકલ ટ્રેકિંગ ડિવાઈસ'- VTD લગાવાનું ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશ્નર દ્વારા નક્કી કરવામાં આવ્યું હતું. જેમાં એન્ડ-યુઝર રજિસ્ટ્રેશન અંતર્ગત 'વ્હીકલ ટ્રેકિંગ ડિવાઈસ' લગાવવાની કામગીરી ૬૦ દિવસમાં એટલે કે તા.૩૦ સપ્ટેમ્બર-૨૦૨૩ સુધીમાં પૂર્ણ કરવાની હતી. પરંતુ આ અંગે વિવિધ એશોસિએશન તરફથી મળેલી રજૂઆતોને ધ્યાનને લઈ VTD લગાવવાની મુદત તા. ૦૧ નવેમ્બર સુધી વધારવામાં આવી છે તેમ, ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશ્નર ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

# હાઈસ્પીડ ઈન્ટરનેટ અને ટેકનોલોજીના યુગમાં મોબાઈલ અને ટેબલેટનો રચનાત્મક વપરાશ કરો તો જ્ઞાનનો ભંડાર જ્યારે આડેધડ ઉપયોગ અત્યંત ઘાતક

**જો મોબાઇલ અને ટેબલેટની વાત કરીએ તો હાયર સેકન્ડરીમાં અભ્યાસ કરતા બાળકો તેમજ પ્રવેશ પરીક્ષા તેમજ સ્પર્ધાત્મક ભરતી પરીક્ષામાં એપીયર થનારા વિદ્યાર્થીઓ માટે ખૂબ જ આશીર્વાદરૂપ છે. પહેલા તમારે પુસ્તકોથી કબાટ ભરાઇ જતા હતા પરંતુ હવે તો વીડિયોના માધ્યમથી એટલું બધુ મિટીરીયલ ઉપલબ્ધ હોય છે કે કોઇપણ સમયે કે સ્થળે તેને એક્સેસ કરીને જોઇ શકાય છે. વળી તેની અંદર આવતા કોમેન્ટના માધ્યમથી સવાલ જવાબ પણ કરી શકાય છે અને સાચી તેમજ સચોટ માહિતી મળવાના ચાન્સીસ પણ હોય છે. ઘણા બધા યુવાનીયાઓ તેનો રચનાત્મક ઉપયોગ કરીને જ્ઞાનનો ખજાનો શોધી લાવતા હોય છે અને તેનો ફાયદો ઉઠાવતા હોય છે. હવે તો જેટલા કોચીંગ કલાસના સંચાલકો, શિક્ષકો, મીડિયા કંપનીઓ, એજ્યુકેશન કોચીસ અને મોટીવેશનલ સ્પીકર્સ વગેરે એટલા સરસ માહિતીસભર વીડિયો બનાવતા હોય છે. તેના કારણે ખૂબ જ ઉપયોગી માહિતી મળી રહેતી હોય છે.**

મિત્રો આજે આપણે એક એવી વાત કરવી છે કે, જે દરેકના હાથમાં આવી ગયો છે અને તેનો ભરપૂર ઉપયોગ થઇ ગયો છે. આવશ્યક ચીજવસ્તુઓની યાદીમાં તેનો સમાવેશ થઇ જાય છે. એવું કહીએ તો અતિશયોક્તિ નહી કહેવાય કે માનવીની પ્રાથમિક જરૂરિયાતોની યાદીમાં પહેલા રોટી, કપડા ઓર મકાન હતું અને હવે તેમાં મોબાઇલનો ઉમેરો થતા રોટી, કપડા, મકાન ઓર મોબાઇલ બોલી શકાશે. સવારે જાગીએ ત્યારથી લઇને રાતની નિંદરની પહેલા મોબાઇલ જોવાની ટેવ કહો કે કુટેવ આજે દરેક ઘર ઘરમાં જોવા મળે છે. કહેવાય છે કે માણસ હવે મોબાઇલના ઈશારા ઉપર નાચે તેવી હાલત થઇ ગઇ છે. ઘણાને તો મોબાઇલની એટલી લત લાગી ગઇ હોય છે કે ખાવા, પીવાનું અને સુવાનું પણ ભૂલી જાય છે. દરેક લોકો મોબાઇલનો ઉપયોગ તો કરે છે પરંતુ તેના દુરૂપયોગની ચર્ચા પણ કરતા હોય છે. આમ જોવાર જઇએ તો તેની ઉપમા અનિવાર્ય અનિષ્ટ જેવી થઇ ગઇ છે. એક સમયે લોકો ટેલિવિઝનને ઈડિયટ બોક્સ કહેતા હતા તેનું સ્થાન મોબાઇલે લઇ લીધું છે. તેનો દુરૂપયોગ શારીરિક, માનસિક વ્યાધિઓ લાવે છે. પરંતુ આ તમામ બદીઓની સાથે આપણે એ ના ભૂલવું જોઇએ કે જો તમે તેનો રચનાત્મક ઉપયોગ કરો તો તે એક જ્ઞાનનો ભંડાર છે. આખી દુનિયાનું જ્ઞાન તમારી હથેળીમાં આવી જાય છે. તો ચાલો આજે આપણે મોબાઇલનો રચનાત્મક ઉપયોગ કેવી રીતે કરવો તે બાબતે ચર્ચા કરીશું. આ લેખ વિદ્યાર્થીઓએ ખાસ વાંચવો જોઇએ કારણ કે તેઓ માટે મોબાઇલનો વપરાશ જ્ઞાનનો ખજાનો બની રહે તેમ છે.

**● મોબાઇલનો ઉપયોગ દિવસમાં કેટલો કરવો જોઇએ ?**

આમ તો આ પ્રશ્નનો જવાબ તમારે તમારી જાતને જ પૂછવો જોઇએ. કારણ કે મોબાઇલનો વપરાશ વ્યક્તિ દીઠ અલગ-અલગ હોઇ શકે છે. વ્યક્તિને જેવી જરૂરિયાત તેવો ઉપયોગ. જેને જરૂર નથી તેવા લોકો તો સ્માર્ટ ફોનનો પણ ઉપયોગ કરતા નથી જ્યારે જેને જરૂરિયાત છે તેમની જીંદગી મોબાઇલ વગર ખાલી ખાલી લાગે છે. પરંતુ જો વિદ્યાર્થીઓને લગતી વાત કરૂ તો હાલમાં શાળામાં અને કોચીંગ કલાસમાં મોબાઇલ એપ્લીકેશન્સ લોન્ચ થઇ ગઇ છે. ખાસ કરીને પહેલા એવું હતું કે, રોજબરોજના અપડેટ્‌સ માટે મોબાઇલ ફોનમાં ગ્રુપ્સ ચાલતા અને તેનાથી સંદેશાવ્યવહાર




ઝડપી અને સરળ થઇ ગયો. પરંતુ હવે તે શિક્ષણ ક્ષેત્રમાં ટેકનોલોજીનો ભરપૂર ઉપયોગ થતો હોવાથી મોબાઇલ એપ્લીકેશન્સ અને પોર્ટલ્સ આવી ગઇ છે. તેઓ પોતાના અપડેટ્‌સની સાથે સાથે સ્ટડી મટીરીયલ અને રોજેરોજના વિદ્યાર્થીઓએ કેટલો અભ્યાસ કર્યો અને કેટલું બાકી છે તે તમામ બાબતો એક એપ્લીકેશનમાં કેદ થઇ ગઇ છે. આથી જો કોઇ વિદ્યાર્થી આવી સ્કૂલ કે કલાસમાં હોય તો તેના માટે તો મોબાઇલનો ઉપયોગ ફરજીયાત થઇ જાય છે. જોકે અમુક વિદ્યાર્થીઓ અને વાલીઓ દ્વારા આ પ્રથાનો વિરોધ કરવામાં આવે છે. કારણ કે તેઓ મોબાઇલ કે ટેબલેટમાં વાંચનમાંથી બહાર જ આવી નથી શકતા. ઘણા વિદ્યાર્થીઓ મોબાઇલમાં વાંચનના નામે બીજું કોઇ કોન્ટેન્ટ વાંચતા કે વીડિયો જોતા હોય છે. તેથી ખબર નથી પડતી કે ખરેખર શું ચાલી રહ્યું છે.

લોકોને એમ થાય છે કે પહેલનાની જેમ પુસ્તકની વ્યવસ્થા હતી તે સારી હતી. પરંતુ દરેક બાબતોના સારા નરસા પાસા હોય છે. તે વ્યક્તિદીઠ અનુકૂળતાએ જોવા જોઇએ. મોબાઇલમાં ભલે અભ્યાસ કરતા હોવ પણ આખો દિવસ મોબાઇલ કે ટેબલેટ સામે બેસી રહેવું પણ આરોગ્ય માટે સારૂ નથી. આથી દર અડધો કલાક કે કલાક પોતાની અનુકૂળતા મુજબ દસ મિનિટનો વિરામ લેવો જોઇએ ત્યારબાદ જ આગળ વધવું જોઇએ.

**● શાળામાં અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓ માટે યોગ્ય નથી.**

ખાસ કરીને તમને જણાવી દઉં કે અભ્યાસ સિવાયના હેતુ માટે શાળામાં અને તેમાં પણ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓ માટે મોબાઇલનો વધુ પડતો અને નકારાત્મક ઉપયોગ યોગ્ય નથી. આ કુમળી વય હોય છે અને તેની આદત પડે તો તે જતી નથી. વળી મોબાઇલની અંદર ના જોવાનું કોન્ટેન્ટ, મગજ ઉપર અસર કરે તેવું કોન્ટેન્ટ, હિંસા, સેક્સ, નકારાત્મક ભાષણો, નકારાત્મક સંદેશા આપતી માહિતી પીરસતા વીડિયો, ખોટી માહિતી પીરસતા વિડિયો, ખોટા ન્યુઝ આપતા મેસેજીસ વગેરેથી દૂર રહેવું જોઇએ. આથી પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા બાળકો ગેમ્સના રવાડે ના ચડી જાય, જાત-જાતના એન્ટરટેઇનમેન્ટ વિડિયો જોવામાં મર્યાદા રાખે તેનું ધ્યાન વાલીઓએ રાખવું જરૂરી બની જાય છે. આજકાલ તો દરેક ઘરમાં નાના બાળકો અને તેમના વાલીઓ વચ્ચે ઘર્ષણ થતું જોવા મળે છે.

આ વાત થઇ જ રહી છે ત્યારે એક વાતનો ઉલ્લેખ કરવો જરૂરી છે કે, મોબાઇલ એપ્લીકેશનો અને મનોરંજક વિડિયો બનાવવામાં ચીન આખા વિશ્વમાં મોખરે છે. તેઓની પોતાની મોબાઇલ એપ્લીકેશનો હોય છે. તેઓ ફેસબુક, ઈન્સ્ટાગ્રામ કે બીજા પશ્ચિમી દેશોના ચાલતા સોશિયલ મીડિયા પ્લેટફોર્મને પોતાના દેશમાં મંજૂરી નથી. આપતા અલબત્ત ચીનની જ એપ્લીકેશન ટીક ટોક દ્વારા આખા વિશ્વમાં ધૂમ મચાવવામાં આવી છે. આપણા દેશમાં તેની ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. પાછો મૂળ વાત ઉપર આવું તો ચીનમાં પોતાની સોશિયલ મીડિયા એપ્લેકેશનમાં એવા રીસ્ટ્રીકશન્સ આપવામાં આવ્યા છે કે યુવાધન ગાંડુ ઘેલું મનોરંજન પીરસતા વીડિયો જોઇ શકે નહી. એટલું જ નહી તેવું કોન્ટેન્ટ ક્રીએટર કરતા ક્રીએટરોને પણ ઉત્તેજન આપવામાં આવતું નથી. બાળકો ખાસ કરીને શૈક્ષણિક અને તેમના સર્વાંગી વિકાસ કરતા વીડિયો જોવે તેના માટેના અલગોરીધમ તેમની એપ્લીકેશનોમાં સેટ કરવામાં આવે છે. આથી આપણા બાળકો ઘણી વખત જોતા હોય છે તેવું મગજ ખરાબ કરતા વીડિયો સજેશન્સ તેમની એપ્લીકેશનમાં આવતા જ નથી. એટલે તે જોવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. કમનસીબી એ છે કે આપણા આવડા મોટા દેશમાં લોકપ્રિય બને તેવી કોઇ એપ્લીકેશન નથી. ટીકટોક બંધ થયા પછી રીલ્સ જોવાનો જબરદસ્ત ક્રેઝ વધ્યો છે. લોકો એવરેજ રોજના ત્રણ કલાક તેની પાછળ વ્યતિત કરે છે. હું અનેક વાલીઓને મળ્યો છું અને તે લોકો એવી ફરિયાદ કરતા હોય છે શોર્ટ વીડિયો એપ્લીકેશન કે જેમાં ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ રીલ્સ, યુ ટ્યુબની શોટ વગેરે સૌથી લોકપ્રિય સર્વિસ છે તેમાં પેરન્ટલ કંટ્રોલ જેવી કોઇ બાબત હોવી જોઇએ. જેથી બાળકોને ના બતાવવાના હોય તેવા વીડિયો ઉપર કંટ્રોલ મૂકી શકાય.

**● પ્રવેશ અને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીઓ માટે બેસ્ટ**

જો મોબાઇલ અને ટેબલેટની વાત કરીએ તો હાયર સેકન્ડરીમાં અભ્યાસ કરતા બાળકો તેમજ પ્રવેશ પરીક્ષા તેમજ સ્પર્ધાત્મક ભરતી પરીક્ષામાં એપીયર થનારા વિદ્યાર્થીઓ માટે ખૂબ જ આશીર્વાદરૂપ છે. પહેલા તમારે પુસ્તકોથી કબાટ ભરાઇ જતા હતા પરંતુ હવે તો વીડિયોના માધ્યમથી એટલું બધુ મિટીરીયલ ઉપલબ્ધ હોય છે કે કોઇપણ સમયે કે સ્થળે તેને એક્સેસ કરીને જોઇ શકાય છે. વળી તેની અંદર આવતા કોમેન્ટના માધ્યમથી સવાલ જવાબ પણ કરી શકાય છે અને સાચી તેમજ સચોટ માહિતી મળવાની ચાન્સીસ પણ હોય છે. ઘણા બધા યુવાનીયાઓ તેનો રચનાત્મક ઉપયોગ કરીને જ્ઞાનનો ખજાનો શોધી લાવતા હોય છે અને તેનો ફાયદો ઉઠાવતા હોય છે. હવે તો જેટલા કોચીંગ કલાસના સંચાલકો, શિક્ષકો, મીડિયા કંપનીઓ, એજ્યુકેશન કોચીસ અને મોટીવેશનલ સ્પીકર્સ વગેરે એટલા સરસ માહિતી સભર વીડિયો બનાવતા હોય છે. તેના કારણે ખૂબ જ ઉપયોગી માહિતી મળી રહેતી હોય છે. એ માહિતી એટલી સચોટ હોય છે કે બીજું કોઇ અભ્યાસ કરવાની જરૂર રહેતી નથી. અલબત્ત અહિં એક વાત નોંધવા જેવી ખરી કે, જ્યારે ઓનલાઇન વીડિયોઝના માધ્યમથી શિક્ષણ મેળવતા હોવ ત્યારે જ્યાં પણ શંકા લાગે ત્યાં ખરાઇ કરી લેવી જરૂરી છે. આ ખરાઇ પણ ઇન્ટરનેટના માધ્યમથી જ થઇ શકે છે અથવા તો તમારા શિક્ષકને પૂછીને કે બુક રીફર કરીને થઇ શકે છે. બીજું કે ઓનલાઇન માધ્યમનો એવો વિપુલ પ્રમાણમાં ઉપયોગ થાય છે કે, હવે તો કોર્ટ પણ હાઇબ્રીડ હીયરીંગ કરે છે. એટલે કે કોર્ટ રૂમમાં એક પાર્ટી તરફથી વકીલ હાજર હોય જ્યારે બીજી પાર્ટીનો વકીલ આવી શકે તેમ ના હોય અને પોતાના સ્થળેથી જ દલીલો કરી શકે છે. આમ ટેકનોલોજીએ હરણફાળ ભરી છે ત્યારે આવા રચનાત્મક ઉપયોગ થાય તે ખૂબ જ જરૂરી છે. તો મિત્રો આ હતી મોબાઇલ અને ટેબલેટના રચનાત્મક ઉપયોગની માહિતી.

# જૂનાગઢમાં સંત વાસુરામ સાહેબની વરસી ઉત્સવની ઉજવણી અંતર્ગત ત્રણ દિવસ ધાર્મિક કાર્યક્રમ યોજાશે

## ભાવનગર વાળા ભાઈ તુલસીદાસનું ગુરૂવાણીનો સત્સંગ તથા ઉલ્લાસનગરવાળા (મુંબઈ) ભગત મોહન કારો છમાછમ ટોલીનો પોગ્રામ

જૂનાગઢ, તા.૭

જૂનાગઢમાં આવેલ સંત વાસુરામ સચખંડ દરબાર શ્રી ગુરૂનાનક મંદિર આતે ૯/૧૦/ ૧૧ ઓકટોબર ૨૦૨૩ સોમવાર, મંગળવાર, બુધવાર એમ ત્રણ દિવસ સુધી વરસીના આયોજન સાથે ધાર્મિક કાર્યક્રમ યોજાશે. આદર્શનગર ૧ સંતવાસરામ માર્ગ ઝુલેલાલ ચોક ખાતે આગામી તા.૯/૧૦/ ૨૦૨૩ સોમવારની સાંજે ૬ થી ૮:૩૦ કલાલે ભાઈ તુલસીદાસ ભાવનગર વાળાન ભજન ભજન કિંતન યોજાશે તેમજ રાત્રે ૯:૦૦ કલાલે શ્રી ગુરૂ ગ્રંથ સાહેબ અખંડ પાઠનો શુભારંભ થશે. ત્યારબાદ લંગર પ્રસાદનું આયોજન રાખેલ છે. તા. ૧૦/૧૦/૨૦૨૩ મંગળવારના રોજ સવારે ૮–૦૦ થી ૧૦-૦૦કલાકે તેમજ સાંજે ૬ થી ૮:૩૦ કલાકે સુધી ભાઈ તુલસીદાસ ભાવનગર વાળાન ભજન સત્સંગ કિંતન કરશે. રાત્રે ૯–૦૦ થી ૧૨–૦૦ સુધી થી ભગત મોહન કારો છમાછમ ટોલી (ઉલ્લાસનગર વાળા) નું આયોજન કરવામા આવેલ છે. તા.૧૧/૧૦/૨૦૨૩ બુધવારના રોજ સવારે ૮-૦૦થી ૧૦–૦૦ વાગ્યા સુધી ભાઈ તુલસીદાસ ભાવનગર વાળાન તેમજ સાંજે ૬-૦૦ થી ૮:૩૦ સંત્સગ કિંતન થશે તે પછી સાંજે ૯–૦૦ કલાકે શ્રી ગુરૂ ગ્રંથ સાહેબ અખંડ પાઠ સાહેબનુ પુર્ણાહુતિ કરવામા આવેશ પુર્ણાહુતિ બાદ લંગર પ્રસાદ (ભંડારો સાહેબ) શ્રી શાંતિપ્રકાશ કોમ્યુનિટી હોલમા યોજવામાં આવેલ છે. ભોગ સાહેબના દિવસે (પલવના દિવસે) શ્રી ભગત મોહન કારો છમાછમ ટોલી (ઉલ્લાસનગર વાળા)નું રાત્રે ૧૦-૦૦ થી ૧૨-૦૦ ભગતનું આયોજન કરવામા આવેલ છે. તો આ સમગ્ર કાર્યકમ્ર શ્રી ગુરૂનાનક મંદિર ઝુલેલાલ ચોક સંત વાસુરામ માર્ગ આદર્શનગર –૧ જોષીપુરા જુનાગઢ ખાતે યોજાશે. આ ત્રણ દિવસ સમગ્ર ઉત્સવમા સૌરાષ્ટ્રમાંથી તમામ સિંધી ભાઈ-બહેન તેમજ શીખ સંગત સમગ્ર ગુરૂપ્રેમી સજનો આ ધાર્મિક વરસી કાર્યક્રમ મા બહોળી સંખ્યામા લાભ લે છે. તો આ વરસી ઉત્સવમાં પધારવા માટે સંમસ્ત સિંધીં સમાજને સંત વાસુરામ સચખંડ દરબારના ગાદી પતી શ્રી ભાઈ સાહેબ રાજ કુમાર આર વાસવાણી સમાજની દરેક પ્રેમી જનતાને લાભ લેવા નિમંત્રણ પાઠવે છે. વિશેષમાં આ ઉત્સવમાં બહારગામથી પધારવા માટે ત્રણ દિવસ માટે રહેવાની તથા ભંડારા સાહેબની વ્યવસ્થા કરવામા આવેલ છે. તેમ શ્રી ગુરૂનાનક મંદિરના ગાદીપતી ભાઈશ્રી રાજકુમાર આર. વાસવાણીની યાદીમાં જણાવેલ છે.

# વેરાવળ એકસીસ બેંકના ગોલ્ડ લોન કૌભાંડમાં સંડોવાયેલા ત્રણ આરોપીઓની છ દિવસની રિમાન્ડ મંજુર કરાઈ

(રાકેશ પરડવા દ્વારા )

વેરાવળ તા.૭



વેરાવળ એક્સિસ બેંકમાં થયેલ ગોલ્ડલોન કૌભાંડમાં પોલીસે ઝડપેલા આરોપી બેંકના ત્રણેય કર્મચારીઓને કોર્ટે ૬ દિવસના રિમાન્ડ ઉપર સોંપેલ છે. રીમાન્ડ દરમ્યાન કૌભાંડમાં હજુ કેટલા લોકો સંડોવાયેલા છે તથા કૌભાંડ થકી મેળવેલ રકમનું શું કર્યુ ? તે સહિતની વિગતો જાણવા પોલીસ વિશેષ પૂછપરછ કરશે.

વેરાવળ એક્સિસ બેંકમાં ગોલ્ડ લોન વિભાગમાં સેલ્સ મેનેજર તરીકે કામ કરતા માનસિંગ ગઢીયા, વિપુલ રાઠોડ અને પિંકી ખેમચંદાણી દ્વારા છેલ્લા દોઢેક વર્ષ દરમ્યાન પુર્વયોજીત કાવતરૂ રચી બેંકના લોકરમાં રાખેલ ગ્રાહકોના સોનાના પાઉચોમાં સાચું સોનું કાઢી નવા પાઉચ ઉપર જુના પાઉચની તમામ વિગત લખી અધિકારીઓની સહીઓ કરી પાઉંચ ઉપરના દસ્તાવેજી રેકર્ડ ખોટા તૈયાર કરી તેમાં પીળી ધાતુનાં ખોટા ઈમીટેશનના દાગીના મુકી બેંકનાં તિજોરીમાં પાઉંચો રાખી બનાવટી કસ્ટમર ઉભા કરી તેના નામે નવી ગોલ્ડ લોન મંજુર કરાવી બેંકનાં કસ્ટમરનાં ગોલ્ડ લોનના પેકેટો નંગ-૬ જેમાં ગોલ્ડનનો વજન ૨ કીલ્લો ૭૪૬ ગ્રામ જેની કિંમત આશરે ૨ કરોડ રૂપીયાની ત્રણેય આરોપીઓ બેંકનાં કર્મચારી હોવા છતાં આર્થિક ફાયદો મેળવવા સારૂ બેંક સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી કૌભાંડ આચાર્યુ હતું.

આ અંગે બ્રાન્ચ મેનેજર રામભાઈ સોલંકીએ ફરીયાદ નોંધાવતા પોલીસે ત્રણેય આરોપી બેંક કર્મીઓ સામે છેતરપિંડી અને વિશ્વાસઘાત સહિતની કલમો હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. દરમ્યાન આજે ત્રણેય આરોપીઓને વેરાવળ કોર્ટમાં ૧૪ દિવસના રીમાન્ડની માંગણી સાથે રજૂ કરવામાં આવતા કોર્ટે છ દિવસના રિમાન્ડ મંજૂર કરેલ છે.

# રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંઘ ગીર સોમનાથ દ્વારા જૂની પેન્શન યોજના અને પડતર પ્રશ્નોના ઉકેલ માટે ભાજપ જીલ્લા પ્રમુખને આવેદનપત્ર અપાયું









(જાદવ ભોળા દ્વારા)

લોઢવા તા. ૭

આજ રોજ રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગીર સોમનાથ જિલ્લાના તમામ સંવર્ગના હોદેદારો જેમાં પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ પ્રાંતના ઉપાધ્યક્ષ દેવાયતભાઈ ભોળા, સૌરાષ્ટ્ર સંભાગ સંગઠન મંત્રી જેન્તીભાઈ ગોહિલ, જિલ્લા મહામંત્રી દિનેશભાઈ મઘા, વેરાવળ તાલુકા અધ્યક્ષ દિલીપભાઈ વાળા, સૂત્રાપાડા તાલુકા અધ્યક્ષ પ્રતાપસિંહ ચૌહાણ, સૂત્રાપાડા તાલુકા મહામંત્રી દેવશીભાઈ વાઢેર, તાલાળા તાલુકા અધ્યક્ષ અરૂણભાઈ ગામી, તાલાળા તાલુકા મહામંત્રી દીપકભાઈ જાદવ સહિત જિલ્લા તેમજ તાલુકાના હોદ્દેદારોએ રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંઘ ગુજરાત પ્રેરિત OPS, પડતર પ્રશ્નો અને htat મુખ્ય શિક્ષકોના બદલી જેવા પ્રશ્નોના નિરાકરણ માટે આંદોલનના નિયત કરેલા કાર્યક્રમના ભાગરૂપે તાલાળાના ધારાસભ્ય ભગવાનભાઈ બારડ, વેરાવળના ધારાસભ્ય વિમલભાઈ ચુડાસમા, જિલ્લા પંચાયતના પ્રમુખ મંજુલાબેન મૂછાર, ઉપપ્રમુખ રાજવીરસિંહ ઝાલા, ભાજપ જિલ્લા પ્રમુખ મહેન્દ્રભાઈ પીઠીયાને આવેદનપત્ર આપી વહેલામાં વહેલી તકે પ્રશ્નોનું નિરાકરણ થાય તે માટેની રજૂઆત કરી હતી.

આ ઉપરાંત સરકારશ્રીમાં શિક્ષકોના પ્રવર્તમાન પ્રશ્નોનું સારી પેઠે નિરાકરણ થાય તેવું આશ્વાસન તમામ પદાધિકારીશ્રીઓ દ્વારા આપ્યું હતું.

# વાહન ચલાવવામાં સલામતી માટે તુલસી ટીની અનોખી ઝૂંબેશ

## ‘ઊંઘ ઉડાડો, ગાડી નહીં’ નો મજબૂત સંદેશો આપી સલામત ડ્રાઈવીંગ માટે પ્રચારનો પ્રયાસ

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૭




ગુજરાતની માનીતી ટી બ્રાન્ડઝમાં સમાવેશ પામતી તુલસી ટીએ સલામત ડ્રાઈવીંગને પ્રોત્સાહન આપવા માટે નવી ઝૂંબેશ હાથ ધરી છે. ગુજરાત અને અન્ય સ્થળે અકસ્માતને કારણે ડ્રાઈવર, પેસેન્જર્સ અને પગપાળા ચાલતા લોકોને અકસ્માતથી થતી ઈજાઓ થવાના કિસ્સાઓ રોજેરોજ વધતા જાય છે ત્યારે તુલસી ટી દ્વારા મહત્વની ઝૂંબેશ શરૂ કરવામાં આવી છે.

“ઊંઘ ઉડાડો, ગાડી નહીં” સૂત્ર દ્વારા સલામત ડ્રાઈવીંગ માટે પ્રેરણા આપતી આ સશક્ત ટેગલાઈન વાહનોના હુડ ઉપર મૂકવામાં આવશે અને લોકોને સલામત વાહન ચલાવવાના નિયમપાલન અંગે સંદેશો આપતી આ ઝૂંબેશ મહેસાણા, પાટણ, વેરાવળ- સોમનાથમાં હાથ ધરાઈ છે. તુલસી ટીના મેનેજીંગ ડિરેક્ટર હરેશ કથરોટિયા જણાવે છે કે “સલામત ડ્રાઈવીંગ અંગેની અમારી ઝૂંબેશનો ઉદ્દેશ જવાબદાર અને સચેત ડ્રાઈવીંગ કરવા માટે લોકોને મહત્વનો સંદેશ આપવાનો છે. સલામત રીતે વાહન ચલાવીને મોટાભાગના અકસ્માતો નિવારી શકાય છે તથા તેના પરિણામે અનેક લોકોને થતી ઈજા તેમજ જીવ બચાવી શકાય છે. અમે માનીએ છીએ કે આ ઝૂંબેશથી અમારી બ્રાન્ડને આગળ ધપાવવાની સાથે સાથે લોકોની ડ્રાઈવીંગ વર્તણુંકમાં હકારાત્મક પરિવર્તન આવશે તથા ઊંઘ આવતી હોય ત્યારે જોખમી ડ્રાઈવીંગ કરવાની સ્થિતિ નિવારી શકાશે. અમને આશા છે કે આ ઝૂંબેશથી અકસ્માતમાં ઘટાડો થવાની સાથે સાથે સલામત ડ્રાઈવીંગનું પ્રમાણ વધશે.”

“ઊંઘ ઉડાડો, ગાડી નહીં” ઝૂંબેશ મારફતે ડ્રાઈવર્સને સચેત રહેવા માટે પ્રોત્સાહિત કરવાની અને ઝોકાં આવતાં હોય તેવી સ્થિતિમાં તુલસી ટીની મજા માણતાં રહીને સલામત ડ્રાઈવીંગ કરવાની વાત ભારપૂર્વક જણાવવામાં આવી છે. તુલસી ટીની આ ઝૂંબેશને લોકોમાં ખૂબ સારો પ્રતિભાવ પ્રાપ્ત થયો છે.

તુલસી ટી એ ઓટો હુડ ઉપર આ સૂત્ર લખેલા વાહનો વિવિધ શહેરોમાં ફરી રહ્યા છે અને તેની વ્યાપક અસર વર્તાઈ રહી છે. તુલસી ટીનો ઉદ્દેશ આ ઝૂંબેશને ડિજીટલ પ્લેટફોર્મ ઉપર પણ વિસ્તારવાની અને સોશ્યલ મિડીયા કન્ટેન્ટ, વિઝ્યુઅલ્સ અને વિડીયોઝ દ્વારા ઝૂંબેશ વધુ ઉર્જાવાન બનાવવાની તથા સલામત ડ્રાઈવીંગ માટે સંદેશો દર્શાવવાનો છે.

# માણાવદર લાયન્સ કલબનો રવિવારે ૫૦૦ મો મહા નેત્રયજ્ઞ તથા સર્વરોગ તથા આયુર્વેદિક નિદાન કેમ્પ યોજાશે

માણાવદર તા. ૭

માણાવદર પંથકમાં સાચા અર્થમાં સેવાની ધુણી ધખાવનાર એવા સ્વ.એલ.પી. સવસાણી, સ્વ.ડો.પંચોલી, સ્વ.ડો.ડી.વી. પટેલ, સ્વ. ડો.રોજીવાડીયા સહિત નામી અનામી અનેક ડોકટરો દ્વારા સને ૧૯૬૭માં ‘જનસેવા એજ પ્રભુસેવા’ના ઉદેશ્યથી લાયન્સ કલબની સ્થાપના કરી આ તાલુકામાં સામાજીક, શૈક્ષણિક, આરોગ્ય ક્ષેત્રે એક અવિરત સેવા ચાલુ છે. જયારે ૧૯૬૭માં આ તાલુકામાં કોઈ વિકાસ સેવા ક્ષેત્રે નહોતો થયો ત્યારથી સેવાની ધુણી ધખાવી આજે પણ એક અનેરો સેવાયજ્ઞ ચાલુ છે તેવા જ સેવાયજ્ઞને જન-જન સુધી પહોંચાડવા માટે લાયન્સ કલબના સ્થાપક સભ્ય સ્વ.ડો.વી.ડી. પટેલ તથા તેમના ધર્મપત્ની સ્વ.સાકરબોન વી.ત્રાંબડીયાના સ્મરણાર્થે આવતીકાલ તા.૮-૧૦-૨૩ ને રવિવારે સવારે ૯ થી ૧૨ કલાકે લાયન્સ કલબના સ્થાપક ૫૦૦મો મહા નેત્રયજ્ઞ તથા સર્વરોગ નિદાન કેમ્પ તથા આયુર્વેદિક નિદાન-સારવાર કેમ્પનું વિનામૂલ્યે આયોજન કરવામાં આવેલ છે. છેલ્લા ૫૦ વર્ષથી લાયન્સ કલબના સ્થાપકો દ્વારા અંધાપા નાબૂદી કાર્યક્રમ અંતર્ગત નેત્રનિદાન કેમ્પ યોજાય છે જેમાં દર્દીઓને વિનામૂલ્યે દવા, ઓપરેશન તથા ઓપરેશન માટે દર્દીને લઈ જવા-આવવાની વ્યવસ્થા સહિતની અનેરી સેવા કરે છે. આ કેમ્પમાં લાયન્સ સ્કુલના પુર્વ વિદ્યાર્થીઓ કે જેઓએ ઉજજવળ કારકિર્દી બનાવી ઉચ્ચ ડીગ્રીઓ મેળવી છે તેવા તેજસ્વી વિદ્યાર્થીઓ સંસ્થાએ આપ્યા છે તેવા નિષ્ણાંત ડોકટરો જે સ્કુલમાં ભણતા હતા તેમાંજ સેવા આપશે. લાયન્સ સ્કુલના વિદ્યાર્થીઓનું અનેરૂં ગૃપ પણ બન્યું છે. જેમાં વિવિધ ક્ષેત્રે કામ કરે છે.

લોકો લાયન્સના વિદ્યાર્થીઓને દરેક કામમાં સહયોગ આપવા તત્પર રહે છે. જેથી કામ સરળ બને છે. દરેક ક્ષેત્રમાં લાયન્સ સ્કુલના વિદ્યાર્થીઓ જયાં-જયાં પણ બેસતા હોય તે ક્ષેત્રે લાયન્સ સ્કુલના નામે ઉપયોગી થઈ ગર્વ અનુભવે છે. આ કેમ્પમાં દર્દીઓના નામ સ્થળ ઉપર નોંધવામાં આવશે. દર્દીઆએ જુની ફાઈલ તથા આધાર કાર્ડ સાથે લઈ આવવું. આ કેમ્પનો સમગ્ર માણાવદર પંથકના નાગરીકોને લાભ લેવા લાયન્સ કલબની યાદીમાં અનુરોધ કરવામાં આવેલ છે.

# માંગરોળમાં દિવ્યાંગ-વિકલાંગોના સરકારી લાભો માટે આવેદનપત્ર અપાયું



(પ્રતિનિધિ દ્વારા)

માંગરોળ, તા.૭

માંગરોળના ખાતે દિવ્યાંગો અને વિકલાંગોને સરકારી યોજનાઓ દ્વારા લાભો આપવાના ઉમદા હેતુસર કેટલાક જાગૃત યુવાનોએ આવેદનપત્ર આપ્યું હતું. દિવ્યાંગ લોકોના કલ્યાણ માટે માંગરોળ મામલતદાર કચેરી ખાતે આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. આ તકે જે દિવ્યાંગ વ્યક્તિ રોજી-રોટી મેળવવા માટે સક્ષમ નથી એવા દિવ્યાંગોને બી.પી.એલ. યાદીમાં સમાવવામાં આવે. દરેક દિવ્યાંગ લોકોને પોતાના ઘરે અથવા ઘરની નજીક જ લઘુ ઉદ્યોગો કે ગૃહ ઉદ્યોગો દ્વારા રોજગારી પ્રાપ્ત થાય અને દિવ્યાંગ સ્વાવલંબી બને એવું યોગ્ય આયોજન કરવામાં આવે અને જ્યાં સુધી કોઈ દિવ્યાંગ વ્યક્તિને રોજગારી નથી મળી રહેતી ત્યાં સુધી બેરોજગાર દિવ્યાંગ વ્યક્તિને ન્યૂનતમ વેતન ધારા મુજબ યોગ્ય બેરોજગારી ભથ્થુ મળવું જોઈએ. જો અન્ય રાજયમાં જે તે રાજ્ય સરકારો પોતાના રાજ્યની તમામ પ્રજા માટે નિઃશુલ્ક વીજળી ઉપલબ્ધ કરાવી શકે છે. તો ગુજરાત રાજયમાં બેરોજગાર દિવ્યાંગો માટે નિઃશુલ્ક વીજળી શા માટે નહીં? દિવ્યાંગ લોકોના બાળકોને પોતાના ઘરની નજીકની અને પસંદગીની ખાનગી શાળાઓમાં નિઃશુલ્ક શિક્ષણ પ્રાપ્ત થાય. દિવ્યાંગ વ્યક્તિની સંભાળ લેનાર વ્યક્તિને યોગ્ય પ્રમાણમા વિમા કવચ પૂરૂ પાડવામાં આવે. દિવ્યાંગ વ્યક્તિને ત્વરિત ધોરણે પ્લોટ ફાળવવામાં આવે અને એ પ્લોટ પર મકાન બનાવવા મકાન સહાય મળે. અને પ્રતિ માસ એક રાંધણ ગેસ નો સિલિન્ડર અમોને નિઃશુલ્ક મળી રહે એવી કોઈ સરકારી વ્યવસ્થા ઊભી કરવામાં આવે. આ તમામ લાભો ની રજૂઆત માંગરોળ મામલતદાર કચેરી ખાતે માંગરોળ ના સામાજિક કાર્યકર નિઝામ જેઠવા અને તેમના મિત્ર વર્તુળે દિવ્યાંગો અને વિકલાંગ લોકોને સાથે રાખીને લેખીત અને મૌખિક રજૂઆતો કરી હતી.

# ઈરાનના એક્ટિવિસ્ટ નરગીસ મોહમ્મદીને વર્ષ ૨૦૨૩નો નોબલ શાંતિ પુરસ્કાર

વોશિંગ્ટન, તા.૭

નોબલ પુરસ્કાર-૨૦૨૩ હેઠળ શાંતિ પુરસ્કારની ઘોષણા કરવામાં આવી છે. આ વર્ષે ઈરાનની એક્ટીવીસ્ટ નરગીસ મોહમ્મદીને આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. મોહમ્મદીને આ પુરસ્કાર ઈરાનમાં મહિલાઓની સ્થિતિ સુધારવા માટેના તેમના સંઘર્ષ બદલ તેને એનાયત કરવામાં આવ્યો છે. મોહમ્મદીએ ઈરાનમાં લોકો માટે માનવ અધિકાર અને સ્વતંત્રતાને પ્રોત્સાહન આપવા માટે લાંબા સમયથી લડત ચલાવી છે. ઈરાનના કુર્દીસ્તાનના ઝાંજાન શહેરમાં તેમનો જન્મ થયો હતો. તેમણે ભૌતિકશાસ્ત્રનો અભ્યાસ કર્યા પછી એન્જિનિયર તરીકે કામ કર્યું હતું. તેઓ એક કટારલેખક પણ છે. ઘણા અખબારો માટે તેમણે લેખ લખ્યા છે. નરગીસ ૧૯૯૦ના દાયકાથી મહિલાઓના અધિકારો માટે અવાજ ઉઠાવી રહી છે. ૨૦૦૩માં તેમણે તેહરાનમાં ડિફેન્ડર્સ ઑફ હ્યુમન રાઈટ્સ સેન્ટરમાં કામ કરવાનું શરૂ કર્યું હતું. જેમણે અધિકારોની વાત કરી અને એક-બાર નહીં પરંતુ ૧૩ વખત ઘરપકડ કરવામાં આવી હતી. નોર્વેજીયન નોબેલ સમિતિના અધ્યક્ષે આજે ઓસ્લોમાં પુરસ્કારની જાહેરાત કરી હતી. તેમણે એવોર્ડ એનાયત કરતી વખતે કહ્યું કે, સૌ પ્રથમ આ એવોર્ડ ઈરાનમાં સમગ્ર ચળવળ અને તેના નિર્વિવાદ નેતા નરગીસ મોહમ્મદીના ખૂબ જ મહત્વપૂર્ણ કાર્યને માન્યતા આપવા માટે છે.

નોબેલ પુરસ્કાર વિજેતા નરગીસ હજુ પણ ઈરાનની જેલમાં બંધ છે. તેને ૩૧ વર્ષની જેલ અને ૧૫૪ કોરડા ફટકારવામાં આવ્યા હતો. તેના પર ઈરાન સરકાર વિરુદ્ધ દુષ્પ્રચાર ફેલાવવાનો આરોપ લાગ્યો હતો. નોબેલ મળ્યા બાદ નરગીસને ૮.૩૩ કરોડ રૂપિયાનું ઈનામ અને ગોલ્ડ મેડલ મળશે.

# ઉનામાં પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત મહા કેમ્પ યોજાયો





(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા. ૭

ઉના શહેરમાં કોર્ટ વિસ્તારમાં આવેલ મેમણ જમાતખાનામાં ગઈકાલે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ કેમ્પ રાખવામાં આવતા મોટી સંખ્યામાં લોકોએ લાભ લીધો હતો. જેમાં જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગમાંથી એન.વી. કટીરા, DPO તથા તેમની તેમની ટીમ આવેલ હતી. તેમના માર્ગદર્શન હેઠળ આ કેમ્પ રાખવામાં આવ્યો હતો. જેમાં ૧૫૦ કરતાં પણ વધુ લોકોએ લાભ લીધો હતો. આ કેમ્પ નું આયોજન તોસીફ વલીયાણી, રીયાજ ઢેઢી, સોહીલ ભાઈ ડાયતર, જાકીર કટારીયા, અફરોજ મેમણ તથા ઉના મેમણ જમાતના આગેવાનો દ્વારા આ કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. આ કેમ્પ માં હિન્દુ મુસ્લિમ સર્વે સમાજના લોકોએ લાભ લીધો હતો.

# ૭ ઓક્ટોબર વિશ્વ કપાસ દિવસ : ગુજરાત ભારતમાં કપાસનું સૌથી વધુ ઉત્પાદન કરતું રાજ્ય

**સફેદ સોનું તરીકે ઓળખતો પાક કપાસ જામનગર જિલ્લાના ખેડૂતોની પહેલી પસંદગી : જામનગર જિલ્લામાં કપાસનું ચાલુ વર્ષે ૧,૭૮,૧૫૪ હેક્ટરમાં વાવેતર કરાયું : ગત વર્ષની સરખામણીએ કપાસના વાવેતરમાં ૧૮,૯૭૧ હેક્ટરનો વધારો**

(પ્રતિનિધિ દ્વારા)
ગાંધીનગર તા.૭

કપાસના ઉત્પાદનમાં ભારત વિશ્વમાં બીજા ક્રમે છે અને કપાસ એ દેશના સૌથી મહત્વપૂર્ણ પાકોમાંનો એક છે. ભારત હજારો વર્ષોથી કપાસનું ઉત્પાદન કરી રહ્યું છે. દેશના લાખો ખેડૂતો કપાસના પાકના વાવેતર થકી આજીવિકા મેળવે છે. અને લાખો લોકો કપાસ ઉદ્યોગમાં કામ કરે છે. કપાસ એ ગુજરાત રાજયનો મુખ્ય રોકડિયો પાક છે. કપાસ ક્ષેત્રે ગુજરાત દેશમાં આગવું સ્થાન ધરાવે છે, એટલું જ નહિ પરંતુ કપાસમાં શંકર જાત શોધવામાં આપણું રાજ્ય વિશ્વ સ્તરે પ્રથમ રહ્યું છે. ભારતમાં ગુજરાત રાજ્ય દેશનું સૌથી વધુ કપાસનું વાવેતર કરતું રાજ્ય છે. ગુજરાતમાં આ વર્ષે કપાસનું રેકોર્ડબ્રેક વાવેતર થયું છે. અંદાજે આ વર્ષે અત્યાર સુધીમાં



૨૬લાખથી વધુ હેક્ટરમાં કપાસનું વાવેતર કરવામાં આવ્યું છે. જે છેલ્લા ૮વર્ષમાં સૌથી વધુ છે. ગુજરાતમાં મુખ્યત્વે સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં સૌથી વધુ કપાસનું ઉત્પાદન થાય છે. જામનગર જિલ્લાની વાત કરવામાં આવે તો જિલ્લામાં સરેરાશ અંદાજે ૩,૪૯,૦૦૦ હેક્ટર વિસ્તારમાં કુલ વાવેતર કરવામાં આવે છે. જેમાં સૌથી વધુ હેક્ટરમાં કપાસનું વાવેતર કરવામાં આવે છે. જિલ્લામાં વર્ષ ૨૦૨૩માં અત્યાર સુધી અંદાજે ૧,૭૮,૧૫૪ હેક્ટર વિસ્તારમાં કપાસનું વાવેતર કરવામાં આવ્યું છે. જેમાં ગત વર્ષની સરખામણીએ વાવેતરમાં ૧૮,૯૭૧ હેક્ટરનો વધારો નોંધાયો છે. જામનગર જિલ્લાના કાલાવડ તાલુકામાં આ વર્ષે સૌથી વધુ કપાસનું વાવેતર કરવામાં આવ્યું છે. સરકારની સૌની યોજના હેઠળ ખડૂતોને સિંચાઈ માટે પાણી આપવામાં આવતા કપાસના પાકનું વાવેતર કરતાં ખેડૂતોને ટેકો મળ્યો : કાંતિભાઈ (બજરંગપુર ગામના ખેડૂત)

જામનગર તાલુકાના બજરંગપૂર ગામે રહેતા ખેડૂત કાંતિભાઈ જણાવે છે કે, સૌરાષ્ટ્રમાં કપાસનું સારા પ્રમાણમાં ઉત્પાદન થાય છે. કાળી અને પાણીવાળી જમીનમાં કપાસનું સારૂ ઉત્પાદન થાય છે. ચાલુ વર્ષે વરસાદની અછત દરમ્યાન સરકારે સૌની યોજના હેઠળ ખેડૂતોને સિંચાઈ માટે પાણી આપવાનું શરૂ કર્યુંછે. તેના પરિણામે કપાસનું વાવેતર કરનાર ખેડૂતોને અને નાના ખેડૂતોને ટેકો મળ્યો છે. તેઓ વધુમાં જણાવે છે કે મે ૨૦ વીઘા જેટલી જમીનમાં કપાસના પાકનું વાવેતર કર્યું છે. સરેરાશ એક વીઘા દીઠ રૂા.૫૦,૦૦૦ની આવક મળતા અમારા પરિવારનું સારી રીતે ગુજરાન ચાલે છે. ગત વર્ષે કપાસના ઉચ્ચ ભાવો રહ્યા હતા. સારા ભાવો મળી રહેતા ખેડૂતોનું જીવન ધોરણ પણ ઊંચું આવ્યુંછે.

# જૂનાગઢમાં કવીન્સ કલબ દ્વારા વેલકમ નવરાત્રી કાર્યક્રમ યોજાયો





(પ્રતિનીધી દ્વારા)
જૂનાગઢ તા.૭

જૂનાગઢમાં કવીન્સ કલબ દ્વારા નવલા નોરતાને વધાવવા માટે વેલકમ નવરાત્રીનું આયોજન પ્રેસીડેન્ટ હોલ ખાતે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની શરૂઆતમાં માં જગદંબાની આરતીથી કરવામાં આવી હતી જેમાં કલબની તમામ બહેનોએ આરતીનો લાભ લીધો હતો. કવીન્સ કલબનું આ પાંચમું ઈવેન્ટ હતું. જેમાં રાસગરબાની હરીફાઈ રાખવામાં આવી હતી. જેમાં પ્રાચીન જે આપણી સંસ્કૃતિ છે. ટીપ્પણી રાસ, ભુવા રાસ વગેરે બહેનોએ પ્રસ્તુત કર્યા હતા. આ પ્રોગ્રામમાં ૨૦થી લઈ ૭૦ વર્ષ સુધીની બહેનોએ ભાગ લીધો હતો. કવીન્સ કલબનું બહેનો દ્વારા જ સંચાલન કરવમાં આવે છે. જેમાં ૬ એડમીન અને ૪ કમીટી મેમ્બર્સ છે. આ કલબમાં પ્રીતીબેન કોટેચા, દિપ્તીબેન સેજપાલ, તરૂબેન માખેચા, દિપ્તીબેન દાસાણી, ઈન્દુબેન ઉનડકટ કાનાબાર એડમીન તરીકે ફરજ બજાવી રહયા છે.

# દ્વારકા નગરપાલિકા સંચાલિત દ્વારકા દર્શન પ્રવાસી બસ છેલ્લા ચાર માસથી બંધ ?



**ચીફ ઓફીસરની મહેરબાનીથી ખાનગી ટ્રાવેલ્સ ઉદ્યોગને ઘી-કેળા ? : પાલિકાના અધિકારી દ્વારા ડ્રાઈવર ન મળતા હોવાનું વાહીયાત અને પાયાવિહોણું બહાનું અપાયું**

(રાકેશ સામાણી દ્વારા)
દ્વારકા તા.૭

દ્વારકા નગરપાલિકા સંચાલિત દ્વારકા દર્શન પ્રવાસી બસ સેવા છેલ્લા ચાર માસથી બંધ છે, જેના કારણે બહારથી પધારતા યાત્રિકો પાલિકા સંચાલિત પ્રવાસી બસ સેવાના લાભથી વંચિત રહે છે. અગાઉ દ્વારકા નગરપાલિકા દ્વારા બે બસ ટુરીસ્ટ ગાઈડ સાથે પ્રવાસીઓને દ્વારકા નજીક આવેલા ધાર્મિક સાઈટસીન બેટદ્વારકા, નાગેશ્વર જ્યોતિર્લિંગ, રૂકમિણી મંદિર તથા ગોપીતળાવ સહિતના ધાર્મિક સ્થળોના રૂટ ઉપર સવાર અને બપોર એમ પાળીમાં ચાલતી હતી. પરંતુ છેલ્લા ચાર માસથી આ પ્રવાસી બસની સેવા પાલિકા દ્વારા બંધ કરાતા બહારથી પધારતા યાત્રિકો ખુબજ મુશ્કેલીમાં મુકાયા છે. આ અંગે પાલિકાના સૂત્રોમાંથી જાણવા મળતી વિગતો મુજબ આ બંને પ્રવાસી બસ ડ્રાઈવર ન હોવાના કારણે બંધ પડેલ છે તેવું જણાવેલ. પાલિકાના સૂત્રોમાંથી આવા વાહીયાત અને પાયાવિહોણા જવાબો મળતા લોકોમાં તરેહતરેહની ચર્ચાઓ જાગી છે. શું દ્વારકામાં બસ ચલાવતા ડ્રાઈવરોની તંગી છે ? કે પછી હાથીના દાંત ચાવવાના જુદા અને દેખાડવાના જુદા એમ પ્રશ્ન કાંઈક જુદો છે અને જવાબ કાંઈક જુદો છે એવું ફલિત થાય છે. પ્રવાસી બસ બંધ હોવાના કારણે શહેરના ખાનગી ટ્રાવેલ્સ સંચાલકોને ખુબ મોટો ફાયદો થાય છે. એક તરફ યાત્રાધામોના વિકાસ અંગે ગુજરાત ટુરીઝમ વિભાગ સતત એકટીવ છે ત્યારે દ્વારકા ક્ષેત્રમાં ઉલટી ગંગા વહે છે તેવો તાલ સર્જાયો છે.

# વેરાવળ તાલુકાના સુપાસી ગામે આયુર્વેદ કેમ્પ યોજાયો



(રાકેશ પરડવા દ્વારા)
વેરાવળ તા.૭

વેરાવળ તાલુકાના સુપાસી ગામે આયુર્વેદ કેમ્પ યોજવામાં આવેલ હતો. આ કેમ્પમાં માંગરોળ, કેશોદ, ચોરવાડ, માળીયા, તાલાળા, સુત્રાપાડા, કોડીનાર સહીતના ગામોમાંથી આશરે ૧૩૫ જેટલા દર્દીઓનું વિના મૂલ્યે નિદાન કરી દવા આપવામાં આવેલ હતી.

આ કેમ્પના આયોજક હીરાભાઈ જોટવા સહીતનાની ઉપસ્થિતીમાં પ્રથમ ધન્વંતરી ભગવાનનું પૂજન કરી દિપ પ્રગટાવી કેમ્પની શરૂઆત કરેલ હતી. આ તકે અબ્બાભાઈ, ખીમજીભાઈ બારડ, નારણભાઈ જોટવા, અરશીભાઈ પરમાર, ધીરૂભાઈ બારીયા હાજર રહેલ હતા. આ કેમ્પને સફળ બનાવવા માટે પિયુષભાઈ નુકાણી, જગાભાઈ જોટવા, કાનાભાઈ સોલંકી, રાહુલભાઈ પરમાર, હિતેનભાઈ સોલંકી, પ્રફુલભાઈ વાળા, અજયભાઈ બારડ, અશ્વિનભાઈ સોલંકી સહીતનાએ જહેમત ઉઠાવેલ હતી. આ કેમ્પમાં માંગરોળ, કેશોદ, ચોરવાડ, માળીયા, તાલાળા, સુત્રાપાડા, કોડીનાર તથા વેરાવળ સહીતના આજુબાજુના ગામોમાંથી વધારે દર્દીઓ આવતા મોડે સુધી દર્દીઓની તપાસ કરવામાં આવેલ હતી અને આશરે ૧૩૫ જેટલા દર્દીઓનું વિના મૂલ્યે નિદાન સારવાર તથા દવા આપવામાં આવેલ હતી. આ કેમ્પમાં ડો.વિનુભાઈ એ માનત સેવા આપી સારવાર તથા માર્ગદર્શન આપેલ અને દર્દીઓને તથા તેની સાથે આવેલા તમામને ચા-પાણી તેમજ જરૂરી વ્યવસ્થા કરવામાં આવેલ હતી. આ કેમ્પના આયોજક હીરાભાઈ જોટવાએ જણાવેલ કે, આપના વિસ્તારમાં જરૂરીયાતમંદ દર્દીઓને સારવાર તથા પૂરું માર્ગદર્શન મળી રહે તે માટે ભવિષ્યમાં આવા કેમ્પનું આયોજન કરતાં રહીશું તેમ એક યાદીમાં જણાવેલ છે.

# કેશોદના ગ્રામ્ય વિસ્તારની યુવતીને મરવા મજબૂર કરનાર શખ્સને કેશોદ પોલીસે ઝડપી લીધો

(કમલેશ જોષી દ્વારા)
કેશોદ તા.૭

કેશોદના ગ્રામ્ય વિસ્તારની યુવતી ખાનગી હોસ્પિટલમાં નોકરી કરતી હતી ત્યારે પરપ્રાંતીય યુવાન સાથે પરિચય થયો હતો બંન્ને વચ્ચે મિત્રતા થયેલ હતી. મુળ રાજસ્થાનનાં સાંચોર તાલુકાનાં મેડાજાગીર ગામનો રમેશ ચેનારામજી પાસે યુવતીનાં ફોટા વિડિયો હોય લગ્ન નહીં કરે તો વાયરલ કરી દેવાની ધમકી આપતાં ગત તારીખ ૨૧/૯/૨૦૨૩ નાં રોજ યુવતીએ દવા પી લેતાં મોત નિપજ્યું હતું. કેશોદ પોલીસ સ્ટેશનમાં મૃતક યુવતીના બનેવીએ મરવા મજબૂર કરનાર પરપ્રાંતીય યુવાન વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા કેશોદ પોલીસ સ્ટેશનનાં પોલીસ સબ ઈન્સપેકટર પી.કે. ગઢવી પોલીસ કોન્સ્ટેબલ અમરાભાઈ હામાભાઈ જુજીયાએ તપાસ હાથ ધરી હતી જેમાં મૃતક યુવતીને ડાયરી લખવાની આદત હોય જે મળી આવતાં યુવતીએ સ્વ હસ્તાક્ષરે યુવાનનાં કરતૂતોનો ઉલ્લેખ કરેલ હોય આધાર પુરાવા તરીકે ધ્યાનમાં રાખી યુવાનને ઝડપી લેવા તજવીજ હાથ ધરી હતી. કેશોદ પોલીસ વિભાગના ડીવાયએસપી બી. સી. ઠકકર દ્વારા ટેકનોલોજીનો ઉપયોગ કરી લોકેશન મેળવી કેશોદ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર બી. બી. કોળીને જાણ કરવામાં



આવતાં કેશોદ પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સપેકટર પી. કે. ગઢવી પોલીસ કોન્સ્ટેબલ અમરાભાઈ હામાભાઈ જુજીયાએ માહિતીની જગ્યાએ પહોંચી કેશોદના ગ્રામ્ય વિસ્તારની યુવતીને મિત્રતા બાંધીને લગ્ન કરવા ધમકી આપી ફોટા વિડીયો વાયરલ કરવાનું જણાવતાં મરવા મજબૂર કરનાર રમેશ ચેનારામજી રાજસ્થાન રાજયના સાંચોર તાલુકાનાં મેડાજાગીરના વતની ની અટક કરી નામદાર કોર્ટ સમક્ષ રજૂ કરી આગળની તપાસ હાથ ધરી છે.

# વેરાવળ સર્વેલન્સ સ્કોર્ડની ટીમે ખોવાય ગયેલ મોબાઈલ મુળ માલીકને પરત કર્યો

(રાકેશ પરડવા દ્વારા)
વેરાવળ તા.૭

વેરાવળ પોલીસના સર્વેલન્સ સ્કોડ ટીમ દ્વારા ગુમ થયેલા, પડી ગયેલા અને ખોવાઈ ગયેલા મોબાઈલ શોધી કાઢી મુળ માલીકોને પરત આપી પ્રસસનીય કામગીરી કરેલ છે.



હાલના સમયમા લોકોના મોબાઈલો ગુમ થવા, પડી જવાના અથવા ખોવાઈ જવાના બનાવો વધુ પ્રમાણમા બનતા હોય જે અન્વયે જરૂરી કાર્યવાહી કરી અરજદારોને તેમના મોબાઈલ ફોન શોધી કાઢી પરત અપાવવા બાબતે જીલ્લા પોલીસ વડા મનોહરસિંહ જાડેજા દ્વારા આપેલ સુચના અન્વયે સર્વેલન્સ સ્કોડના પો.કોન્સ.અશોકભાઈ હમીભાઈ મોરી, જયેશભાઈ બાલુભાઈ ડોડીયા, રોહીતભાઈ જગમાલભાઈ ઝાલા સહીતનાએ આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ મોબાઈલ ફોનો શોધી કાઢી મુળ માલીકોને પરત સોંપેલ જેમાં (૧) જેન્તીભાઈ કમાભાઈ બામણીયા ઉ.વ.૪૬ સામાજીક કાર્યકર રહે-ભાલકા રૂા.૧૦,૦૦૦ નો મોબાઈલ ફોન (૨) નારણભાઈ હરીલાલ આગીયા ઉ.વ.૫૫ ધંધો-વેપાર રહે-નવારામ મંદીરની સામે ખડખડ વાળાનો રૂા.૧૨,૦૦૦ નો મોબાઈલો શોધી કાઢી મુળ માલીકોને પરત સોપી આપી પ્રસસનીય કામગીરી કરેલ છે.

# માંગરોળ તાલુકાનાં ઓસાઘેડ ગામેથી ગાંજાનો જથ્થો ઝડપાયો



(ક્રાઈમ રીપોર્ટર)
જૂનાગઢ તા.૭

માંગરોળ તાલુકાના ઓસાઘેડ ગામે એસઓજીની ટીમે બાતમીના આધારે દરોડા પાડી ગાંજાના છોડ સહિત ગાંજાનો જથ્થો ઝડપી પાડયો છે.

આ અંગે શીલ પોલીસમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ માંગરોળ તાલુકાના ઓસા ઘેડ ગામે હનુમાન મંદિર નજીક રહેતા નરશીભાઈ મુળુભાઈ ખાખસ કોળી(ઉ.વ.૬૨)ના કબ્જા ભોગવટાવાળા મકાન ઉપર એસઓજીની ટીમે દરોડા પાડતા ગાંજાનો જથ્થો ૬૩૦ ગ્રામ તથા મકાનના આંગણામાં વનસ્પતિજન્ય નશીલો પદાર્થ ગાંજાના છોડ નંગ-૩૪ નું વાવેતર કરેલ હોય જેનું વજન ૧૭.૨૮૫ કિ.ગ્રા. સહિત કુલ ૧,૭૯,૨૦૦ના મુદામાલ સાથે ઝડપી લઈ શીલ થાણે એસઓજી હેડ કોન્સ્ટેબલ ઈરફાન હબીબભાઈએ ફરીયાદ નોંધાવતા વધુ તપાસ શીલ ઈન્ચાર્જ પીએસઆઈ એસ.એ.સોલંકીએ હાથ ધરી.

કાર્યપાલક ઇજનેરશ્રી, જૂનાગઢ સિંચાઇ વિભાગ, જૂની કેન્દ્રીય વિદ્યાલય, બીમાખાલા બિલ્ડીંગ, વંથલી રોડ, જૂનાગઢ (ફોન નં.૦૨૮૫-૨૬૩૩૨૫૨) દ્વારા નં.૩/૨૦૨૩-૨૪ (સ્ટોર) દ્વારા બ્રીજ સ્ટોન કંપનીના ૨૧૫-૭૫-આર-૧૫ રેડીયલ ટાયર (ટ્યુબલેસ) ના જૂનાગઢ ખાતેના અધિકૃત વિક્રેતાઓ પાસેથી તા.૧૬/૧૦/૨૦૨૩, ૧૬-૦૦ કલાક સુધીમાં મળે તે રીતે ફકત રજી.એ.ડી./સ્પીડ પોસ્ટથી ભાવો માંગવામાં આવે છે. શકય હશે તો આવેલ ભાવો તા.૧૬/૧૦/૨૦૨૩ ના રોજ ૧૭-૦૦ કલાકે હાજર રહેલ આસામીઓની રૂબરૂમાં ખોલવામાં આવશે. કોઇપણ કે બધા ભાવ કારણ આપ્યા સિવાય નામંજૂર કરવાની સત્તા અબાધિત રાખવામાં આવે છે.

માહિતી/જૂના/૬૮૦/૨૦૨૩

# યાત્રાધામ પ્રાચી તીર્થ ખાતે તાલુકા કક્ષાના મિલેટ મહોત્સવની ભવ્ય ઉજવણી



(પ્રતિનિધિ દ્વારા)
પ્રાચી તીર્થ તા.૭

યાત્રાધામ પ્રાચી તીર્થ ખાતે તાલુકા કક્ષાના મિલેટ મહોત્સવની ભવ્ય ઉજવણી કરાય હતી. પૌષ્ટિક 'શ્રીઅન્ન'(મિલેટ્સ) તેમજ પ્રાકૃતિક ખેતીથી પકવેલા મિલેટ્સનો મહત્તમ ઉપયોગ કરવા લોકોને પ્રેરણા મળી રહે એવા હેતુસર વર્ષ ૨૦૨૩માં 'ઈન્ટરનેશનલ મિલેટ યર'ની ઉજવણી થઈ રહી છે. જેના ઉપક્રમે સમગ્ર દેશ સહિત ગુજરાતમાં પણ મિલેટ્સ એટલે કે જાડા ધાન્યોમાં રહેલા પોષકતત્વો અને સ્વાસ્થ્યવર્ધક ફાયદાઓ અંગે લોકોમાં જાગૃતિ આવે તેવા શુભહેતુથી સરકાર દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન થઈ રહ્યું છે. આ જ ઉપક્રમ પ્રાચી તીર્થના કારડીયા રાજપૂત સમાજની વંડી ખાતે મિલેટ મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મહેમાન તરીકે પધારેલ ધારાસભ્ય ભગવાનભાઈ બારડ, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી મંજુલાબહેન મૂછાર, જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ રાજવીરસિંહ ઝાલા દ્વારા પોતાના પ્રાસંગિક વ્યકતવ્યમાં સરકારના મિલેટ ધાન્યોના પ્રચાર પ્રસાર માટે હાથ ધરેલ પ્રયત્નોને બિરદાવ્યા હતા. જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા આધુનિક જીવનશૈલીમાં મિલેટનો ઉપયોગ કરવા આગ્રહ કરેલ હતો. નાયબ ખેતી નિયામકશ્રી (વિસ્તરણ) ગીર સોમનાથ દ્વારા મિલેટ પાકો અંતર્ગત પ્રાકૃતિક ખેતી તથા મિલેટ પાકોમાં નેનો યુરિયાના ઉપયોગ વિષે માર્ગદર્શન આપેલ હતું. કાર્યક્રમમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, કોડીનારથી આવેલા કૃષિ નિષ્ણાતો દ્વારા તૃણ ધાન્ય પાકોમાં વધુ ઉત્પાદન મેળવવા આધુનિક ખેતી પધ્ધતિ ઉપર માર્ગદર્શન આપેલ તથા વિવિધ રીતે તેમાં મુલ્યવર્ધન કરી તેઓ દૈનિક ખોરાકમાં મહત્તમ ઉપયોગ થાય તે માટે માર્ગદર્શન આપેલ હતું. આ તકે પ્રગતિશીલ ખેડૂત દ્વારા સફળ ખેતી પધ્ધતિ ઉપરના પોતાના અનુભવો વર્ણવ્યા હતા તથા આંગણવાડી બહેનો દ્વારા વિવિધ મિલેટ આધારિત વાનગીઓનું પ્રદર્શન કરેલ હતું.જે માટે ખેડૂતોનું પ્રશસ્તિ પત્ર તથા શાલ દ્વારા અને આંગણવાડી બહેનોને ઈનામ તથા પ્રશસ્તિ પત્ર આપી મહાનુભાવો દ્વારા સન્માન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં ખેતીવાડી શાખા, બાગાયત શાખા, આઈ.સી.ડી.એસ., આરોગ્ય વિભાગ, આત્માપ્રોજેકટ, ઈન્ડિયન પોસ્ટલ પેમેન્ટ બેંક, ખેડૂત ઉત્પાદન સંગઠન, બિયારણ કંપની તથા પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોના સ્ટોલના સ્ટોલની ગોઠવણી કરેલ હતી.કાર્યક્રમમાં સુત્રાપાડા તાલુકાનાવધુ ખેડૂત ભાઈ-બહેનો, કન્યા શાળાની વિદ્યાર્થીનીઓ, આંગણવાડી કાર્યકર બહેનોએ પોતાની હાજરી આપેલ હતી. કાર્યક્રમમાં આવેલ મહાનુભાવો ખેડૂત ભાઈ-બહેનો, વગેરે માટે મિલેટ પાકો આધારિત પારંપારિક વાનગીઓના ભોજનની વ્યવસ્થા કરવામાં આવેલ હતી. આમ, આંતરરાષ્ટ્રીય તૃણધાન્ય વર્ષ - ૨૦૨૩ ને એક જન આંદોલનના સ્વરૂપે લઈ સામાન્ય રીતે ગૌણ તરીકે જાણીતા ધાન્યને પોષક ધાન્ય તરીકે મુલવી જમીન, ખેતી, પર્યાવરણ, માનવ આરોગ્ય, વગેરેમાં એક સકારાત્મક પરિવર્તન આવે તેવા સહિયારા પ્રયત્નો થકી સફળ બનાવવા કાર્યક્રમનું આયોજન કરેલ હતુંઆ કાર્યક્રમમાં ધારાસભ્ય ભગવાનભાઈ બારડ, જિલ્લા ભાજપ પ્રમુખ મહેન્દ્રભાઈ પિઠીયા,જિલ્લા પંચાયતના પ્રમુખ મંજુલાબેન મુસાળ, જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ રાજવીર સિંહ ઝાલા, જિલ્લા બાંધકામ સમિતિના બાબુભાઈ પરમાર, જિલ્લા ન્યાય સમિતિ ના અરસિભાઈ ચાવડા, તાલુકા પંચાયતના પ્રમુખ ખીમાભાઈ વાજા સહિતના મહાનુભવો તથા ભાજપના કાર્યકર્તાઓ તથા બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

મહાનગર સેવા સદન, જૂનાગઢ
વોટર વર્કસ શાખા
જાહેર નિવીદા નં.૨૦/૨૦૨૩-૨૪

વો.વ.જા.નં.૮૨૧ તા.૦૩/૧૦/૨૩

કમિશ્નરશ્રી, જૂનાગઢ મહાનગર સેવાસદન, "સ્વામી વિવેકાનંદ ભવન", આઝાદ ચોક, જૂનાગઢ ફોન નં.(૦૨૮૫) ૨૬૫૩૩૮૬ વોટર વર્કસ શાખા દ્વારા સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની ગ્રાન્ટ અન્વયે જૂનાગઢ મહાનગરપાલિકા વોર્ડ નં.૯ માં (૧) ગણેશનગર (૨) વાલ્મીકીવાસ (૩) દુબડી પ્લોટ (૪) વાલ્મીકીવાસ તથા (૫) કડીયાવાડ, દલીત વિસ્તારમાં પાણીની વ્યવસ્થા અર્થે બોર કરી, કેસીંગ પાઇપ ફીટ કરી, સબમર્શીબલ પમ્પ સપ્લાય કરી બોરમાં ઉતારવા તથા પબ્લીક સ્ટેન્ડ પોસ્ટ કરી આપવાના કામ માટે આર.એન્ડ બી. અથવા જળ સંપતિ બોર્ડના સીમીલર વર્કના ટેન્ડર મુજબ લાયકાત ધરાવતા અનુભવી ઇજારદારશ્રીઓ પાસેથી ફકત ઓન લાઇન પર્સન્ટેજ રેટથી (સરકારશ્રીના પ્રવર્તમાન તમામ ટેકસ સાથે) ટેન્ડરો આવકારવામાં આવે છે.

ઓન લાઇન ટેન્ડર ભરવા તેમજ ભરેલ ટેન્ડરો ઓન લાઇન મુકવા સબંધીત વધુ વિગત website: https://junagadh.nprocure.com ઉપરથી કચેરીના કામકાજના દીવસો દરમ્યાન ૧૧-૦૦ થી ૧૮-૦૦ વાગ્યા સુધી જાણવા મળશે. ઓન લાઇન ભરેલ ટેન્ડર અંગેના દસ્તાવેજો કામનું નામ લખી ફકત રજી.એ.ડી./સ્પીડ પોસ્ટથી કમિશ્નરશ્રીની કચેરીએ નિયત સમય મર્યાદામાં મોકલવાના રહેશે અને પોસ્ટથી રવાના કરેલ દસ્તાવેજો જો મોડા મળશે તો તે અંગેની કોઇ જવાબદારી કચેરીની રહેશે નહી. ટેન્ડર ફી અંગેનો ડી.ડી. તથા બાનાની રકમ (ઇ.એમ.ડી.) નો એફ.ડી.આર. તથા ડી.ડી., ટેન્ડરમાં દર્શાવેલ અનુભવ તથા અન્ય આધારો અંગેના ડોકયુમેન્ટસ ઓન લાઇન ટેન્ડર ભરતી વખતે સોફટ કોપીમાં સબમીટ કરવાના રહેશે અન્યથા ટેન્ડર ઓન લાઇન ખોલવામાં આવશે નહી. ઓન લાઇન આવેલ ટેન્ડરો જો શકય હોય તો જ હાજર રહેલ ઇજારદારશ્રીની હાજરીમાં ખોલવામાં આવશે.

આ કામો અંગેની વિગતવાર ટેન્ડર નોટીસ કચેરીના નોટીસ બોર્ડ અને માહિતી વિભાગની વેબ સાઇટ www.statetenders.gujarat.gov.in પર જોવા મળશે.

Due Date:09/10/2023 Last Date - 18/10/2023

| | |
|---|---|
| કોરા ભાવ પત્રક ડાઉનલોડ કરવાની છેલ્લી તારીખ તથા સમય | તા.૧૮/૧૦/૨૦૨૩ ૧૮-૦૦ કલાક સુધી |
| ભરેલ ભાવ પત્રક ઓન લાઇન ભરવાની છેલ્લી તારીખ તથા સમય | તા.૧૮/૧૦/૨૦૨૩ ૧૮-૦૦ કલાક સુધી |
| ટેન્ડર ડોકયુમેન્ટ રજી. પોસ્ટથી સબમીટ કરવાની છેલ્લી તારીખ તથા સમય | તા.૨૩/૧૦/૨૦૨૩ ૧૭-૦૦ કલાક સુધી |
| ભરેલ ભાવ પત્રકો ઓન લાઇન ખોલવાની સંભવિત તારીખ તથા સમય | તા.૨૫/૧૦/૨૦૨૩ ૧૨-૦૦ કલાક |

(સહી: અવાચ્ય)
કમિશ્નર
મહાનગરપાલિકા, જૂનાગઢ

માહિતી/જૂના/૬૭૬/૨૦૨૩

# જૂનાગઢ એસપી હર્ષદ મહેતાના માર્ગદર્શન હેઠળ આંત્રોલીથી ચોરવાડની દરિયાઈ પટ્ટી ઉપર ડ્રગ્સ વિરોધી સર્ચ ઓપરેશન

## જૂનાગઢ શહેરમાં આવતા ડ્રગ્સને રોકવા કડક કાર્યવાહી : ઉચ્ચ પોલીસ અધિકારીઓ સહિત ૪૦૦ જવાનો દ્વારા તપાસનો ધમધમાટ





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૭

જૂનાગઢ શહેરમાં થોડા દિવસો પહેલા ઝાંઝરડા ચોકડી પાસેથી મેફેડ્રોન ડ્રગ્સ પકડાયું હતું અને જેમાં પકડાયેલા શખ્સો વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી અને આ કાર્યવાહી અંતર્ગત કેટલીક ચોંકવાનારી વિગતો બહાર આવી હતી અને એક તકે એવું પણ બહાર આવ્યું હતું કે જૂનાગઢ શહેરમાં સારા પરિવારના યુવાનો ડ્રગ્સની ચુંગાલમાં ફસાયેલા છે અને જે ચિંતાજનક બાબત બની રહી છે. દરમ્યાન જૂનાગઢ રેન્જના ડીઆઈજી નિલેશ જાંજડીયા તથા જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાની રાહબરી હેઠળ આજે આંત્રોલીથી ચોરવાડની દરિયાઈ પટ્ટી ઉપર સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. ૪૦૦ જેટલા જવાનો અને ઉચ્ચ અધિકારીઓ કાફલો આ કામગીરી કરી રહ્યા છે. આ અંગે વિશેષમાં પ્રાપ્ત થતી વિગત અનુસાર, આંત્રોલીથી ચોરવાડની ૪૦ કિમી લાંબી દરિયાઈ પટ્ટી ઉપર શંકાસ્પદ પ્રવૃત્તિ રોકવા આજે સવારથી પોલીસ વિભાગ દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાની જાત દેખરેખ હેઠળ ૧૦ પોઈન્ટ ઉપર પોલીસ અધિકારીઓ સહિત ૪૦૦ જવાનો સર્ચ કરશે. અગાઉ સોરઠના દરિયાઈ વિસ્તારમાંથી મોટા જથ્થામાં માદક દ્રવ્યોનો જથ્થો હાથ લાગ્યો હતો. અને કેટલીક શંકાસ્પદ પ્રવૃત્તિઓ પણ આવી હતી. આથી આવી બાબતનું પુનરાવર્તન થાય નહીં. તે માટે ડીઆઈજી નિલેશ જાજડીયાની સૂચનાથી એસપી હર્ષદ મહેતા દ્વારા આંત્રોલીથી ચોરવાડ સુધીના ૪૦ કિમીના દરિયાઈ વિસ્તારમાં પેટ્રોલિંગ સાથે સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવશે. પોલીસ સુત્રોમાંથી પ્રાપ્ત માહિતી મુજબ આ કાર્યવાહીનો પ્રારંભ સવારે ૭ના ટકોરે કરાયો છે. પોલીસ અધિકારીઓ સહિત ૩૦૦ થી ૪૦૦ જવાનો ૧૦ પોઈન્ટ ઉપર દરિયાઈ સીમા ફેંદી મારશે. એક ટીમ ૩ થી ૪ કિલોમીટરના દરિયાઈ વિસ્તારની ૧-૧ ઈંચ જમીન દરિયાઈ સીમા ચકાસશે. સવારે ૭થી બપોર સુધી પેટ્રોલિંગ અને સર્ચ ઓપરેશન કરીને ધોરણસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે. માંગરોળ ડિવિઝનના ડીવાયએસપી દિનેશ કોડીયાતરે જણાવ્યું હતું કે, આજે શનિવારની વહેલી સવારથી શરૂ થયેલ સર્ચ ઓપરેશન અને પેટ્રોલિંગમાં માંગરોળ ડિવિઝન હેઠળના સીપીઆઈ, પીઆઈ, પીએસઆઈ સહિતનો સમગ્ર સ્ટાફ ઉપરાંત એલસીબી, એસઓજી સહિતની એજન્સીઓના અધિકારીઓ અને જવાનો જોડાયા છે. જૂનાગઢ શહેરમાં ડ્રગ્સને રોકવા આંત્રોલીથી ચોરવાડની દરિયાઈ પટ્ટી ઉપર ચેકિંગ અભિયાન હાથ ધરાયું છે.

# ગિરનાર પર્વત ઉપર આવેલ ગુરૂદત્તાત્રેય શિખરે તોફાન મચાવનાર સામે ગુનો નહીં નોંધાતાં ભવનાથમાં સંતોની બેઠક



## સંતોની ઉપસ્થિતિમાં ભાવિ રણનીતિ ઘડી કાઢવામાં આવે તેવા નિર્દેશો

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૭

જૂનાગઢ નજીક આવેલા ગિરનાર પર્વત ઉપર આવેલા ગુરૂ દત્તાત્રેયના શિખરે દિગંબર જૈન સમાજનાં ૨૦૦ થી ૩૦૦ લોકોના ટોળાંએ મચાવેલી ધમાલને પગલે તેઓ સામે ગુરૂ દત્તાત્રેય ગિરનાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તેઓ સામે ગુનો નોંધવાની અરજી પણ અપાઈ હતી. આમ છત્તાં પોલીસે ગુનો ન નોંધતાં સંતો દ્વારા આગામી પગલાં લેવામાં આવનાર છે. આ માટે ભવનાથમાં એક બેઠક આજે યોજાઈ રહી છે. જેમાં આગળની રૂપરેખા વિશેની વીગતો આપવામાં આવશે. ગિરનાર પર્વત ઉપર આવેલા ગુરૂ દત્તાત્રેય શિખર ઉપર ગત તા. ૧ ઓક્ટો. ૨૦૨૩ ના રોજ રવિવારે દિગંબર જૈન સમાજનાં ૨૦૦ થી ૩૦૦ ના ટોળાંએ શિખર મંદિરે ખુરશીઓ અને બીજી વસ્તુઓથી ગુરૂ દત્તાત્રેયની પ્રતિમા અને ચરણ પાદુકાને નુકસાન પહોંચાડવા પ્રયાસ કર્યા આ મામલે ભવનાથ પોલીસમાં અરજી કરાઈ છે. પણ બાદમાં પોલીસ દ્વારા આવારા તત્વોની ધરપકડ ન કરાતાં અને ગુનો ન નોંધાતાં મહંત મહેશગીરીજીએ ગિરનાર તેમજ ભવનાથનાં મુખ્ય સંતો અને દત્ત ઉપાસકો દ્વારા ભારતનાં સનાતન હિન્દુ ધર્મનાં પ્રમુખ સંતો સાથે પરામર્શ કર્યો હતો. અને આગળની રૂપરેખા નક્કી કરવા માટે આજે તા.૭ ઓક્ટો. ૨૦૨૩ ના રોજ સાંજે ૫ વાગ્યે મહંત મહેશગીરીજી ભવનાથમાં ગિરનારી અન્નક્ષેત્ર ખાતેથી એક નિવેદન જારી કરનાર છે. આ માટે સંતોની બેઠક પણ યોજાનાર છે તેમ એક યાદીમાં જણાવેલ છે.

# જૂનાગઢ શહેર ટ્રાફીક બ્રાંચનાં કર્મયોગી એએસઆઈ હવાબેન હાલાણીની ઉત્કૃષ્ટ કામગીરીની સર્વત્ર પ્રશંસા





જૂનાગઢ તા. ૭

જૂનાગઢ શહેર ટ્રાફીક પોલીસમાં મહિલા એએસઆઈ તરીકે ફરજ બજાવનારા હવાબેન હાલાણીની નેકપરસ્તી, ઈમાનદારી અને ફરજ નિષ્ઠાને કારણે તેમની કામગીરીની સરાહના કરવામાં આવી રહી છે. ટ્રાફીકનાં નિયમોનું ઉલ્લંઘન કરનારાઓ સામે કાયદાકીય રીતે કાર્યવાહી કરવી તેમજ જરૂર પડયે સમજાવટનાં સૂરે પણ કાયદાનું પાલન કરાવનારા હવાબેન હાલાણી જૂનાગઢ શહેર ટ્રાફીક શાખામાં એએસઆઈ તરીકે માનભર્યુ સ્થાન મેળવી ચુકયા છે.

જૂનાગઢ રેન્જનાં ડીઆઈજી નિલેશ જાંજડીયા, જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા તથા ડીવાયએસપી હિતેશ ધાધલીયાનાં માર્ગદર્શન હેઠળ જૂનાગઢ શહેર અને જીલ્લા પોલીસ તંત્ર દ્વારા પ્રજાલક્ષી અભિગમ સાથે વિવિધ કામગીરી બજાવવામાં આવી રહી છે. આ સાથે જ જૂનાગઢ શહેરની માથાનાં દુ:ખાવારૂપ ટ્રાફીક સમસ્યા હળવી બને અને ટ્રાફીકનાં નિયમોનો ભંગ કરનારા સામે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. અને તેના માટે જૂનાગઢ ટ્રાફીક શાખાનાં પીએસઆઈ પી.જે. બોદર અને તેમની સમગ્ર ટીમ તેમજ ટ્રાફીક બ્રીગેડનાં જવાનો સતત કામગીરી બજાવી રહેલ છે. આગામી તહેવારોનાં દિવસોમાં પણ ટ્રાફીક નિયમોનું પાલન થાય અને કોઈજાતની અવ્યવસ્થા ન સર્જાય તે માટે વિવિધ પોઈન્ટ ઉપર ટ્રાફીક પોલીસ અને બ્રીગેડનાં જવાન ફરજ બજાવી રહયા છે.


ટ્રાફીકનાં નિયમન અંગેની જયારે વાત આવે છે ત્યારે લોકોની સમક્ષ એક મહિલા એએસઆઈ દ્રશ્યમાન થાય છે. જૂનાગઢ શહેરનાં વિવિધ વિસ્તારો, મુખ્ય મુખ્ય બજારો કે ભીડભાડવાળા માર્ગો ઉપર જયારે પણ વધારે ટ્રાફીકની સમસ્યા ઉદભવે ત્યારે આ મહિલા એએસઆઈને જે તે વિસ્તારનાં પોઈન્ટ ઉપર તૈનાત કરવામાં આવે છે. અને શિયાળો હોય કે ઉનાળો હોય કે ચોમાસુ હોય આ મહિલા એએસઆઈ કે જેમનું નામ છે હવાબેન તારમહમદ હાલાણી. તેઓ દિવસ રાત જોયા વગર પોતાની ફરજ ખુબ જ નિષ્ઠાપૂર્વક બજાવી રહયા છે. એટલું જ નહીં કયારેક ટ્રાફીકનાં નિયમોનું ભંગ કરનારાઓ સામે દંડાત્મક કાર્યવાહી, કયારેક શિક્ષાત્મક કાર્યવાહી અનો જો નાના સગીરવયનાં તરૂણ તરૂણીઓ હોય તો તેમને સમજાવટથી તેમજ જરૂર પડયે તેમનાં વાલીઓ સાથે પણ પરામર્શ કરી અને પોતાનાં સંતાનોને ટ્રાફીક નિયમનું પુરેપુરૂ પાલન કરે તે માટે માર્ગ બતાવવામાં આવે છે. વિવિધ વિસ્તારોમાં જે તે પોઈન્ટ ઉપર ફરજ બજાવતા હવાબેન નામક મહિલા એએસઆઈ ટાઢ, તડકો કે ચોમાસામાં વરસતા વરસાદ વચ્ચે પણ તેઓ અને તેમની ટીમ દ્વારા પુરેપુરી ફરજ બજાવે છે. હવાબેન હાલાણી હાલ ટ્રાફીક પોલીસમાં એએસઆઈ તરીકે મહત્વપૂર્ણ ફરજ બજાવી રહયા છે. તેઓએ ટીવાયબીએ સુધીનો અભ્યાસ કરેલ છે. અને ૧૯૯૮માં મહિલા પોલીસ કોન્સ્ટેબલ તરીકે પોલીસ વિભાગની નોકરી જોઈન્ટ કરી હતી. પોલીસ તંત્રમાં દાખલ થયા બાદ એ ડીવીઝન, મહિલા પોલીસ, તાલુકા પોલીસ, ટ્રાફીક પોલીસ, ભવનાથ પોલીસ, સી ડીવીઝન પોલીસ, વંથલી પોલીસ અને હાલ ટ્રાફીક પોલીસમાં ફરજ બજાવી રહયા છે. ૧૯૯૮માં મહિલા પોલીસ કોન્સ્ટેબલ તરીકે ભરતી થયેલા હવાબેન હાલાણીને ૨૦૧૭માં એએસઆઈ તરીકે પ્રમોશન મળ્યું છે. પોલીસ વિભાગમાં જોડાય અને છેલ્લા ૨૬ વર્ષ થયા એકધારી ફરજ બજાવી રહયા છે. જે કામગીરી સોંપી હોય તે નિષ્ઠાપૂર્વક બજાવવામાં તેઓ માહિર છે. એટલું જ નહીં ગમે તેવી પરિસ્થિતિમાં કાયમને માટે હસ્તામુખે પોતાનાં ફરજ ઉપર તૈનાત રહી અને ટ્રાફીકનાં નિયમોનું વાહન ચાલકો પાસે પાલન કરાવી રહયા છે. તેમની ઉમદા ફરજ અને કામગીરીને કારણે પોલીસ વિભાગનાં ઉચ્ચ અધિકારીઓ પણ તેમની કામગીરીથી સંતુષ્ટ છે. અને આજ દિવસ સુધી તેમની સામે કોઈપણ ફરીયાદ આવી નથી. ટ્રાફીક પોલીસનાં મહિલા એએસઆઈ હવાબેન હાલાણીની કામગીરીની સર્વત્ર ભારે સરાહના થઈ રહી છે.

# જૂનાગઢ સહિત રાજયમાં ચોમાસુ સત્તાવાર રીતે આજથી સમાપ્ત થયું

જૂનાગઢ તા. ૭

જૂનાગઢ સહિત રાજયભરમાં આજથી ચોમાસુ સત્તાવાર રીતે સમાપ્ત થઈ રહયું હોવાનાં નિર્દેશો મળે છે. આવતા સાત દિવસની આગાહીમાં ગુજરાત માટે કોઈ આગાહી નથી અને હવામાન સુક્ષક રહેશે. ૨૦૨૩નું નૈઋત્યનું ચોમાસુ ગુજરાતમાંથી પાછુ ખેંચાઈ ગયું છે. જેને લઈને રાજયમાં ચોમાસુ સત્તાવાર રીતે આજથી સમાપ્ત થઈ ગયું છે તેમ માની શકાય. આ વર્ષે તા. ૨૫ જુને ગુજરાતમાં ચોમાસાનો પ્રવેશ થયો હતો અને સમગ્ર ગુજરાત રાજયમાં ૧૦૦ ટકાથી વધુ વરસાદ નોંધાયો છે. હવામાન વિભાગનાં જણાવ્યા અનુસાર આગમી સાત દિવસ માટે વરસાદની કોઈ આગાહી નથી. આ ઉપરાંત ગુજરાતનાં તમામ જીલ્લાઓ સૌરાષ્ટ્ર-કચ્છ અને દિવ-દમણ, દાદરા નગર હવેલીમાં આ દિવસમાં સુક્ષક હવામાન રહેવાની સંભાવના છે. હાલ ચોમાસુ સંપન્ન થઈ રહયું છે ત્યારે ખેલૈયાઓ નવરાત્રી મહોત્સવની ઉમંગભેર ઉજવણી કરી શકશે.

# કેશોદનાં મંગલપુર ગામેથી ફરાર આરોપી ઝડપાયો



જૂનાગઢ તા. ૭

પેરોલ ફર્લો સ્કવોડની ટીમ દ્વારા જૂનાગઢ જીલ્લા જેલમાં સજા ભોગવી રહેલ આરોપી સંજય ઉર્ફે સાંગો વલ્લભભાઈ પરમાર રહે. નાની ખોડીયારવાળો ૮ માસથી જામીન મેળવી નાસતો ફરતો હોય માહિતીનાં આધારે કેશોદના મંગલપુર ગામેથી તેને ઝડપી લઈ જૂનાગઢ જીલ્લા જેલ હવાલે કરેલ છે.


ૐ નેચર કયોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુ:ખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુ:ખાવા
- કટિબસ્તિ : કમરમાં દુ:ખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે
ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨



ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
બીના ઈલેકટ્રોનિકસ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.



